
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

જૂન, ૨૦૨૫

વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની

## ૭૫ વર્ષની પ્રમુખ અમૃત યાત્રા









સુરત ખાતે નિર્માણાધીન અક્ષરધામ પરિસરમાં રચાયેલા પ્રાર્થના મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે યોજાયેલી શોભાયાત્રા... (તા. ૨૮-૪-૨૦૨૫)
વિશાળ સભાગૃહમાં સ્વામીશ્રી સમક્ષ સુરતના બી.એ.પી.એસ. વિદ્યામંદિરના તાલીમબદ્ધ બાળકો-કિશોરો દ્વારા ભક્તિસંગીતની પ્રસ્તુતિ.



# જેમણે પ્રમુખ નામને સાર્થક કરી એક અમર ઇતિહાસ રચ્યો...

## ક્રમિકા


૩. સંપાદકીય

૪. ૭૫ વર્ષની અવિરત અમૃત પ્રમુખ યાત્રા જ્યાં ઇતિહાસ થંભી ગયો છે...
- પ્રચંડ પુરુષાર્થ ૮
- આત્મીયતા ૧૦
- અસીમ વિકાસ ૧૨
- સૌના વંદનીય ૧૪

- સાધુ અક્ષરવત્સલદાસ

૧૬. પિયુની પછેડી - સાધુ વિવેકસાગરદાસ

૨૪. ઇતિહાસની ચિરંતન પળો

૨૮. પ્રમુખપદની અજોડ પ્રતિજ્ઞા

૩૦. હેતલ વર્ષાના અમર દસ્તાવેજો

૩૪. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૪૦. નૂતન મંદિરોના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૪૬. મલાવી દેશના મઝુઝુ શહેરમાં નૂતન મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૭. અબુધાબી મંદિરમાં દર્શને પધાર્યા પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

૪૮. સત્સંગ શિક્ષણ પરીક્ષા - માર્ચ-૨૦૨૫ પરદેશ અને દેશના કેન્દ્રોનું પરિણામ

૫૦. અક્ષરવાસ


સનાતન વૈદિક ધર્મના આધારસ્તંભ તરીકે ઇતિહાસે સમયે સમયે ત્રણ બાબતોની દુહાઈ દીધી છેઃ શાસ્ત્ર, મંદિર, સંત. ભારત અને સનાતન હિન્દુ ધર્મ આજે જે કાંઈ છે તેના મૂળમાં આ ત્રણ એવી બાબતો છે જેને ક્યારેય વીસરી શકાશે નહીં. તેમાંય સંત એટલે કે સાચા ગુરુની ભૂમિકા સૌથી અધિક અને નિરાળી રહી છે. ઉપનિષદકાલીન ગુરુઓથી લઈને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ સુધીના મહાન આધ્યાત્મિક ગુરુઓની એક અવિરત શૃંખલા ભારતે વિશ્વને આપી છે. આ શૃંખલામાં, ભગવાન શ્રી સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાનો એક આગવો અધ્યાય રહ્યો છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ પર્યંતના મહાન ગુરુઓની ગાથાઓ આજે મહંત સ્વામી મહારાજમાં જાણે પ્રત્યક્ષ નીરખવા મળે છે! બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દીક્ષિત નામ તો શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી હતું. પરંતુ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે તેઓને બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખપદે નિયુક્ત કર્યા ત્યારથી પ્રમુખસ્વામી મહારાજના વહાલસોયા નામથી તેઓ કરોડો લોકોનાં હૃદયમાં બિરાજમાન થઈ ગયા. આ નામ માત્ર એક સંસ્થાના અધ્યક્ષનું જ ન રહ્યું, પરંતુ એક મહાન આધ્યાત્મિક પરંપરાના અમર અને અજોડ વાહકનું બની રહ્યું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા વૈદિક સિદ્ધાંતો અને સનાતન ધર્મની પરંપરાને જગતભરમાં વિસ્તારીને ‘પ્રમુખ’ નામ સાર્થક કર્યું છે. વર્તમાન સમયે એ જ પદે બિરાજતા મહંત સ્વામી મહારાજ પણ એ પરંપરાને વધુ સાર્થક કરી રહ્યા છે. પ્રમુખસ્વામી મહારાજના પ્રમુખવરણીનાં ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે, ‘પ્રકાશ’નો આ અંક તેની કેટલીક સ્મૃતિઓ લઈને આપની સમક્ષ આવે છે.


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષઃ ૮૭, અંકઃ ૬, જૂન, ૨૦૨૫**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષકઃ** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ) : $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



# જ્યાં ઇતિહાસ થંભી ગયો છે...




■ સાધુ અક્ષરવત્સલદાસ

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલા વૈદિક સિદ્ધાંતના પ્રવર્તન માટે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પાયા નાંખ્યા ત્યારે, કોઈને કલ્પના નહોતી કે નાના એવા ખોરડામાંથી શરૂ થયેલી આ સંસ્થા વિશ્વના ફલક પર પથરાઈ જશે.

તેમાંય, સન ૧૯૫૦ની ૨૧મી મેના રોજ અમદાવાદની મહાપ્રાસાદિક આંબલીવાળી પોળમાં બે ઓરડાના નાના એવા હરિમંદિરમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાના સુકાની તરીકે ૨૮ વર્ષના સંત નારાયણસ્વરૂપદાસજીની નિયુક્તિ કરી ત્યારે, સંસ્થાના પીઢ સંત નિર્ગુણદાસ સ્વામી બોલી ઊઠ્યા હતાઃ શાસ્ત્રીજી મહારાજે આ કાર્ય કરીને સંસ્થાના પાયા પાતાળે નાંખ્યા છે. આજે ૭૫ વર્ષ પછી પણ એ ઐતિહાસિક અવસરને એવો ને એવો તાજો રાખીને સંગ્રહીને બેઠી છે - આંબલીવાળી પોળ.

સામેના પૃષ્ઠનું દૃશ્ય પ્રમુખસ્વામી મહારાજની એ આંબલીવાળી પોળમાં પધરામણીનું એક સ્મરણ કરાવે છે. આ જ પોળમાં દીક્ષા પામીને, ભિક્ષા માંગીને, સંસ્કૃતનો અભ્યાસ કરીને, અહીંથી જ સંસ્થાનું સુકાની પદ મેળવીને, પ્રચંડ સેવા-પુરુષાર્થ કરીને વિશ્વવંદનીય સંત વિભૂતિ તરીકે વિખ્યાત થયેલા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અહીં પધાર્યા ત્યારે જાણે આખી આંબલીવાળી પોળની રજેરજ

ઉત્સવ મનાવી રહી હતી. યોગાનુયોગ એ દિવસ પણ હતો - તિથિ મુજબ પ્રમુખવરણીનો દિવસ. તા. ૫ જૂન, ૨૦૦૦. પ્રમુખસ્વામી મહારાજને પ્રમુખ નામ મેળવ્યાને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હતાં ત્યારે, એ મહાપ્રાસાદિક સ્થાનમાં ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજને વંદના-પ્રાર્થના કરીને બહાર પોળમાં હકડેઠઠ ભક્તમેદનીને આશીર્વાદ આપતાં તેઓ સહજભાવે બોલી ઊઠ્યા હતા: 'અહીં શાસ્ત્રીજી મહારાજે ચાદર (પ્રમુખપદની ચાદર) ઓઢાડી હતી. માટે અહીં જે કોઈ ચાદર ઓઢાડશે તેમના શુભ સંકલ્પો મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ પૂરા કરશે.'



આજે હજારો હરિભક્તો નિયમિત આંબલીવાળી પોળના એ તીર્થની દર્શનયાત્રા કરે છે, ગુરુહરિને ભાવથી ચાદર ઓઢાડે છે અને પોતાના શુભ સંકલ્પો પૂર્ણ થયાનો અનુભવ કરે છે, શાંતિ-સુખ-આનંદનો અનુભવ કરે છે.

તાજેતરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ આંબલીવાળી પોળ નવા શણગાર સજીને સજ્જ થઈ છે. આમ છતાં, એના ઈતિહાસની જૂની યાદો એવી ને એવી તાજી બનીને અહીં નીરખવા મળે છે.

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક આંબલીવાળી પોળની એ અનેક યાદગાર સ્મૃતિઓ પૈકી એક મુખ્ય સ્મૃતિને વાગોળે છે. એ છે - પ્રમુખવરણીનો અવસર.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજને ગુરુ શાસ્ત્રીજી મહારાજે પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા તે ઐતિહાસિક અવસરને તિથિ મુજબ આ જેઠ સુદ ચોથ, તા. ૩૦ મે, ૨૦૨૫ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ થશે. એટલે કે પ્રમુખવરણીની અમૃત જયંતીનો આ અવસર છે. પ્રમુખસ્વામી મહારાજનું એ પ્રમુખપદ એ કોઈ વહીવટી સત્તા કે અધિકારનું પદ નહોતું, પરંતુ એ ગુણાતીત સંતત્વ કે બ્રાહ્મી સ્થિતિનું પરિચાયક બની રહ્યું છે. એ તો લાખો લોકોના યોગ અને ક્ષેમના વહનની વિરાટ જવાબદારી હતી. એટલે જ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે ઓઢેલી એ બ્રાહ્મી સ્થિતિની નિર્ગુણરંગી ચાદરમાં અંકિત થઈ છે એમની શાશ્વત પ્રતિજ્ઞાઓ. તા. ૨૧-૫-૧૯૫૦ના રોજ બનેલો એ અવસર અને એ દિવસે કરેલા પ્રતિજ્ઞાયુક્ત સંબોધનનો તત્કાલીન અહેવાલ આ અંકમાં પુનઃ પ્રકાશિત થયો છે. આજેય તાજો અનુભવાતો એ અહેવાલ કોઈ એક ઘટના કે કોઈ એક વિસરાઈ ગયેલો ઈતિહાસ નથી. પરંતુ એક શાશ્વત અને અમર અવસર છે. કારણ કે પ્રમુખપદ ગ્રહણ કરતી વેળાએ એમણે લીધેલી પ્રતિજ્ઞાઓને તેમના જીવન દરમ્યાન ક્ષણે ક્ષણે સાકાર થયેલી લાખો લોકોએ અનુભવી છે. પોતાના ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ સમક્ષ એમણે ઉચ્ચારેલી પ્રતિજ્ઞાઓ, આજે ૭૫ વર્ષ પછી પણ, પ્રમુખસ્વામી મહારાજનું ખોળિયું બદલાયું હોવા છતાં, જાણે એવી જ તાજગી અને પ્રવાહિતાથી વહી રહી છે.

પ્રમુખસ્વામી મહારાજે પોતાના ગુરુહરિ સમક્ષ જાહેરમાં કરેલી એ પ્રતિજ્ઞામાં ચાર મુખ્ય બાબત અનુભવાય છે:

૧. દેહની પરવા કર્યા સિવાય છેલ્લા શ્વાસ સુધી નિઃસ્વાર્થ સેવાનો ઉમંગ. એટલે કે એમનો પ્રચંડ પુરુષાર્થ.

૨. સમગ્ર સત્સંગ સમુદાય અને માનવમાત્ર પ્રત્યેની અજોડ આત્મીયતા.

૩. ભગવાન સ્વામિનારાયણે આપેલા વૈદિક સિદ્ધાંતો પ્રત્યેની વફાદારી સાથે, સનાતન મૂલ્યોના પ્રવર્તન માટે એમણે ખીલવેલો બી.એ.પી.એસ. સંસ્થાનો વૈશ્વિક ઉદ્યાન, જ્યાં લાખો લોકોના જીવનઘડતરનો અવિરત યજ્ઞ ચાલે છે.

૪. સંપ-સાધુતાથી સંસ્થાના વિકાસ માટેની પ્રતિજ્ઞા.

અનેક વિકટ સંજોગો, અસંખ્ય તકલીફો, અવિરત પ્રશ્નોની પરંપરાઓ કે ઉંમરની સાથે બદલાતી શારીરિક પરિસ્થિતિને ગણકાર્યા સિવાય સતત ઝઝૂમતા રહીને ગામડે-ગામડે, ઝૂંપડે-ઝૂંપડે ઘૂમીને એમણે અસંખ્ય લોકોને ૯૫ વર્ષ સુધી નિર્વ્યાજ પ્રેમમાં ભીના ભીના કર્યા છે. પ્રચંડ પુરુષાર્થ કરી વિશ્વના અનેક દેશોમાં બી.એ.પી.એસ. સંસ્થાને જ નહીં, સનાતન ધર્મની મહાન પરંપરાને વિસ્તારી વિરાટ સ્વરૂપ આપ્યું છે. સ્વામિનારાયણ પ્રકાશના આ અંકમાં તેની એક અતિ અલ્પ ઝાંખી છે. આગામી સમયમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં સ્વામીશ્રીનો એ પ્રમુખવરણીનો અમૃત મહોત્સવ ઉજવાશે ત્યારે તેનો વિશેષ સ્મરણોત્સવ કરીશું.

કેવી હતી એ અનુભૂતિ? હવે પછીનાં પૃષ્ઠોમાં એની સ્મૃતિઓ પ્રસ્તુત છે:

(અનુસંધાન પૃષ્ઠ ૧૫ ઉપરથી)
ભારતીય સંસ્કૃતિની ગંગાને પ્રવાહિત કરનારા તેઓ અભિનવ ભગીરથ છે.'

**- પૂજ્ય સ્વામી વિશ્વેશતીર્થજી મહારાજ**

મધ્વાચાર્ય, પેજાવર મઠ

•

ઓહ! કેવા વિનમ્ર પુરુષ! આપણા દેશના કેટલાક અતિ વિરલ આત્માઓમાંના એક પ્રમુખસ્વામી મહારાજ છે. મારી જિંદગીમાં મને મળેલા સૌથી વધુ પ્રભાવશાળી પુરુષોમાંના તેઓ એક છે. તેઓ ખૂબ જ શાંત છતાં અસંખ્ય વ્યક્તિઓને સક્રિય બનાવે છે.'

**- પૂજ્ય સ્વામી આત્માનંદજી**

અધ્યક્ષ, રામકૃષ્ણ મિશન, રાયપુર

•

પહેલી વાર પ્રમુખસ્વામી મને માયામીમાં મળ્યા ત્યારે એમની આંખોમાં મેં જોયું કે એ બીજાને ઝાંખા પાડીને આગળ નથી આવ્યા. બીજાને આગળ કરીને આગળ આવ્યા છે. પોતાની માન્યતા સિદ્ધ કરવા લોકોએ બીજાનું અને તેમની માન્યતાનું ખંડન કરવું પડતું હોય છે, પરંતુ સ્વામીશ્રી એક એવી વ્યક્તિ મેં જોઈ છે કે જેઓ આનાથી પર છે. હું માનું છું કે આજે એકતાની આવી વિશાળ ભાવના હોવી એ વિશ્વનો મોટો પડકાર છે.

**- શ્રી બિલ ક્લિન્ટન**

પૂર્વ રાષ્ટ્રપ્રમુખ, યુ.એસ.એ.

•

પ્રમુખસ્વામી મહારાજના જીવન અને બોધમાં મને ભક્તિપૂર્ણ સૌંદર્ય નીરખવા મળ્યું છે. ભારત અને વિશ્વભરમાં સુસંગતતા પ્રસરાવવા માટેના તેમના અવિરત કાર્યમાં મને તે સૌંદર્ય દેખાય છે. સૌને આવકારીને, બદલો લેવાની ભાવનાનો ઇન્કાર કર્યો છે તે જ તેમનું આત્મિક સૌંદર્ય છે. આ જ સૌંદર્યના અંગરૂપે પ્રમુખસ્વામી મહારાજના સંદેશામાં ફરી વાર વ્યક્ત થયું છે, બીજાના ભલામાં આપણું ભલું છે અને બીજાની શાંતિમાં આપણી શાંતિ છે.

**- ડૉ. રોવન વિલિયમ્સ**

આર્કબિશપ ઓફ કેન્ટરબરી, ઇંગ્લેન્ડ

•

પ્રમુખસ્વામી મહારાજ બોલે છે ત્યારે તેઓ નથી બોલતા, પરંતુ ભગવાન બોલે છે. શાસ્ત્રો પ્રમાણે કહીએ તો તેમનું પૂજન તે ભગવાનનું પૂજન છે. પ્રમુખસ્વામી મહારાજ એક ખરેખર આધ્યત્મિક મહારાજા છે, જેમના લીધે હિન્દુ ધર્મનું ગૌરવ વધ્યું છે.

**- સદ્‌ગુરુ સ્વામી શિવાય સુબ્રહ્મણ્યમ્**

હિમાલય એકડમી, હવાઈ ટાપુ, અમેરિકા

•

મને સૌથી વધુ સ્પર્શે છે - પ્રમુખસ્વામીજીના આત્માની પવિત્રતા-નિર્મળતા. એક આંતરરાષ્ટ્રીય જર્નાલિસ્ટ તરીકે મેં કેટલાય મહાનુભાવો-લોકોના ઇન્ટરવ્યૂ લીધા છે, પણ પ્રમુખસ્વામીજીમાં મને જે જોવા મળ્યું છે તે બીજે ક્યાંય નથી મળ્યું. એ છે એમની નિર્મળતા. એમના ઉત્તરોમાં ક્યાંય મલિનતા નથી. નરી પવિત્રતા. ક્યાંય પ્રસિદ્ધિ કે સ્વાર્થ વૃત્તિનો ભાવ નહીં !

**- શ્રી રોનાલ્ડ પટેલ**

ફિલાડેલ્ફિયા ઇન્ક્વાયરરના તંત્રી, USA

•

વિશ્વની માનવજાતને પ્રમુખસ્વામી મહારાજે કેટલું બધું આપ્યું છે! ખરેખર તે અવર્ણનીય છે. એમનાં દર્શનથી, એમના વાર્તાલાપમાં, એમના આશીર્વાદમાં મેં જે મેળવ્યું છે એ શબ્દાતીત છે. આવા સંતશિરોમણિ અને ઋષિતુલ્ય સંતને પામવા એ અવતાર-વાદની સાર્થકતા છે. ગીતામાં કહ્યું છે : 'સંભવામિ યુગે યુગે...' પ્રત્યેક યુગમાં હું અવતરિત થાઉં છું. આ ચૈતન્ય અને ભારતવર્ષની સનાતન સાતત્યતા ચૈતન્યના રૂપમાં સ્વામીબાપાના દેહમાં થઈ છે. ગંગાજળ સમાન એમનો સ્વભાવ. હું એમને જ્યારે પણ જોઉં છું, ત્યારે એવું લાગે છે કે જાણે હું ગંગાસ્નાન કરી રહ્યો હોઉં એવી વિશુદ્ધ-શુદ્ધ-પ્રબુદ્ધ એમની દેણ છે !

**- શ્રી એલ. એમ. સિંઘવી**

ઇંગ્લેન્ડના પૂર્વ ભારતીય રાજદૂત

•

બોચાસણ સંસ્થાના પ્રમુખ હોવા છતાં સારંગપુરમાં પ્રમુખસ્વામીને ગાર, માટી, છાણ લીંપતા મેં જોયા છે. 'હું સંસ્થાનો પ્રમુખ છું અને એવું કામ હું કેમ કરી શકું ?' એવું તેમના મનને છેક ખૂણે પણ, અંતરના ખૂણામાં પણ ક્યાંય નથી. એમનામાં અહંકારનો લેશ નથી. બધાના જીવમાં ભગવાનને જોતા એવા સ્વામીજી એક વિભૂતિ છે.

**- જસ્ટિસ બી. જે. દીવાન**

મુખ્ય ન્યાયમૂર્તિ, ગુજરાત હાઈકોર્ટ

•

પ્રમુખસ્વામી આ દેશના મહાન આધ્યાત્મિક નેતા છે. હું એમને ઘણી વાર મળ્યો છું અને દરેક વખતે મને વિશેષ શાંતિનો અનુભવ થયો છે. કેટલાક લોકો એવા હોય છે, જેમની સાથે સમય ગાળવાથી, જીવન ઉમદા બને છે. હૃદયમાં અગાધ શાંતિ થાય છે. સ્વામીશ્રીની હાજરી જ જબરજસ્ત પ્રભાવ પાડે છે. આશ્ચર્યની વાત છે કે આવું ગજબનું કાર્ય કરાવી શકે છે, આટલા બધા અનુયાયીઓ પાસે!

**- ડૉ. આર. ચિદમ્બરમ્**

એટમિક એનર્જી કમિશનના અધ્યક્ષ

◆



# પ્રચંડ પુરુષાર્થ

ધૂપસળીની જેમ પોતાનું સર્વસ્વ કુરબાન કરીને પ્રમુખસ્વામી મહારાજે અસંખ્ય લોકોને જીવનની સુવાસ અર્પી છે. દેહની પરવા કર્યા સિવાય, જનસમાજમાં ઉન્નત મૂલ્યોના પ્રસારણ માટે, ખભે ઝોળી લઈને, ગામડાંઓની ધૂળ ખૂંદતાં પ્રમુખસ્વામી મહારાજ, સાત સાત દાયકાઓ સુધી અહોરાત્ર વિચરતા રહ્યા છે. ભલભલો લોખંડી પુરુષ પણ કાયર થઈ જાય એવા સંજોગોમાંય ગંગાના પ્રવાહની જેમ સહજતાથી વહેતા રહ્યા છે.

સિત્તેર હજારથીય વધુ ગામડાંઓમાં, અઢી લાખથી વધુ ઘરો ઘૂમીને એક નવતર ક્રાંતિ કરનાર સ્વામીશ્રીએ લોકકલ્યાણ માટે કેવા વિપરીત સંજોગો અને કેવી વિકટતાઓ વચ્ચે સહજતાથી પરિભ્રમણ કર્યું છે! કોઈક આદિવાસીનું બળદ ગાડું કે ટ્રકગાડી, ટ્રેક્ટરો ને ભાંગલી તૂટલી ઘોડાગાડી. તો ક્યારેક રીક્ષાઓ અને રેલવેની ઠેલણગાડી! ક્યારેક ટ્રેઈનમાં ઊભાં ઊભાં કે ક્યારેક ફૂટસ્ટેપ પર લટકતાં લટકતાં પણ એમણે મુસાફરીઓ કરી છે!


ગામોગામ ઘરોઘર ઘૂમતાં સ્વામીશ્રીએ ક્યારેય ઋતુઓના પ્રકોપને પણ ગણકાર્યો નથી. શિયાળાની કાતિલ ઠંડીમાં, હાડ ગાળી નાંખે એવા પવનના સુસવાટાઓ ઝીલતાં, તેઓ ખુલ્લી જીપમાં સાબરકાંઠામાં વિચર્યા છે! અસહ્ય કાળઝાળ ગરમીમાં, ધૂળની ડમરીઓ વચ્ચે, તળાવોનાં ડહોળાં પાણી પીતાં પીતાં, તેઓ ભાલ વિસ્તારનાં ગામડાંઓમાં વર્ષો સુધી મહિનો મહિનો વિચર્યા છે! વરસતા વરસાદની ઝડીઓમાંય, આદિવાસીઓના કૂબાઓ સુધી, ગારો ખૂંદતાં જતાં સ્વામીશ્રીની ગતિ મંદ પડી નથી!

હા, જ્યાં રસ્તાઓ પણ નથી પહોંચ્યા ત્યાં તેઓ પહોંચ્યા છે - લોકોની ભીડ ભાંગવા. ગુજરાત તેમજ દેશનાં અંતરિયાળ ગામો કે સેલવાસ, પંચમહાલ અને ડાંગનાં આદિવાસીઓનાં ઝૂંપડાંઓ આ વાતની સાખ પૂરતાં ઊભાં છે. શરીરની સગવડો એમણે ક્યારેય માંગી તો નથી જ, પરંતુ ઝંખીયે નથી! એમના કઠોર પરિશ્રમ ભરેલા વિચરણનાં કેટકેટલાં એવાં દૃશ્યો નજરે તરે છેઃ નિર્જલ ઉપવાસના દિવસે, ૧૦૨ ડિગ્રી તાવને ન ગણકારીને તેઓ વાસદનાં ૧૨૨ ઘરોમાં પધારેલા. ૨૦ દિવસમાં સુરત જિલ્લાનાં ૯૦ ગામો અને કાનમનાં ૯૫ ગામોમાં પધારેલા.









બદલપુર અને બામણગામનાં કોતરોમાં પગને ખોટા કરી કરીને ઘૂમી વળેલા. ઉનાળાના ભરતાપમાં સૌના ભાવને સમજીને દિવસમાં સરેરાશ ૨-૩ વખત નગરયાત્રામાં બિરાજતા; થાકીને લોથપોથ થયા હોવા છતાં વડોદરામાં રાહ જોતા ભક્તોનાં ઘરે રાત્રે ૧-૩૦ વાગ્યે પણ ઉત્સાહથી તેઓ પધાર્યા છે. આણંદમાં એક હરિભક્તને ત્યાં ભર બપોરે ૨-૩૦ વાગ્યે અડધા ભોજને ઊભા થઈને જતાં જોયા છે. ચરોતરના એક ગામના કાંટાળા છીંડામાંથી પસાર થઈને પણ એક દેવીપૂજકના કૂબાને પાવન કરીને પણ તેને રાજી કર્યો હતો. આવા વિરલ પરિવ્રાજક સ્વામીશ્રીને હજારો ગામો અને લાખો ઘરો હજી આજે પણ યાદ કરી રહ્યાં છે.

દેશ હોય કે પરદેશ, અનુસૂચિત જાતિઓનો વાસ હોય કે ભારતનો દૂતાવાસ, આદિવાસી હોય કે વિદેશી! માનવીનો જ્યાં સાદ પડ્યો છે ત્યાં તેઓ સમતાથી પહોંચ્યા છે! અદનામાં અદના માણસને ય એમણે સત્કાર્યો છે. ઘરોઘર પધરામણીઓ, સભાઓ, જાહેરસભાઓ, નગરયાત્રાઓ, વ્યક્તિગત-કૌટુંબિક-સામાજિક પ્રશ્નો માટેની મુલાકાતો - બધું એવું ભરચક હોય કે પાણી પીવાનોય સમય ન મળે! ક્યારેક તો જમવા માટે ત્રણ-ત્રણ વાગે મેળ પડે, તો ક્યારેક ભર ઉનાળે બહાર બપોરે લોકોના ઘરે તડકામાં જ ઘૂમવા નીકળી પડ્યા છે! ક્યારેક એક જ આસન પર સેંકડો લોકોના વ્યક્તિગત પ્રશ્નો ઉકેલવામાં એવા તલ્લીન થઈ જાય કે કલાકો સરી જાય ને મધરાત થઈ જાય! ક્યારેક પાંચ-સાત ગામો ફરીને રાત્રે બાર વાગે ઉતારે પહોંચે, ચેષ્ટા બોલે, પછી આવેલા ઢગલાબંધ પત્રોના જવાબ આપવાનું શરૂ થાય, અને રાત્રે દોઢ-બે વાગે પથારી ભેળા થાય! વળી સવારે ૬:૦૦ વાગે તો નિત્યક્રમ શરૂ થઈ જાય!

આમ, કેવળ જનકલ્યાણ માટે જ, દેહની સતત અવગણના થતી જ રહી અને પરિણામે શરીરની વધતી જતી ઉંમરની સાથે રોગોના દર્દનાક હુમલાઓ પણ આવ્યાઃ આંખો પર ઓપરેશનો થયાં, હૃદયરોગનો હુમલો આવ્યો, પિત્તાશયની પથરીનો દુખાવો અને તેનું ઓપરેશન, થાપાની ગાંઠનું ઓપરેશન, શરીરનો વા, અને છેલ્લે હૃદયની બાયપાસ સર્જરી પણ થઈ. આમ છતાં, હિમાલયથી નીકળેલી ગંગા લોકહિતાર્થે દોડતી જ રહે છે તેમ, સ્વામીશ્રી જનહિતાર્થે દોડતા જ દોડતા જ રહ્યા... એમના મોંમાંથી ક્યારેય ફરિયાદનો ઊંહકારો પણ નીકળ્યાનું કોઈને યાદ નથી!

*કેટલા અજાણ્યાને જાણ્યા ને સુણ્યા તમે!*
*કેટલા પારકાને પોતાના કર્યા!*
*ને દૂર વસતા કંઈકનાં આંસૂ લૂછ્યાં તમે શ્યામ!*
*કેટલાં ઝૂંપડાંને તીરથ કીધાં તમે! ને કેટલાં ગામનાં ગામ!*
*દેહના ચૂરેચૂરા કરીને તમે! કંઈકના કીધાં કામ!*



# આત્મીયતા

પ્રમુખસ્વામી મહારાજના રોમેરોમમાં છલકાતો હતો - નિઃસ્વાર્થ પ્રેમનો, આત્મીયતાનો મહાસાગર. જીવપ્રાણી માનવમાત્ર પ્રત્યેની આત્મીયતા! *'બીજાના સુખમાં જ પોતાનું સુખ છે.'* - આ જીવનસૂત્રને પળે પળે જીવનારા સ્વામીશ્રીના અંતરે અહોરાત્ર બીજાના સુખની જ રટણા હતી. એટલે જ એમની આત્મીયતાને સ્થળ, કાળ કે શરીરનાં બંધનો રોકી શકતાં નહીં! લોકોનાં દુઃખે દુઃખી થતું એમનું હૃદય અને તેમના સુખે પ્રફુલ્લિત થતું એમનું મુખારવિંદ, એમના નિઃસ્વાર્થ પ્રેમના સાક્ષી બની રહ્યાં છે.

અમીર કે ગરીબ, ભણેલો હોય કે અભણ, દેશનો હોય કે વિદેશનો હોય, ગામડાનો હોય કે શહેરનો હોય, ઊંચ-નીચ, નાનો કે મોટો, કે કોઈપણ ધર્મનો હોય, સૌ કોઈ સ્વામીશ્રી પાસે આવતાં જ તેમની પ્રેમવર્ષામાં ભીંજાઈ જાય. સ્વામીશ્રીનું વ્યક્તિત્વ જ એવું કે ત્યાં તમામ પ્રકારના ભેદભાવ ઓગળી જાય. બે પેઢી વચ્ચેનું અંતર શૂન્ય થઈ જાય.

જીવનમાં મૂંઝવતા અનેક પ્રશ્નોનો ઉકેલ મેળવવા અસંખ્ય લોકો એમની પાસે હોંશે હોંશે આવે - કોઈ અસહ્ય દુઃખોના ભારથી મુક્ત થવા, તો કોઈ પશ્ચાત્તાપનાં આંસુ વહાવી હૃદય હળવું કરવા, કોઈ સંસારના વિષને ઉતારવા, તો કોઈ અધ્યાત્મના રંગે રંગાવા.

અસંખ્ય લોકોના જીવનના આરંભથી લઈને તેમના છેલ્લા શ્વાસ સુધી સ્વામીશ્રીએ તેમની આત્મીયતાથી સંભાળ લીધી છે. લોકોનાં દુઃખ જોઈને સ્વામીશ્રીનું અંતર દ્રવી ઊઠે... આંખોમાં કરુણાનાં નીર છલકાઈ ઊઠે.

વડસર ગામના વૃદ્ધ અને સાવ સામાન્ય લાગતા નારણભાઈ મિસ્ત્રીની સંભાળ લેવા માટે, સ્વામીશ્રી સ્થળ-કાળનો ક્ષણ પણ વિચાર કર્યા સિવાય એ વૃદ્ધ ગરીબ ભક્ત સાથે નીચે જ એક પગથિયે બેસી ગયા!

સારંગપુરના વૃદ્ધ ભક્ત હીરા ભરવાડે મોતિયાનું ઓપરેશન કરાવ્યું હતું, તેની સંભાળ લેવા માટે શિયાળાની કડકડતી ઠંડીમાં ખાસ રાહ જોતા સ્વામીશ્રી ઊભા રહ્યા અને તેમની આંખે સ્પર્શ કરી તેમને સંતોષ આપ્યો.

વલસાડના એક સાગરખેડુ ટંડેલનો નાનો બાળક અકસ્માતમાં ઘવાયો હતો. એને સુરતની મહાવીર જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. એ નિર્દોષ






બાળકની પરિસ્થિતિ સાંભળી સ્વામીશ્રી દ્રવી ઊઠ્યા. એ જ દિવસોમાં સ્વામીશ્રીને સુરત આવવાનું થયું. એક દિવસ સવારે અચાનક જ તે બાળકને મળવા તાત્કાલિક નીકળી પડ્યા. પરંતુ હોસ્પિટલવાળા રસ્તે આગળ કાર વધી શકે તેમ નહોતી, કારણ કે રોડની બંને બાજુએ ખોદકામ થયું હતું. કાર થોભી, પણ સ્વામીશ્રી થોભ્યા નહીં. 80 વર્ષની ઉંમરે સેવકોનો હાથ પકડીને, ખાડાઓ કૂદતા, માટીના ઢગલા ખૂંદતા સ્વામીશ્રી, હોસ્પિટલમાં આઈ.સી.યુ.માં દાખલ કરેલા બાળક પાસે પહોંચ્યા. એ બાળકના મસ્તક પર પ્રેમાળ હાથ ફેરવતાં ફેરવતાં સ્વામીશ્રી તેને કાનમાં કહી રહ્યા હતાઃ 'પ્રશાંત, જય સ્વામિનારાયણ...' જો કે પ્રશાંત તો ગાઢ તંદ્રામાં હતો, પરંતુ સ્વામીશ્રીને શ્રદ્ધા હતી કે એ બાળક તેમનો સ્વર સાંભળી રહ્યો છે. આખા શરીરે પ્રેમાળ હાથ ફેરવીને સ્વામીશ્રીએ એને ઠાકોરજીનો હાર પહેરાવ્યો. એના પિતા શાંતિલાલને આશ્વાસન આપ્યું. મદદ માટે બાંહેધરી આપીને એક સ્વજન કરતાંય વિશેષ મમતા દાખવી.

ફરીથી અઢી ફૂટના ખાડાઓ ધ્રૂજતાં-ધ્રૂજતાં ઓળંગીને સ્વામીશ્રી પા-એક કિ.મિ. અંતર કાપીને મોટર સુધી પહોંચ્યા. એમના અંતરે સંતોષ હતો - એક ગરીબ બાળકના દુઃખમાં ભાગ લીધાનો!

થનગનતા યુવાનોને સ્વામીશ્રીના વ્યક્તિત્વમાં જીવનનો સાચો મિત્ર અને રાહબર મળી જાય. હતાશ અને દિશાહીન યુવાનો તેઓના સાંનિધ્યમાં નવું જીવન પામી, અનેકને માટે દીવાદાંડી સમા બની રહ્યા છે.

સ્વામીશ્રીના વાત્સલ્યને માણવા નાનાં નાનાં શિશુઓ એમનો ખોળો ખૂંદવા દોડી આવે. તેઓ બાળકોને જુએ અને બાળકો હરખાઈ ઊઠે. નમાયાં, ઓશીયાળાં, તરછોડાયેલાં હજારો સંતાનોમાં સ્વામીશ્રીની ચેતના છાઈ વળી હતી. તેમણે આવી આત્મીયતાથી અસંખ્ય બાળકો-યુવાનોમાં જે ક્રાંતિ આણી છે તે વિરલ છે.

જુદી જુદી ભૂમિકાવાળા અસંખ્ય લોકોએ સમતાથી ભરેલી સ્વામીશ્રીની આત્મીયતાની ફોરમને માણી છે. કિંગ ચાર્લ્સ હોય, ભારત કે ઈંગ્લેન્ડના વડાપ્રધાન હોય, આરબ રાજા હોય કે પંચમહાલના ચૂલી ગામના આદિવાસીઓ હોય! રાષ્ટ્રપ્રમુખ શ્રી અબ્દુલ કલામ કે બિલ ક્લિન્ટન કે શ્રી દલાઈ લામા કે અન્ય પ્રખર ધર્મગુરુઓ હોય, કે ગામડાનો અબુધ ખેડૂત હોય, દરેકને તેઓ સ્નેહભીના હૈયે સમાવી લે.

હા, પોતાની જાતને ઘસીને સ્વામીશ્રી લાખોના આવા આત્મીય સ્વજન બન્યા છે. સુખ-દુઃખમાં તેમના સાથી બન્યા છે. આ આત્મીયતાથી, સૌ કોઈએ પરમાત્માની લગોલગ હોવાનો દિવ્ય આહ્લાદક અનુભવ કર્યો છે.



# અસીમ વિકાસ

કેરોસીનના ડબ્બામાં ખીચડી રાંધીને ખાતા શાસ્ત્રીજી મહારાજ અને એમના મુઠ્ઠીભર સંતો! બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપનાનાં શરૂઆતનાં એ વર્ષો કેવાં કપરાં હતાં! આમ છતાં, ભગવાન શ્રી સ્વામિનારાયણે વહેતી મૂકેલી અનંત જીવોના કલ્યાણ માટેની દિવ્ય સનાતન ઉપાસનાને દિગંતમાં પ્રવર્તાવવા, એવાં અનેક કષ્ટો વચ્ચે, શાસ્ત્રીજી મહારાજે સંસ્થાની ધજા ફરકાવી. શુદ્ધ હેતુથી. પવિત્ર આશયથી.

સન ૧૯૫૦થી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદ સાથે આ દિવ્ય ધજાને ગગનમાં વધુ ઊંચે ફરકાવવા પ્રમુખસ્વામી મહારાજે સંસ્થાનું સુકાન સંભાળ્યું. અને પ્રચંડ પુરુષાર્થથી બી.એ.પી.એસ. સંસ્થાને જ નહીં, ભગવાન સ્વામિનારાયણના સંદેશને જ નહીં, પરંતુ સમગ્ર હિન્દુ અસ્મિતાને જગતભરમાં પ્રસરાવી દીધી.

માત્ર ૫૦ સાધુઓ, થોડાક હરિભક્તો અને પાંચ મંદિરોથી શરૂ કરેલી એમની યાત્રા આજે સંસ્થાને કયા આયામ પર લઈ ગઈ છે! માત્ર થોડાક ગુજરાતીઓ વચ્ચે લેવાતું સ્વામિનારાયણ નામ, તેમણે વિશ્વના ગુંબજમાં ગુંજતું કરી દીધું છે. પૃથ્વીના બંને ગોળાર્ધોમાં, વિશ્વના બાવન દેશોમાં વિસ્તરેલી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, એક વિરાટ આધ્યાત્મિક પ્રવૃત્તિ તરીકે પ્રમુખસ્વામી મહારાજે કરેલાં અસંખ્ય માનવસેવાનાં કલ્યાણકારી કાર્ય-કલાપોનું પ્રતિબિંબ બની રહી છે. વિશ્વભરમાં એક આદર્શ સેવાસંસ્થા તરીકે સતત વિકસતી રહેલી આ સંસ્થાને, યુનો દ્વારા સામાજિક કાઉન્સિલમાં માનદ સભ્યપદ આપીને કદર કરવામાં આવી છે.

સ્વામીશ્રીએ સંસ્થાના સીમાડા આસમાને વિસ્તાર્યા છે પરંતુ સિદ્ધાંતના ભોગે નહીં. ભગવાન સ્વામિનારાયણે આપેલા ધન-સ્ત્રીના ત્યાગના નિયમોને અને શુદ્ધ ઉપાસનાના સિદ્ધાંતને તેઓ પ્રત્યેક પળે, શ્વાસોચ્છ્વાસે વફાદાર રહ્યા છે. અનેક કષ્ટો વચ્ચે અવિરત વિચરણ કરતાં કરતાં, લાખો લોકોના યોગ-ક્ષેમનું વહન કરતાં કરતાં, સિદ્ધાંતોમાં સમાધાન કર્યા સિવાય, સમગ્ર માનવજાતને આવરી લઈને તેમણે સંસ્થાનો જે વિકાસ કર્યો છે તેનું શબ્દોમાં કે આંકડાઓમાં વર્ણન અશક્ય છે. એમ છતાં અહીં, માત્ર થોડીક આંકડાકીય માહિતી સાથે એમણે કરેલા સંસ્થાના વ્યાપની એક અતિ અલ્પ ઝલક, વર્તમાન ગુરુદેવ મહંત સ્વામી મહારાજની નિશ્રામાં પ્રસ્તુત છે...


# બી.એ.પી.એસ. સંસ્થાનાં વિરાટ કાર્યોની એક ઝલક

### સત્સંગ સભા કેન્દ્રો દ્વારા સંસ્કાર દાન




૨૩,૦૦૦થી વધુ બી.એ.પી.એસ. સત્સંગ સભાકેન્દ્રો ભારત, અમેરિકા, યુ.કે., યુરોપ, આફ્રિકા, એશિયાઈ દેશો અને મધ્ય પૂર્વમાં પ્રસર્યાં છે. આ સભાકેન્દ્રોમાં બાળકોથી લઈને વૃદ્ધો માટે પ્રતિવર્ષે ૧૨ લાખથી વધુ સત્સંગ સભાઓ યોજાય છે.

### સ્વયંસેવકો દ્વારા અનેક અભિયાનો




૧,૦૦,૦૦૦થી વધુ સ્વયંસેવકો દ્વારા ભૂકંપ કે કોવિડ જેવી આપત્તિઓથી લઈને અનેક સ્તરીય સેવાઓનું ચક્ર અહોરાત્ર ગતિમાન રહે છે. આ સેવકોએ ૨૧ લાખથી વધુ ઘરોનો સંપર્ક કરી ઘરસભા દ્વારા પારિવારિક એકતા માટે પ્રેરણા આપી છે.

### આરોગ્ય સેવાઓનો અવિરત યજ્ઞ




૧૯ બી.એ.પી.એસ. હોસ્પિટલો અને મોબાઈલ દવાખાનાંઓ દ્વારા પ્રતિ વર્ષે ૬,૧૫,૦૦૦થી વધુ રોગીઓની સેવા કરવામાં આવે છે. ઘૂમતાં મોબાઈલ દવાખાનાંઓ ઉપરાંત નિઃશુલ્ક આરોગ્ય યજ્ઞો દ્વારા હજારો લોકો લાભાન્વિત થાય છે.

### સંસ્કારયુક્ત શિક્ષણ સેવાઓની શૃંખલા




૪૬ બી.એ.પી.એસ. શૈક્ષણિક પરિસરો દ્વારા દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પ્રદાન કરવામાં આવે છે. બી.એ.પી.એસ. વિદ્યામંદિરો અને છાત્રાલયોમાં શિક્ષણ સાથે સંસ્કાર-યુક્ત જીવનઘડતરનો લાભ મળે છે.

### આદિવાસીઓ અને પછાતોની સેવા



૧,૩૦૦થી વધુ આદિવાસી કેન્દ્રો સાબરકાંઠા, પંચમહાલ, બોડેલી, ડાંગ અને સુરત વગેરે જિલ્લાઓમાં ગતિમાન છે. સંતો અને સ્વયંસેવકો આધ્યાત્મિક માર્ગદર્શન સાથે વ્યસન-મુક્તિ અને સાક્ષરતા જેવાં અભિયાનો દ્વારા પછાતોને નવું જીવન આપે છે.

### વ્યસનમુક્તિનું વિરાટ આંદોલન



૫૦ લાખથી વધુ લોકોને વિવિધ માધ્યમો દ્વારા ધૂમ્રપાન, મદ્યપાન, માદક દ્રવ્યો, જુગાર અને અન્ય વ્યસનોથી મુક્ત કરવામાં આવ્યા છે. બી.એ.પી.એસ.ને તેના અનન્ય વ્યસનમુક્તિ કાર્ય માટે પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યા છે.

### વિક્રમસર્જક રક્તદાન દ્વારા નવું જીવન



૧,૦૦,૦૦,૦૦૦ સીસીથી વધુ રક્તદાન બી.એ.પી.એસ. દ્વારા એકત્રિત કરાયું છે. સંસ્થાનાં વિશ્વભરનાં કેન્દ્રો દ્વારા રક્તદાન, અંગદાન અને બોનમેરો દાન અભિયાનો યોજાય છે, જેના દ્વારા લાખો લોકોને નવજીવન મળે છે.

### પર્યાવરણીય સેવાઓ દ્વારા જાગૃતિ




૨૦,૦૦,૦૦૦થી વધુ વૃક્ષોના વાવેતર ઉપરાંત બી.એ.પી.એસ. દ્વારા વિશાળ પાયે જળ સંચય અભિયાન, રિસાયક્લિંગ અભિયાન, પ્રાકૃતિક કૃષિ અને ગૌશાળા અભિયાન જેવા કાર્યક્રમો દ્વારા પર્યાવરણીય જાગૃતિનો ઉદ્‌ઘોષ કરવામાં આવે છે.

### સમર્પિત સંતોનું વિશાળ વૃંદ



૧૩૦૦થી વધુ યુવાન, શિક્ષિત અને સમર્પિત સંતોનું વૃંદ સંસ્થાનાં તમામ સેવાકાર્યોનો આધારસ્તંભ છે. આ સંતો બ્રહ્મચર્ય સહિત પંચવર્તમાનોનું પાલન કરે છે, દૈનિક સત્સંગ-સાધનામાં નિમગ્ન રહીને શાસ્ત્રો, દર્શન, કલા વગેરેમાં નિપૂણ બને છે.

### મંદિરો, અક્ષરધામ પરિસરોની શૃંખલા



૧૮૦૦થી વધુ બી.એ.પી.એસ. મંદિરો અને બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ અક્ષરધામ જેવાં ભવ્ય સાંસ્કૃતિક પરિસરો સનાતન સંસ્કૃતિ અને માનવસેવાનાં અજોડ ધામ બન્યાં છે. અહીં સૌનાં હૈયે શાંતિ ને સંસ્કારનાં સહજ વાવેતર થાય છે.



# સૌના વંદનીય

*પુષ્પની સુવાસ સ્વાભાવિક રીતે ફોરે છે, બસ એમ જ, પ્રમુખસ્વામી મહારાજે ક્યારેય ન તો પોતાનાં કીર્તિ-યશ માટે પ્રયાસ કર્યો કે ન તો એવી ઇચ્છા પણ રાખી હતી, છતાં જગતભરમાં એમની કીર્તિ પ્રસરી છે — એ એમની દિવ્યતાનો જ એક પ્રભાવ છે. માન-યશની લાલસાથી સદા અલિપ્ત, કીર્તિની કામનાથી સર્વથા મુક્ત પ્રમુખસ્વામી મહારાજના મસ્તકે સતત અને સર્વત્ર આદર-સન્માન-કીર્તિ-યશનો અભિષેક થતો રહ્યો હતો, તેમાં એમની ભગવત્પ્રતિભાનું દર્શન છે.*

*જગતના માંધાતાઓથી લઈને ગામડાંના ખેડૂતો સુધી લોકો એમને બેહદ પ્રેમ અને આદર આપે, અનવરત યશોગાન ગાય, જગતભરમાં એમનાં બહુમાનો થાય, એની પાછળ એમની પરમ પવિત્ર અને નિર્મળ-નિર્ભેળ પ્રતિભાનું દર્શન થાય છે. એ સૌના આદરપૂર્ણ પ્રતિભાવોનો જ એક ગ્રંથ રચી શકાય તેટલા વિશાળ સંચયમાંથી થોડાંક અવતરણો પ્રસ્તુત છે...*

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ માનવોમાં સમર્થ મહાપુરુષ હતા, જેઓ નમ્રતા અને કરુણાના મૂર્તિમંત સ્વરૂપ હતા. તેઓ મારા માટે એક મેન્ટર (અનુભવી માર્ગદર્શક) હતા. સમાજની તેમણે કરેલી સેવાઓ સદાય અવિસ્મરણીય રહેશે. તેઓની સાથેના મારા સંવાદો હું ક્યારેય નહીં ભૂલું. તેઓની ઉપસ્થિતિની ખોટ મને સદા સાલશે.

**- શ્રી નરેન્દ્રભાઈ મોદી**
વડાપ્રધાનશ્રી, ભારત

જગદ્‌ગુરુ શંકરાચાર્યના આસન પર બિરાજમાન થયા વિના મેં જેમનામાં જગદ્‌ગુરુત્વનાં દર્શન કર્યાં છે, એ છે પ્રમુખસ્વામી મહારાજ. તેઓ તો સાક્ષાત્ ભગવાનું સ્વરૂપ હતા. બુદ્ધ, મહાવીર અને આદિ શંકરાચાર્ય પછી વિશ્વમાં સૌથી વધુ આદર પામ્યા હોય તો તે પ્રમુખસ્વામી મહારાજ છે. એટલે જ હું તેમને યુગપુરુષ, યુગાવતાર અને વિશ્વના સર્વશ્રેષ્ઠ સંત માનું છું. દિવસે, રાત્રે, બહાર, અંદર સર્વત્ર એમના જેવું પારદર્શક જીવન જીવવાવાળા દિવ્ય પુરુષ માત્ર પ્રમુખ સ્વામીજી જ હતા. મારા માટે તેઓ આદિ શંકરાચાર્ય જેટલા જ પૂજનીય રહ્યા છે.

**- પૂજ્ય સત્યમિત્રાનંદગિરિજી મહારાજ**
પૂર્વ શંકરાચાર્ય

•

કેટલાંય વર્ષો સુધી પૂજ્ય પ્રમુખસ્વામીજી મહારાજ સાથે મારો ઘનિષ્ઠ સંબંધ રહ્યો. જેમાં દંભ, ઘમંડ, પાખંડ ન હોય એવા મહાત્માઓ બહુ ઓછા જોયા છે. પરંતુ સ્વામીજીમાં

ક્યારેય છલ કે ઘમંડ અનુભવ્યાં નથી. ભારતવર્ષમાં છેલ્લી ચાર-પાંચ સદીઓમાં એવો કોઈ મહાત્મા થયો નથી. મનુષ્યના જીવન અને મૃત્યુ બાદ તેની ચાર પ્રકારની ગતિ હોય છે. એ ગતિઓ પર નિયંત્રણ કરવાની શક્તિ પ્રમુખસ્વામી મહારાજમાં મેં જોઈ છે. તેમનામાં આત્મશક્તિ, અધ્યાત્મશક્તિ પરિપૂર્ણ હતી. હું કોઈ વાંચેલી કે કોઈની લખેલી વાત નથી કરતો. પરંતુ પ્રમુખસ્વામીજીના જીવનને નિકટતાથી જોઈને, એમના જીવનનો સ્વયં અનુભવ કરીને કહું છું. આવા મહાપુરુષ અદ્વિતીય છે, જેમનામાં લોભ, લાલચ, ઈર્ષ્યા, ઘૃણા એવી કોઈ જ ભાવનાઓ નહોતી. આવા સંત સાક્ષાત્ ભગવાનનું જ સ્વરૂપ છે.

**- પૂજ્ય હરિનારાયણાનંદજી મહારાજ**

મહામંત્રી, અખિલ ભારત સાધુ સમાજ

•

પ્રમુખસ્વામી મહારાજ જંગમ નારાયણ છે, સંતરત્ન છે. એમનું તેજસ્વી વ્યક્તિત્વ નીતિમય આદર્શ જીવનનાં દિવ્ય અજવાળાં પાથરે છે, આજની માનવજાતને આચરણની સજ્જનતા, ભગવન્મયતા તેમજ પૂર્ણ જીવનનો ઉજાસ પૂરો પાડે છે. તેમની ફરતે સાધુતા, સુહૃદયતા અને વિશ્વપ્રેમનું તેજવર્તુળ દેખાય છે. આપણે ભગવાન શ્રીરામને 'મર્યાદાપુરુષોત્તમ' તરીકે ઓળખીએ છીએ; પ્રમુખસ્વામીજીમાં આપણા સમયના 'મર્યાદાપુરુષ'નાં દર્શન થાય છે.

**- પૂજ્ય સ્વામી શ્રી ચિદાનંદજી**

દિવ્ય જીવન સંઘ, હૃષીકેશ

•

જ્યારે હું પ્રમુખસ્વામી મહારાજને મળ્યો ત્યારે એક આધ્યાત્મિક રીતે પરિપક્વ આત્માને મળતો હોઉં તેવી લાગણી થઈ. તેઓ આધ્યાત્મિક પ્રેમ, વિનમ્રતા અને સાદાઈનું મૂર્તસ્વરૂપ છે, તેઓ સૌને ચાહે છે. તેથી તો તેમના પર સૌના પ્રેમની વર્ષા થાય છે અને તે પણ અનરાધાર!'

**- પૂજ્ય સ્વામી શ્રી વિબુધેશતીર્થજી**

મધ્વાચાર્ય, અડમાર મઠ, ઉડુપી

•

પ્રમુખસ્વામી મહારાજ આપણા દેશના અદ્વિતીય આધ્યાત્મિક મુકુટમણિ છે. આધ્યાત્મિક જીવન સામાન્યતઃ અંતર્મુખી હોય છે, ભગવાનના સાક્ષાત્કાર સાથે સંકળાયેલું હોય છે. પરંતુ તેમ છતાં જનસેવા અવરોધાતી નથી. પ્રમુખસ્વામી મહારાજ આ વાતનું સચોટ દૃષ્ટાંત છે. આવી અલૌકિક વ્યક્તિ એમ સહેલાઈથી મળતી નથી. તે સર્વત્ર પ્રગટતી નથી. જ્યારે જ્યારે આવા સંતનું પ્રાગટ્ય થાય છે ત્યારે સમગ્ર માનવજાત ઉત્કર્ષને પામે છે.'

**- પૂજ્ય વરદ યતિરાજ જિઅર સ્વામી**

રામાનુજ સંપ્રદાયના વડા, શ્રીપેરુમ્બુદુર

•

બુદ્ધ અને તીર્થંકર, રામ અને કૃષ્ણ, કબીર અને નાનક વગેરે સંતોએ અને અવતારોએ ભારતને સંવર્ધિત કર્યું છે. હવે કોઈ આવે એની રાહ જોઈએ છીએ કે જે ભારતીય સંસ્કૃતિને દોરે. ભગવાનની કૃપાથી એવા પુરુષ મળ્યા છે. એમનું નામ છે – પ્રમુખસ્વામી. ભારતને એક કરવું હોય તો તે પ્રમુખસ્વામીના નેતૃત્વ હેઠળ એક બની શકશે. પ્રમુખસ્વામી સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ નથી, હિન્દુ ધર્મના પ્રમુખ છે. હિન્દુ ધર્મના નહીં પણ ભારતીય સમાજના પ્રમુખ છે.'

**- પૂજ્ય જૈનાચાર્ય મુનિ સુશીલકુમારજી**

વર્લ્ડ ફેલોશીપ ઓફ રિલિજિયન

•

પ્રમુખસ્વામી મહારાજ ફક્ત ભગવાનની સેવા માટે સમર્પિત છે, કીર્તિ, કાન્તા અને કનકથી સદા મુક્ત છે. તેમના આદેશે યુવાનો જીવન સમર્પિત કરે છે, તે એક મોટો પ્રતાપ છે.'

**- પૂજ્ય ચિન્ના જીયર સ્વામી**

રામાનુજાચાર્ય

•

પ્રમુખસ્વામી મહારાજ એક મહાન પ્રેરણામૂર્તિ છે. પોતે શાંત રહી હજારોને ક્રિયાન્વિત કરી શકે છે, તેમનામાંથી આબાલવૃદ્ધ અનેક લોકો સદ્પ્રેરણા પામે છે.'

**- પૂજ્ય સ્વામી દયાનંદ સરસ્વતીજી**

આર્ષવિદ્યા ગુરુકુલમ્, ચેન્નાઇ

•

પ્રમુખસ્વામી કયા દેવને માને છે અને તેઓનો કયો સિદ્ધાંત છે એવી બાબતમાં ન જતાં હું એમના આચરણ સામે જોઉં છું. જો કોઈ એક દિવસ પણ બ્રહ્મચર્યનું પાલન કરે તો તેના ઘરે દેવતાઓ પણ શીશ નમાવવા આવે, તો પ્રમુખસ્વામીએ આખું જીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. બ્રહ્મચારીઓમાં જો હું પ્રમુખસ્વામીને પ્રથમ સ્થાન આપું તો તેમાં જરાય અતિશયોક્તિ નથી.'

**- પૂજ્ય જૈનાચાર્ય મુનિ પુષ્કરરાજજી**

•

અધ્યાત્મ-જાગૃતિનું કાર્ય કરતા પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ભગવાન સ્વામિનારાયણ કાર્ય કરી રહ્યા છે. આપણું અધ્યાત્મ, આપણી સંસ્કૃતિ, આપણી ભક્તિ, આપણું જ્ઞાન વગેરે ફક્ત શાસ્ત્રોમાં બંધાયેલાં હતાં. શાસ્ત્રોની એ જટામાંથી સંસ્કૃતિની ગંગાને પ્રમુખસ્વામી મહારાજે પ્રવાહિત કરી છે. સમગ્ર વિશ્વમાં

(અનુસંધાન પૃષ્ઠ ૭ ઉપર)



## જેની ગાથા અનંત છે, અવિસ્મરણીય છે, એવી અજોડ

# પિયુની પછેડી

*આજથી ૭૫ વર્ષો પહેલાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પ્રમુખસ્વામી મહારાજને ચાદર ઓઢાડીને પોતાના ઉત્તરાધિકારી જાહેર કર્યા ત્યારથી લઈને જીવન પર્યંત એ નિર્ગુણ રંગી ચાદરનો અમીટ પ્રભાવ પાથરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય નિર્ગુણ રંગી પ્રતિભાની એક ઝલક...*

■ સાધુ વિવેકસાગરદાસ

ઘણી કળાઓ વંશપરંપરાગત કે શિષ્યપરંપરાગત જેવી છે તેવા જ સ્વરૂપમાં અદ્યાવધિ સચવાતી આવી છે. કળાગુરુઓ કળાશુદ્ધિનો સવિશેષ આગ્રહ રાખતા. કળાને સજીવન રાખવા પોતાની પાછળ એક જ શિષ્યને પોતાની કળાનો અજબ કસબ શીખવવા તેઓ આજીવન પરિશ્રમ કરતા. પોતાના જેવો શિષ્ય તૈયાર થયે તેઓ કળાનું ગુરુઋણ પૂરું કર્યાનો સંતોષ અનુભવતા.

ઘોડાદોડમાં ઘોડાઓની ખાસ ઓલાદનો ખ્યાલ રખાય છે. ઓલાદનો પ્રામાણિક ઇતિહાસ ન મળે તો તે ઘોડાને ઘોડાદોડમાં રખાતો નથી; ઘોડાગાડીએ જોડવા મોકલી દેવાય છે. એવું જ આધ્યાત્મિક માર્ગે છે. શિષ્યની પસંદગીમાં ગુરુ તેનું અધ્યાત્મ પાસું તપાસે છે. પહેલાંના વખતમાં શિષ્ય ગુરુ પાસે જ્ઞાન લેવા જતો ત્યારે પોતાનું ગોત્ર જણાવીને ગુરુને પોતાનો પરિચય આપતો. ભારતવર્ષની આ પ્રણાલિકા હતી. પોતાના કુળની ખાનદાની એ સાચવતો એટલે તો મોહ પામેલી દેવયાનીની ઘણી વિનંતી અને છેવટે ગુસ્સાને કચે ન ગણકાર્યાં. તેણે કહ્યું, 'ગુરુની પુત્રી એ ભગિની છે.' પરિણામે શુક્રાચાર્યનો શાપ વહોરી તેણે પિતૃકુળનું ગૌરવ જાળવ્યું. આવી શુદ્ધ પરંપરા સાચવવા ઘણો પ્રયાસ કરવો પડે છે. આજે દાક્તરનો દીકરો દાક્તર જ બને એવું દરેક કિસ્સામાં ન બને.

ઘણી વિદ્યાઓ છે. કોઈ કોઈ સચવાઈ છે ને બાકીનામાં સંકરતા થઈ છે. પરંતુ એ બધામાં અવિચલ અને શાશ્વત વિદ્યા છે બ્રહ્મવિદ્યા, અધ્યાત્મવિદ્યા. યોગીજી મહારાજ મુંબઈની વી.જે.ટી.આઈ. એન્જિનીયરીંગ કોલેજમાં પધરામણીએ પધારેલા ત્યારે એમણે ખૂબ માર્મિક સવાલ પૂછ્યો હતોઃ 'અહીં કોલેજમાં બ્રહ્મવિદ્યા ભણાવે ખરા?'

ગીતામાં ભગવાન કહે છેઃ 'अध्यात्मविद्या विद्यानाम्।' વિદ્યાઓ તો ઘણી છે પણ અધ્યાત્મવિદ્યા એ ભગવાનની વિભૂતિ છે. અધ્યાત્મવિદ્યા વંશપરંપરાગત ન હોય. આ વિદ્યા શુદ્ધ ગુરુપરંપરા દ્વારા જ સચવાય છે.

અમરસિંહ કહે છેઃ 'संप्रदायो गुरुक्रमः।' ધર્મ જીવંત છે શુદ્ધ ગુરુપરંપરામાં. Every Indian is a philospher કહેવત મુજબ ભારતમાં તો ઘેર ઘેર ગુરુ! એટલે ઘણી બધી પરંપરાઓ! આ બધી કહેવાતી ગુરુ-પરંપરાઓમાં પણ સાંકર્ય ઘણું થયું છે. કોઈ સ્થળે તો ગાદી શોભાડવા માટે જેવા તેવા ઉત્તરાધિકારી મૂકવા પડતા હોય છે. પાછળથી એવું ન બને એટલે શીખ ધર્મગુરુ ગોવિંદસિંહે ગાદી ખાલસા કરી નાંખી.

ગાદીથી જ શોભતા હોય એવા ગુરુઓ ઘણા હોય છે, પરંતુ જેનાથી ગાદી શોભે તેવાની અછત છે. કોઈ ફક્કડની જગ્યામાં જ્યારે વિલાસ અને લોભ પેસે છે, ત્યારે તે સાધુ પરણી જાય છે. પત્નીનો પતિ બને છે છતાં ગાદીપતિ તો પોતાને કહેવડાવે જ. તે લંગોટી પહેરે, તેને છોકરાં પણ હોય! ક્યારેક તો તે સાવ ગૃહસ્થ થઈ ગયો હોય છતાં કેવલ લંગોટી પહેરાવવાનો 'ગુરુનો ધરમ' કેમ છોડાય! અંધશ્રદ્ધાળુઓ આવા પણ ગુરુઓને સેવે છે!

કોઈ તેજસ્વી ગુરુ એક સંપ્રદાય ઊભો કરે છે પણ પોતા જેવો એક સમર્થ શિષ્ય નિપજાવી શકતો નથી એટલે તે પરંપરા આગળ જતાં લુપ્ત થઈ જાય છે અથવા તે પ્રાણહીન

પરંપરા ચાલવા ખાતર ચાલતી હોય છે. ક્યારેક સવાલ થાય છે કે પોતા જેવા સમર્થ શિષ્ય જે ગુરુ પેદા ન કરી શકે તેને શું ખરેખર ગુરુ થવાનો અધિકાર છે?

વિશ્વના સૌભાગ્યે અવતારો અને ભક્તો આ પૃથ્વી ઉપર અવતરતા રહે છે. ઘણા અવતારો આવ્યા પછી પૃથ્વીના પુણ્યે પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ લગભગ અઢીસો વર્ષ પૂર્વે અવતર્યા. સાત વર્ષના ભારત-પરિભ્રમણ અને વનવિચરણ પછી પશ્ચિમમાં પધાર્યા. પોતે પૂર્ણ હતા પણ ભારતવર્ષની ગુરુપરંપરા અનુસાર લોજમાં રામાનંદ સ્વામીને ગુરુ કર્યા. રામાનંદજી જેની પ્રતીક્ષા કરી રહ્યા હતા તે આવી ગયા. એકાદ વર્ષમાં તો તેમણે ગુરુપદનો કળશ ઓગણીશ વર્ષના નીલકંઠવર્ણી શિષ્ય ઉપર ઢોળી દીધો. પોતાના નાના મોટા તમામ શિષ્યોને તેમણે કહ્યું: 'આ અમારી ગુણોની ગાદી છે!' સર્વેએ ગુણસાગર સહજાનંદજીને સ્વીકાર્યા.

ભારતવર્ષમાં ધર્મને મોટામાં મોટી મિલકત માનવામાં આવી છે. ભારતવર્ષનો પ્રત્યેક માનવી પૈસે ટકે ગરીબ હોય કે તવંગર પણ પોતાને ધર્મથી જ ખાનદાન માને છે અને તે ધર્મની રક્ષા માટે હંમેશાં તત્પર રહે છે. પોતાનો પુત્ર પરદેશ જતો હોય છે તો ગરીબ મા તેનાં ઓવરણાં લઈ તેનું માથું સૂંઘતાં આટલી જ શીખ આપે છે કે 'બેટા, ધરમ સાચવજે!'

ગુરુ પોતાના શિષ્ય પાસે કોઈ લૌકિક દક્ષિણાની અપેક્ષા ન રાખતા. તેઓ એટલું જ કહેતાઃ धर्मं चर, स्वाध्यायान् मा प्रमदः यानि अस्माकं सुचरितानि तानि त्वया उपास्यानि नो इतराणि। અર્થાત્ તું ધર્મનું પાલન કરજે. વેદના અધ્યયનમાં આળસ રાખીશ નહીં. અમારું જે સુચરિત હોય તેનું અનુસરણ કરજે... પૂર્વે ગુરુઓ શિષ્યને આવા ધર્મોની સોંપણી કરતા.

રામાનંદ સ્વામીએ શ્રીહરિને સત્સંગ સમુદાયની ધુરા સોંપી ત્યારે શ્રીહરિએ બે વચનો માગ્યાં: 'સત્સંગીને એક વીંછીનું દુઃખ આવવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ સત્સંગીને તે થાઓ નહિ અને સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય.'

વિશ્વના ઇતિહાસમાં આ માગણી અજોડ છે. કોઈ છત્ર, ચામર કે મિલકતોની આમાં માંગણી નથી, પણ શિષ્યો પ્રત્યેની કરુણાસભર આ માંગણીમાં રંતિદેવની હૈયા-આરત ટપકે છે. સેવા ને કરુણાની આ મહાનતા પરંપરાગત ચાલી જ આવી છે.

રામાનંદ સ્વામીની આ ગુણોની ગાદી ઉપર જ શ્રીહરિએ નિર્ગુણ-ગુણાતીત ચાદર પોતાના ઉત્તરાધિકારીને ઓઢાડવા વણવા માંડી. આ અજબ જુલાહાએ આ ચાદર આજ્ઞા અને ઉપાસનાના તાણેવાણે વણી. ધર્મની સ્વચ્છતા, જ્ઞાનની કાંજી, વૈરાગ્યનો પાકો રંગ અને મહિમાયુક્ત નવધા ભક્તિના ભાતીગળ મઘમઘતાં ફૂલોથી તેને સજાવી.

*'નામકી તારસે બુની ચદરિયા, પ્રેમ ભગતિસે રંગી ચદરિયા'* ને કબીરજી કહે છે: *'ચદરિયા ઝીની રે ઝીની, યે રામનામ રસ ભીની.'* આ ગુણાતીત ચાદરમાં તો શ્રીહરિ ઓતપ્રોત છે. આ ચાદરના પોતમાં શ્રીહરિની ફાટે પણ ફીટે નહિ એવી ભાત છે. આ ચાદર એટલે ગુણાતીત. આ બ્રહ્મસ્વરૂપિણી ચાદર ઓઢનાર પણ ગુણાતીત. આ ચાદર ઓઢાડવા ચૂંટણી કરવી પડતી નથી. દક્ષિણ આફ્રિકાના પાટનગર પ્રિટોરિયાના મેયર પાદરી છે. તેમણે પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું હતું કે 'તમારે ત્યાં ગુરુની ચૂંટણી કેવી રીતે થાય છે? ખ્રિસ્તી ધર્મમાં તો ધર્મગુરુ-પોપ ચૂંટણી દ્વારા ગુરુપદે આવે છે.' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું: 'અમારે ત્યાં સદ્‌ગુણોની ગાદી છે. ગુરુ જાતે જ શિષ્યને પસંદ કરે છે. ગુરુના અક્ષરવાસ પછી શાસ્ત્રોએ કહેલાં લક્ષણો અને પુરોગામી ગુરુના વચનથી શિષ્ય આપોઆપ ગાદી સંભાળી લે છે!'

શ્રીહરિના પાંચસો પરમહંસ હતા પણ આ *'નિર્ગુણરંગી ચાદરિયા રે કોઈ ઓઢે સંત સુજાણ.'* શ્રીહરિએ પોતાના પ્રાગટ્યની ચાદર ગુણાતીતાનંદ સ્વામીને ઓઢાડી અને કહ્યું કે 'આ અમારા તિલક!'

એ ચાદરનો વારસો ત્યાં અટકી ન ગયો. ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજ રૂપી ચાદર તૈયાર કરી. તુલસીદાસજી કહે છે કે સત્પુરુષ તો કપાસ જેવા છે. તે લોઢાય, પીંજાય, કંતાય, વણાય, કપાય, સીવાય અને પારકા છિદ્રને ઢાંકે. પારકા છિદ્રને ઢાંકવા આ ચાદરને ઘણું ઘણું સહેવું પડતું હોય છે.

ભગતજી મહારાજે ગુણાતીતની સેવામાં દેહને ગણ્યું નહિ. મન, કર્મ, વચને ગુરુને સેવ્યા. જો કે આ તો સહજાનંદી બ્રહ્મસ્વરૂપિણી ચાદર જેવી મહારાજે તેમને ધરેલી તેવી ભગતજીને *'જ્યું કી ત્યું ધર દીની ચદરિયા.'* વાસ્તવિકમાં તો આ ચાદર અનાદિની છે - સનાતન છે. ઓઢનારનાં નામ-રૂપ જુદાં હોય બાકી ચાદર ને ઓઢનારનો અભેદ છે. સ્વામી રામદાસે પોતાના અંતકાળ વખતે પોતાના એક શિષ્યને કહેલું 'Guru never dies, you will get Guru in a better form!' ભગતજી ધામમાં ગયા ત્યારે શાસ્ત્રીજી

મહારાજ બોલેલા કે 'સત્પુરુષ કદી પૃથ્વી ઉપરથી જતા જ નથી.' ભગતજીએ પોતાના કોડીલા લાલ શાસ્ત્રીજી મહારાજને *'સત્‌ગુરુ ક્રિપા કરે તો પાવે'* મુજબ આ ગુણાતીત ચાદર ઓઢાડી. આ ચાદર ઓઢવામાં પ્રભુને સદા સન્મુખ એવા શાસ્ત્રીજી મહારાજને જગતની દૃષ્ટિએ વિમુખ દેખાવું પડ્યું પણ તેમણે તો ચાદર ઓઢી તે ઓઢી; પાછા પડ્યા નહિ. અક્ષરપુરુષોત્તમની યુગલ મૂર્તિઓ પધરાવીને બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના કરી.

શાસ્ત્રીજી મહારાજે *'હું તે યોગી ને યોગી તે હું'* કહી યોગીજી મહારાજમાં ઉત્તરાધિકારીનો સંકેત કરી જ દીધો હતો પણ યોગીજી મહારાજ પછીનીય વ્યવસ્થા પોતાની હયાતીમાં પોતે જ કરી!

સંવત ૨૦૦૬ની જેઠ સુદ ચોથ(તા. ૨૧-૫-૫૦)ના દિવસે અમદાવાદમાં આંબલીવાળી પોળે અક્ષરપુરુષોત્તમ હરિમંદિરે શાસ્ત્રીજી મહારાજે પોતાનું ભગવું ઉપવસ્ત્ર અઠ્ઠાવીશ વર્ષના શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને ઓઢાડી કહ્યું: 'આ સંસ્થાના હેતુ કાયમ માટે જળવાય અને વહીવટ ઘણી જ સારી રીતે ચાલે તેવા શુભ આશયથી પ્રેરાઈને સદાયને માટે સદરહુ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીના પ્રમુખ તરીકે સદ્‌ગુરુ સ્વામીશ્રી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને નીમું છું.'

'મારી પરીક્ષક શક્તિથી ચકાસી જોઈને તેમને મારી જગ્યાએ પ્રમુખ તરીકે તેમની હયાતી સુધી નિમણૂક કરી છે. આથી હું આજ્ઞા કરું છું કે મારી આજ્ઞા અને સત્તાનો તમે જેમ સ્વીકાર કરો છો તેમજ મારે બદલે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસની આજ્ઞા અને સત્તાનો સ્વીકાર કરવો-કરાવવો.'

વળી, તેમણે યોગી મહારાજને કહ્યું: 'તમે આમના માથા ઉપર હાથ મૂકો કે તમારા જેવા ગુણ આવે!' અને તે ક્ષણથી નારાયણસ્વરૂપદાસજીમાંથી પ્રમુખસ્વામીજી બનેલા એ યુવાન સંતને પણ શાસ્ત્રીજી મહારાજે કહ્યું, 'યોગીજી મહારાજની આજ્ઞામાં રહીને સત્સંગ દીપાવજો.'

ગંગાની ધારા ઝીલનાર શિવજી જેવા સમર્થ જોઈએ, તેમ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની કૃપાધારાને ઝીલનાર પણ એવું સમર્થ પાત્ર જ જોઈએને! પ્રમુખસ્વામીજીની ઉંમર નાની હોવાથી એક-બે જણાને આ પસંદગીની રુચિ નહોતી. તેમને શાસ્ત્રીજી મહારાજે કહ્યું: 'તમે એના દેહ સામું જુવો છો, હું તેના જીવ સામું જોઉં છું.'

એક હરિભક્તે શાસ્ત્રીજી મહારાજને કહ્યું કે નારાયણસ્વરૂપદાસજીની ઉંમર નાની છે એટલે વિચાર કરજો, પાછળથી પસ્તાવું ન પડે. ત્યારે આરામ કરતા શાસ્ત્રીજી મહારાજ તરત બેઠા થઈને બોલી ઊઠ્યા હતા: 'મેં કોઈ દિવસ એવું કામ કર્યું નથી કે મારે પસ્તાવું પડે. અને આમાંય મારે પસ્તાવું નહીં જ પડે.'

પ્રમુખસ્વામીજીએ પણ ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવતાં કહ્યું: 'મારામાં જે શક્તિ અને પ્રેરણા છે તે બધું આપે જ આપેલું છે. હવે આ ભગીરથ સેવા કરવાની જે આજ્ઞા આપે મને કરી છે તે માટે સંપૂર્ણ શક્તિ અને બળ આપશો. તેમજ આપના સમગ્ર આશ્રિતો તન, મન, ધનથી સુખિયા રહે, આ લોકમાં સુખેથી સ્વામીશ્રીજીનું ભજન કરી અંતે અક્ષરધામમાં નિવાસ કરે તેવા આશીર્વાદ માગું છું. વળી, ભૂલેચૂકે પણ અક્ષરપુરુષોત્તમનું નામ લે તેને પણ આપ આપના પ્રૌઢ પ્રતાપ વડે અક્ષરધામ બક્ષીસ આપશો.'

'હું આજે આપ ગુરુશ્રી તેમજ આ સભા સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે 'મારું કર્તવ્ય બરાબર બજાવી આપની સંસ્થાને મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી આપનો કૃતકૃત્ય બનીશ.'

આ ભગવી ચાદર કેવળ વહીવટી ચાદર નથી પણ ગુણાતીત ચાદર છે. વિરક્તિની ચાદર છે. પ્રવૃત્તિમાં નિવૃત્તિની ચાદર છે. ભગવામાં ભગવાન છે તેની પ્રતીતિની ચાદર છે.

શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની આજ્ઞામાં પ્રમુખસ્વામી મહારાજ ટુકટુક રહ્યા. તેઓએ કહેલું: 'શાસ્ત્રીજી મહારાજની દયા કે યોગી મહારાજના વિચારથી મારો વિચાર જુદો ન પડ્યો. શાસ્ત્રીજી મહારાજના વખતમાં પણ યોગી મહારાજને રાજી કરવાનું રહ્યું.'

રાજકોટમાં તા. ૨૭-૧૦-૧૯૯૪ના રોજ એક વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રીએ સહજતાથી એક અદ્‌ભુત વાત કરી હતી: 'મારે મન જોગી મહારાજ એટલે જોગી મહારાજ. લોકો મને ગમે તેમ કહે પણ મારે જોગી મહારાજના સેવક થઈને રહેવું હતું. મને ચડાવનારા ઘણા હતા, પણ મારે ચડવું નહોતું. હું આ રીતે વર્ત્યો તો મને અત્યારે શાંતિ છે.'

યોગીજી મહારાજે કહ્યું હતું કે, 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે. ૭૦૦ સાધુ તેમના દ્વારા થશે.' આજે ૧૩૦૦ની સંખ્યાની નજીક આવી પહોંચેલો વિરાટ સંત સમુદાય એ વાતની પ્રતીતિ કરાવે છે.

ઘણા સંત-મહંતો ચાદરે કરીને જાણે પોતાને પ્રતિષ્ઠા મળી હોય તેમ માની અક્કડ થઈને ફરતા હોય છે. સ્વામીશ્રીએ તો ચાદર ઓઢાડી તે જ દિવસે તેમણે

હરિભક્તોનાં એંઠાં વાસણ ઊટક્યાં!

સંસ્થાના પ્રમુખ હોવા છતાં તેમણે ક્યારેય પોતાના માટે સગવડો કે સુવિધાઓ ઝંખી નથી. ઊલટું, સગવડો હોય તોય તેને ઠેલીને સૌની સાથે સૌના જેવા થઈને રહ્યા. મંદિરોમાં એમને માટે જુદી રૂમો, જુદી વ્યવસ્થા કે જુદું વાહન નહીં. સૂવાનું પણ એવું જ. મોટે ભાગે તો મંદિરોના સભામંડપમાં જ જાહેરમાં જ સૂવાનું. બોચાસણમાં બે બાંકડા ભેગા કરીને તેના પર સૂઈ જાય. ગરમી થાય તો ટ્રેક્ટરની ટ્રોલીમાં સૂવા જાય. અટલાદરામાં નારાયણપ્રિયદાસ સ્વામીની ઓરડીમાં પાટ પર પડી રહે. ગઢડામાં જાળી આગળ પાટ પર સૂતા હોય. મોટે ભાગે તો કોઠારી હરજીવનદાસ સ્વામી સાથે વાતો કરતાં કરતાં બહાર ખુલ્લામાં રેતીના ઢગલા પર જ કંઈ પણ પાથર્યા સિવાય સૂઈ રહે. સારંગપુરમાં નગાસરના એક હરિભક્તે ખાસ તેમના માટે સૂવાની પાટ બનાવી તો પણ તેના પર સૂતા જ નહીં. અઢી વરસ સુધી પાટ પડી રહી. સંતવલ્લભદાસ સ્વામીએ ખૂબ આગ્રહ કર્યો એટલે અઢી વરસ પછી તેના પર સૂતા. જમવાનું પણ જનરલ રસોડે જ. પોતાના માટે જુદી કોઈ વ્યવસ્થા નહીં. બધાની સાથે જ જમવાનું. સારંગપુરમાં એક વખત ધર્મજીવનદાસ સ્વામીએ ખાસ તેમના માટે જુદી ફુલકા રોટલી બનાવીને તેમના પત્તરમાં મૂકી તો ન જ સ્વીકારી, બધાને હોય તે જ મને આપો. જુદું નહીં.

**અમૂલના પ્રણેતા પદ્મશ્રી ડો. કુરિયન કહેતા: 'સ્વામીશ્રીની સિદ્ધિ જોતાં મારી જે કાંઈ સિદ્ધિ છે તે કંઈ નથી. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે કે આવી પવિત્રતા, શુદ્ધતા અને સમર્પણ શું કરી શકે છે!'**

મુસાફરી પણ તેમને પહેલેથી જ સતત રહેતી. બગલમાં ઓશીકું ને હાથમાં પત્તરની ઝોળી, અને હંમેશાં રેલવેમાં ત્રીજા વર્ગની મુસાફરી. પોતાની સગવડો માટે ક્યારેય સંસ્થાના પ્રમુખ તરીકેનો અધિકાર તેમણે વાપર્યો નથી.

પ્રમુખ હોવા છતાં મંદિરોમાં કામ કરતા નાનામાં નાના માણસ કે નાનામાં નાના સાધુ સાથે એમને સુહૃદભાવ. દરેક મંદિરમાં જાય એટલે મંદિરના નાનામાં નાના સેવકોની ભાળ લેવાની. ક્યારેક અમદાવાદ આવ્યા હોય તો રાયચંદ રબારી જેવા સાવ નાના માણસ સાથે નિરાંતે બેસીને તેની સંભાળ લે.

સંસ્થાના કોઈ કામમાં ક્યારેય વિલંબ નહીં કે આળસ નહીં. પ્રમાદ નહીં કે સ્ટેટસની પરવા નહીં. શ્રીજીપરામાં કોઈક ખેડૂતે મંદિરનો ચાસ લઈ લીધો. સમાચાર મળ્યા કે તરત જ ગુરુપૂનમના દિવસે જ સ્વામીશ્રી ઊપડ્યા. ભારે વરસાદ અને ચારે બાજુ પાણી ભરાયાં હતાં. તોય નાયકાથી પાણી ડહોળીને ગયા. રાત્રે દશ વાગે પ્રશ્નનો ફેંસલો લાવીને છેક ૧૧ વાગે જમવા ભેળા થયા!

એકવાર ગોંડલમાં ઘણા મહામંડલેશ્વરો પધારેલા. તે બધાનું સ્વાગત કરી તેમને ગાદીએ બેસાડી પોતે નીચે પાથરણા ઉપર બેસી ગયા ત્યારે મહામંડલેશ્વરો તો આભા જ બની ગયા કે આવડી મોટી સંસ્થાના પ્રમુખ અને સેંકડો સંતોના ગુરુ આવા નિર્માની!

ભારત સાધુ સમાજના અધિવેશનમાં ઘણા સંતો મહંતો વચ્ચે તેઓશ્રી જુદા જ ભાત પાડતા હતા. નિર્માનીપણું જોઈ અનેક સંપ્રદાયના મહંતો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા, કારણ કે આ ગુણાતીત ચાદરની ભાત જ અનોખી હતી. આ કોઈ મિલમાં વણેલી ચાદર નહિ, આ ચાદર તો Made in Akshardham!

તેઓ પ્રતિષ્ઠાને તો સૂકરીવિષ્ટા જ સમજે. આબુમાં એકત્રીસમા પ્રમુખપદ વરણીદિને તેમના માટે સંતોએ પુષ્પનો મુગટ બનાવેલો. સ્વામીશ્રીને ખબર પડી એટલે તે મુગટ હાથમાં લઈ ફગાવી દીધો! અમેરિકામાં ચશ્માંના કાચ બદલાવવા ગયા. ડૉક્ટરે કહ્યું, 'કાચ સાથે ફ્રેમ બદલી દઉં.' સ્વામીશ્રી કહે, 'જોવાનું કાચમાંથી છે કે ફ્રેમમાંથી? જૂની ફ્રેમમાં જ કાચ નાખી દો.'

એરોપ્લેનમાં પણ ઈકોનોમી કલાસમાં જ મુસાફરીનો આગ્રહ રાખે. માન-સન્માનમાં તો સ્વામિનારાયણ ભગવાનને જ આગળ કરવાના. રાતદિવસનું સતત વિચરણ, પણ ભગવાનના આ કાર્યમાં કંટાળો નહિ.

અમુક મઠમંદિરના મહંતો તો ગુરુની ચાદર ઓઢી એશઆરામમાં રહેતા હોય છે. બીજી તરફ સ્વામીશ્રી આવી રીતે કાયાને કષ્ટ આપે એટલે તેમની ચાદરની મનોવ્યથા નારાયણમુનિદાસ તેમના કાવ્યમાં ઠાલવે છે કે

*'એક ચાદરની વાત કહીશ, જેને ચડી છે ઘણી રીસ,*
*ધારી તે દી' તમે ઊટક્યાં વાસણને*
*સત્તાધારી બેઠા સેવકને આસને તે દિ'થી ચડી છે રીસ...*
*સુખ ને સગવડના સાગર ઊમટે છોને*
*જળકમળ જેમ નિર્લેપ રહ્યા તોયે...'*

ચાદર ઓઢતી વેળાએ ગુરુને આપેલું વચન તેઓ સાર્થક કરી રહ્યા છે. દેહની પરવા કર્યા વગર ટાઢ, તડકો કે

વરસાદમાં આદિવાસીના ઝૂંપડાથી માંડી વિદેશીઓની મહેલાતોમાં બાવન દેશોનાં સાડા બાર હજાર ગામો અને બે લાખ ઘરોમાં પધરામણીવાળું તેમનું વિશ્વવિક્રમી વિચરણ સંસ્થાના વિશ્વવ્યાપી વિકાસમાં એક કારણભૂત છે.

આ ચાદરની વિશેષતા છે કે તેની ધર્મની શુદ્ધિમાં અશુદ્ધિ ભળી નથી. જ્ઞાનની કાંજી નરમ પડી નથી. વૈરાગ્યનો રંગ જરીકે ઊતર્યો નથી અને ભક્તિનાં પુષ્પોની સૌરભ ઊડી નથી. આ ચાદર ઓઢ્યે પંચોતેર વર્ષ થયાં પણ તેનો ચડતો ને ચડતો જ રંગ છે. દુનિયાને આ ચાદરની અનુપમ ભાતની પ્રતીતિ થઈ. સંસ્થા ગુજરાતમાં અને સર્વત્ર સર્વોપરી સાબિત થઈ. આના પાયા પાતાળે છે તેવી બધાને પ્રતીતિ થઈ. એક આખી સરકાર ચલાવી શકે તેવી આ સંસ્થા છે તેવું અનેક મહાનુભાવો બોલે છે. આ બધાનું કારણ એ રહ્યું છે કે સંસ્થાના સુકાની ભગવાન સહજાનંદ સ્વામી મહારાજના ધારક છે. સંસ્થાના Head પણ પ્રમુખસ્વામી ને તેઓ જ સંસ્થાનું Heart! એમના ધબકારે સત્સંગ ધબકતો રહ્યો છે. સ્વામીશ્રી પોતે જ જાણે સંસ્થા બની ગયા હતા. સંસ્થા એ જ સ્વામીશ્રી અને સ્વામીશ્રી એ જ સંસ્થા!

એક સમય આ સંસ્થામાં એવો હતો કે શાસ્ત્રીજી મહારાજ અને તેમના સંતોને કેરોસીનના ડબ્બામાં ખીચડી રાંધીને ખાવી પડતી હતી. આજે એ જ સંસ્થા ક્યાં જઈ પહોંચી છે!

જાણીતા સાહિત્યકાર ઈશ્વર પેટલીકર સંસ્થાના વિકાસ માટે કહેતાઃ 'મૂળ વડ કરતાં વડવાઈ જાડી થઈ ગઈ!'

માતરના ચીમનભાઈ બારોટ ઘણીવાર કહેતાઃ 'શાસ્ત્રીજી મહારાજ અવારનવાર અમારા ગામે માથે પોટલાં ઊંચકતાં આવે ત્યારે ઘણી વખત એમ થતું કે આ પોટલાં હવે ક્યારે અટકશે? પરંતુ પોટલાં તો ફરતાં અટક્યાં નહીં, એ તો આફ્રિકા, ઇંગ્લેન્ડ અને અમેરિકાય પહોંચી ગયાં!' છેલ્લાં પંચોતેર વર્ષોમાં પ્રમુખસ્વામી મહારાજે આ સંસ્થાનો વિસ્તાર વિશ્વના બાવન દેશોમાં વિસ્તાર્યો છે.

ગુજરાતના એક ચેરીટી કમિશનરે પ્રભાવિત થતાં કહ્યું હતુંઃ 'ગુજરાતમાં ૯૨,૦૦૦ ટ્રસ્ટો છે પરંતુ તેમાં મારી દૃષ્ટિએ આ સંસ્થા શ્રેષ્ઠ છે. આવી વ્યવસ્થિત સંસ્થા ગુજરાતમાં ક્યાંય નથી.' દેશવિદેશમાં 'અક્ષરધામ', લંડન, નૈરોબી કે શિકાગોના સ્વામિનારાયણ મંદિરથી લઈને અનેક ભવ્ય મંદિર સંકુલો, સંસ્થાનાં માનવ-ઉત્કર્ષની અનેક પ્રવૃત્તિઓથી ધબકતાં ૪૫૦ જેટલાં મંદિરો-સંસ્કારધામો, કુલ ૭,૦૫૦ જેટલાં સત્સંગ કેન્દ્રો તેમજ હૉસ્પિટલો, છાત્રાલયો, શાળાઓ વગેરેનો વિરાટ વ્યાપ! તેમ છતાં સ્વામીશ્રીના મતે સંસ્થાની આ મિલકતો એ ખરી Asset નથી, પરંતુ નિષ્ઠા, સમર્પણ અને ધર્મનિયમથી યુક્ત લાખો હરિભક્તોનો સમુદાય તેમજ સેંકડો સંતોનો સમુદાય તે જ ખરી Asset છે. અને એ બધું જ પ્રમુખસ્વામી મહારાજની જ પ્રતિછાયા છે. પ્રસિદ્ધ ચિંતક ઈમર્સને લખ્યું છે, An institutions is a lengthen shadow of its leader. કોઈપણ સંસ્થા એ તેના નેતાની સુદીર્ઘ પ્રતિછાયા છે.

આ સંસ્થાના મેનેજમેન્ટ માટે દેશવિદેશના મોટા મોટા મહાનુભાવોના પ્રતિભાવોમાં આ જ ભાવ પડઘાય છે. દેશવિદેશના અસંખ્ય મહાનુભાવો સંસ્થાના આયોજનથી પ્રભાવિત થઈને કહે છે કે મેનેજમેન્ટ તો અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનું જ!

NDDBના પ્રણેતા, ચેરમેન અને મેનેજમેન્ટના નિષ્ણાત પદ્મશ્રી ડૉ. કુરિયન કહેતાઃ 'આ સંસ્થાનું આયોજન જોયા પછી હું ખૂબ પ્રભાવિત થયો છું. સ્વામીશ્રીની આ સિદ્ધિ જોતાં મારી જે કાંઈ સિદ્ધિ છે તે કંઈ નથી. આપણને ભાગ્યે જ ખ્યાલ આવે કે આવી પવિત્રતા, શુદ્ધતા અને સમર્પણ શું કરી શકે છે!'

ભારતના રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘે પ્રવચનમાં જણાવ્યું હતું કેઃ 'આપ ભારતીય સંસ્કૃતિની રખેવાળી કરી રહ્યા છો. કેટલા ઊંચા દરજ્જાની વાત છે કે સરકારની મદદ વિના જ આપે કાર્ય કર્યું છે! મે ઘણું સાંભળ્યું હતું, વાંચ્યું પણ હતું, પરંતુ પ્રત્યક્ષ જોવાથી પ્રભાવ પડ્યો. હું પોતે માનું છું કે આપ સમાજ-સુધારણા માટે, આધ્યાત્મિક જાગૃતિ માટે જે પ્રયત્નો-ઉપાયો કરી રહ્યા છો, અને થોડા જ વખતમાં હું જે જોઈ શક્યો છું - ખૂબ બુદ્ધિશાળી ઈજનેરો, સાયન્ટીસ્ટો, ટેક્નોલોજીસ્ટો તેમજ અન્ય તત્ત્વચિંતકો પણ આપની પાસે છે અને ખૂબ સુંદર કાર્ય કરી રહ્યા છે. આત્મિક શક્તિ વગર આ કોઈને કોઈ ખેંચી શકતું નથી. આપણા દેશમાં થયેલા અવતારો, ઋષિમુનિઓ ને મહાત્માઓ જેવું આદર્શ જીવન જો કોઈએ કાયમ રાખ્યું હોય તો તે પ્રમુખસ્વામી જેવા પુરુષ જ છે. લોકો તેમનું સાંભળે, માને છે તેનું એક કારણ તેમની અદ્ભુત આકર્ષણ શક્તિ છે. સરકારને આવા સંતોની જરૂર છે, સંતોને સરકારની જરૂર નથી.'

વિશ્વના અનેક દેશોમાં ભારત સરકાર દ્વારા પ્રયોજિત 'ફેસ્ટીવલ ઓફ ઇન્ડિયા'ના મેનેજમેન્ટમાં અગ્રેસર રહેનાર ડૉ. કરતારસિંઘ લુથરા(યુ.એસ.એ.) કહે છેઃ 'હું એક ડાયરેક્ટર તરીકે વિશ્વના એકાવન દેશોમાં ફર્યો છું. કેટલાય ઉત્સવોનું મેં આયોજન કર્યું છે પરંતુ આવું આયોજન ક્યાંય જોયું નથી. અમે મોસ્કો, જાપાન અને અહીં અમેરિકામાં બધે

જ 'ભારત પેવિલિયન' ઊભા કર્યાં હતાં, પરંતુ આટલું સુંદર આયોજન ક્યારેય કરી શક્યા નથી. જાપાનના એક્સપોમાં પણ હું ગયો છું, પરંતુ ત્યાં પણ આટલું સુંદર મેનેજમેન્ટ જોયું નથી.'

૧૯૯૧માં અમેરીકામાં 'કલ્ચરલ ફેસ્ટીવલ ઑફ ઈન્ડીયા' સ્વામીશ્રીએ યોજ્યો તેની મુલાકાત લેનાર અમેરિકાના પ્રસિદ્ધ બિઝનેસમેન સંતસિંહ ચટવાલ બોલી ઊઠયા હતાઃ 'પ્રમુખસ્વામીને યે જો કાર્ય કિયા હૈ ઉનકો ભારત સરકારકી ઔર સે કમસે કમ ઑફિશીયલ પ્રમાણ દિયા જાય. મુઝે શબ્દ નહીં મિલતે.'

સંસ્થાની વિશ્વવ્યાપ્ત શિક્ષણ, આરોગ્ય, સંસ્કાર, નીતિ, સમાજ, રેલ, દુષ્કાળ, ધરતીકંપ, વાવાઝોડું વગેરે કુદરત સર્જિત અને માનવ સર્જિત હોનારતોમાં રાહતકાર્ય, બાળયુવા પ્રવૃત્તિ, મહિલા પ્રવૃત્તિ, વ્યસનમુક્તિ અભિયાન, માનવ-ઉત્કર્ષ અભિયાન વગેરે વગેરે માનવતાવાદી સઘન પ્રવૃત્તિઓ અને સંકુલોથી પ્રભાવિત થઈ સંયુક્ત રાષ્ટ્રસંઘ-યુનોએ આ સંસ્થાને તેની સામાજિક અને આર્થિક પરિષદમાં મોભાનું પહેલી કક્ષાનું પરામર્શક પદ આપ્યું છે. યુનોમાં આ સ્થાન મેળવનાર ગુજરાતની આ એકમાત્ર સંસ્થા છે.

પરંતુ સંસ્થાના આ વિકાસનો યશ સ્વામીશ્રીએ ક્યારેય પોતાના માથે લીધો નથી. ગોંડલમાં ૪૦મો પ્રમુખવરણી દિન ઊજવાયો ત્યારે સ્વામીશ્રીએ ખૂબ ગદ્ગદભાવે કહ્યું હતુંઃ 'બધા સંતો-હરિભક્તોના સાથથી જ કાર્ય થાય છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની મારા પર દયા કે આપણી(મારી) પ્રતિષ્ઠા વધે, મહત્તા વધે તે વસ્તુ પહેલેથી જ નહોતી. મોટા પુરુષ કેમ રાજી થાય તે જ ઇચ્છા. શાસ્ત્રીજી મહારાજ જેવી યોગી મહારાજની પણ એટલી જ કૃપા. તેમણે મને એટલો જ સાચવ્યો. બધા કોઠારીઓ અને બધા જ સંતોનો ખૂબ ઉત્સાહ અને સહકાર છે અને મોટા પુરુષ કાર્ય કરી ગયા છે. આપણે તો નિમિત્ત. મારામાં કોઈ શક્તિ કે આવડત નહીં પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની દૃષ્ટિથી જ ચાલે છે.' આવું તેઓ અનેક પ્રસંગે હૃદયપૂર્વક બોલ્યા છે. આ જ એમની બ્રાહ્મી સ્થિતિ છે.

માન-અપમાન, સુખ-દુઃખ, જય-પરાજય વગેરે દ્વન્દ્વોમાં સ્થિતપ્રજ્ઞતા રાખીને દેશવિદેશમાં પથરાયેલી વિરાટ સંસ્થાનો સાધુતાયુક્ત સફળ અને દરેકને સંતોષકારક વહીવટ કરવો એ સ્વામીશ્રીની આધ્યાત્મિક સ્થિતિની સિદ્ધિ છે. લાખો હરિભક્તો અને સેંકડો સાધુઓની આધ્યાત્મિક પ્રગતિની પણ તેઓ આટ-આટલી પ્રવૃત્તિમાં ખૂબ જ ખબર રાખે છે. સદ્ગુરુ સંતવલ્લભદાસ સ્વામી એકવાર બોલેલા કે સ્વામીશ્રીના સ્થાને કોઈ સામાન્ય માણસ અઠવાડિયું બેસે તો ગાંડો જ થઈ જાય.

ઈંગ્લેન્ડમાં બ્યુલીબીચમાં લોર્ડ મોન્ટેગ્યુના મહેલમાં સેંકડો વર્ષ પુરાણો તેમના પૂર્વજોનો પોષાક જોયો. લૉર્ડે કહ્યું કે 'તેઓ હાઉસ ઑફ લોર્ડ્ઝની બેઠક વખતે વરસમાં એકાદવાર આ પ્રાસંગિક પોષાક (ceremonial dress) પહેરે છે. પછી પાછો તેને હતો ત્યાં ગોઠવી દેવાનો. સ્વામીશ્રીની આ ચાદર એ પ્રાસંગિક ચાદર નહોતી પણ જીવન સાથે વણાઈ ગયેલી સહજ બ્રાહ્મીસ્થિતિ હતી. સ્વામી અને મહારાજનું સ્વામીસેવક ભાવનું ઐક્ય એટલે આ ચાદર. જેમ રાગ અને રાગિણી, સૂર્ય અને પ્રભા, ફૂલ અને સુગંધ તેમ આ ચાદર એટલે સ્વામી અને મહારાજ.

હે સ્વામી, આપે તો જીવનભર ગુણાતીત ચાદર ઓઢી પણ અમારે તો મૂંઝવણ છે કે - *'મૈલી ચાદર ઓઢકે કૈસે દ્વાર તુમ્હારે આઉં!'* આપ જેવા અતિ પવિત્રપુરુષ પાસે અમારા દોષોનો લેબાસ પહેરીને આવતાં અમને શરમ ઊપજે છે.

શ્રીહરિએ કૃપા કરીને આ દેહરૂપી ચાદર આપી છે પણ કબીર કહે છે તેમ અમે તો તેને *'દિન દિન મેલી કીન્હી!' 'જનમજનમ કી મૈલી ચાદર કૈસે દાગ સુધારું!'* ડાઘ સુધારવો કેવી રીતે! કારણ બધે જ ડાઘા લાગી ગયેલી - *'ચાદર હો ગઈ બહોત પુરાની!'* હવે તો આપ જ એને ઊજળી કરો. અમારા પ્રયત્નો વ્યર્થ છે. અમે તો તેને સુધારવાને બદલે બગાડતા જઈએ છીએ.

*ગંગા મેં ધોઉં જમુના મેં ધોઉં, દાગ ના છૂટે કૈસે ધોઉં*
*મૈલી મૈલી ચદરિયાં કૈસે ધોઉં.*
*ઘાટ ઘાટ પર પટક પટક કર, તાર તાર કર ડાલી*
*ફીર ભી અબ તક મોરી ચદરિયા, હૈ કાલી કી કાલી*
*કહાં મીલે વો નિર્મલ પાની, જિસમેં ઈસે ભિગોઉં...*

અમારી મેલી ચાદર ધોવા માટેનું નિર્મલ જળ આપ જ છો. આપ જ એને આપની 'અક્ષરલોન્ડ્રી'માં ધોઈ દો, જેથી એને આપ સિવાય બીજો લૌકિક ડાઘ જ ન લાગે. આપના રંગે રંગી દો - તેને અક્ષરરૂપ કરી દો. દેહવાસનાનો ત્યાગ કરી સંયમરૂપ નિમ અને વિલાસહીન પ્રેમમૂલક ભક્તિરૂપી પિયુની પછેડી ઓઢવા ઇચ્છતા નિષ્કુળાનંદ સ્વામીની વાણીમાં અમે અમારો સૂર પુરાવીએ છીએ.

*'ઓઢણું ઉતારું રે, ભવનું મેલે ભર્યું રે,*
*તેમાં આવે દુરગંધ દેહની વાસ*
*પિયુની પછેડી રે, ઓઢું અંગ ઉપર્યે રે*
*જેમાં છે કોઈ પ્રેમ-નિમનો રે વાસ.'*

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપરથી)
તેમના જ શબ્દોમાં જોઈએ ત્યારે આપણને ખાતરી થયા વિના રહેતી નથી કે શ્રીહરિ આ સત્સંગમાં સદાય પ્રગટ જ રહે છે.

શાસ્ત્રીજી મહારાજ નારાયણસ્વરૂપદાસજીની યોગ્યતાનો અણસાર આપતાં લખે છે:

*શ્રીજીસ્વામિભ્યો નમઃ*

*તા. ૨-૯-૪૭*

*સ્વસ્તિશ્રી બોચાસણ શુભ સ્થાને સંતશિરોમણિ શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પ્રતે આણંદથી લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદપૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.*

*વિ. લ. આપનો પત્ર મળ્યો છે. મારું પતું મળ્યું હશે. વિ. આપે સારંગપુર સંબંધી લખ્યું તે જાણ્યું છે. માટે હાલ દરવાજાનું કામ એક માળ થતાં સુધી ત્યાં રોકાવ તો સારું.*

*વિ. લખવાનું જે ભગતજી મહારાજ તથા જાગા ભગત બંનેને સ્વામીનો મહિમા ને નિષ્ઠા વધારવી તેવી ખાસ માગણી હતી. તેથી તેમની આજ્ઞા અને કૃપાદૃષ્ટિથી આ કામ કર્યું છે. ને તેમની ઇચ્છાથી અત્યાર સુધીમાં સર્વ સંકલ્પો પાર પડ્યા છે. તો આપ બને તેટલી મહેનતથી તે કામમાં પુષ્ટિ કરવા તત્પર રહેશો.*

*વિ. સૂતાં સૂતાં સાકરનો કાંકરો મોઢામાં આવ્યો છે. તો હવે ગળે ઉતારી સુખ લેવાનું છે. મારા દેહનો હવે નિરધાર નથી. બે-ચાર વર્ષ વખતે રહે. વધુ તો રહે તેમ નથી. તો તેટલામાં ભેગા રહી જિંદગીનું કામ કરી લેશો.*

*તા. કલમઃ અત્યારે પૂર્વના શુભ સંસ્કારથી નાની ઉંમરમાં આપની પ્રતિષ્ઠા આપણા મંડળમાં પહેલા નંબરની થઈ છે. તેમ મારી વૃત્તિ પણ સ્વાભાવિક તમારી પર ઠરે છે. તે આપ બુદ્ધિશાળી છો ને જાણો છો. કોઈને સામાન્ય સ્થિતિમાંથી ઉત્તમ સ્થિતિમાં આવવાનું હોય તો અર્ધી ઉંમર દેશ-પરદેશ ફરી લોકોનાં કામ કરી કરીને મરી જાય ત્યારે માંડ માંડ દુનિયાની નજરમાં સારી સ્થિતિમાં પામે અને કોઈક મોટાને ઘેર અવતાર ધરે તો તુરત સહુ 'શેઠ શેઠ' કરીને બોલાવે ને વગર મહેનતે, વગર પ્રયત્ને એકદમ મોટો આગેવાન લોકોમાં થઈ જાય. તેમ આપને થોડી ઉંમરમાં મોટા સદ્‌ગુરુની સ્થિતિ પ્રાપ્ત થઈ છે. તો આપ પુણ્યશાળી ને ભાગ્યશાળી છો.*

*મારે તો અત્યારે સ્વાભાવિક તમારી ઉપર હેત છે જેથી હંમેશાં ઊભરા આવે છે કે કેમ બધી વાતે સર્વોપરી થાય તો સારું. તેમાં આપને ફાયદો છે, આખા સત્સંગને ફાયદો છે ને મારે પણ શાંતિ થાય. અને હવે અનુકૂળતા થાય તેથી મને છેલ્લી વખતે તેવું જોઈને ધામમાં જવાય અને આનંદ થાય. માટે આપને પણ તેવું કરવાનું છે કે મને અને આખા સત્સંગને રાજી કરવો. બધું મળશે પણ સ્વામી-મહારાજ તથા તેમના લાડીલા ગુણાતીત જ્ઞાનના સંત-હરિભક્તોને રાજી કરવાથી જે સર્વોપરી પ્રાપ્તિ થાય છે તેવું કોઈ સાધન રાજીપા જેવું નથી. તો આપને વગર પ્રયાસે તેવો જોગ રાજી કરવાનો મળ્યો છે તેવું માનશો ને અવસર સાચવી રાખશો. મોટા મોટા-સ્વામી ને નિષ્કુળાનંદ જેવા સદ્‌ગુરુઓ નિસ્પ્રેહી અને ત્યાગી હતા પણ મહારાજની ઇચ્છા જોઈ મંદિરની (સેવા) કરવી ને સત્સંગ વધારવો, તેવી સેવા મહારાજ અને આખા સત્સંગને રાજી કરવા સારુ સ્વીકારીને રાજી કર્યા. તેવી સેવા આપને મળી છે તો આપ પણ આવો અમૂલ્ય સેવાનો વખત ભૂલશો નહીં ને બહુ આદરથી સપ્રેમ સ્વીકારશો.*

*અત્યારે શ્રીજી-સ્વામી પરોક્ષ રહીને કોઈ ન જાણે તેમ, મને પણ ખબર પડતી નથી છતાં પોતે બંને અખંડ પ્રવેશ કરી બધું કામ કરે છે. તો મારી સેવા તે તેમની જ છે. મારો રાજીપો તે તેમનો જ છે. આપ સુજ્ઞ છો. પૂર્વાપરનું જાણવાવાળા છો. આપ કૃતકૃત્ય થશો ને બીજાને કૃતાર્થ કરશો. સમૈયે વેળાસર આવશો. એ જ દ. પોતે.*

•

હજુ તો છૂટા પડ્યે બે દિવસ માંડ થયા છે, ત્યાં હેતની અપ્રતીમ સરવાણી એક ધોધ બનીને જાણે વહી રહી હોય તેમ જણાઈ આવે છે.

'એક નંબરની પ્રતિષ્ઠા' મેળવી સ્વામીશ્રીનું 'સ્વાભાવિક હેત' પ્રાપ્ત કરવાના 'ભાગ્યશાળી' બની નારાયણસ્વરૂપદાસજીએ આજે 'બીજાને કૃતાર્થ કરશો' એ આજ્ઞા એટલી હદે પાળી બતાવી છે કે એમના કરુણા-પ્રવાહમાં આબાલવૃદ્ધ સૌ હંમેશાં અમૃત આનંદનો અનુભવ કરતા રહે છે.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની આવી હેતલવર્ષાના અનેક દસ્તાવેજો અને દસ્તાવેજી પ્રસંગોમાં બી.એ.પી.એસ. સંસ્થાના ભાવિ સૂત્રધાર પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય વ્યક્તિત્વનો એક અસાધારણ પરિચય આપે છે. એટલું જ નહીં, પરંતુ તેમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ભાવિ વૈશ્વિક પ્રતિભાનો પણ ભવિષ્યવાણી તરીકે સહજ નિર્દેશ છે. પ્રમુખસ્વામી મહારાજની પ્રમુખવરણીને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે ત્યારે, આ દસ્તાવેજોનું અલ્પ આચમન આપણને હૃદયમાં સંસ્થા અને સંસ્થાના ગુણાતીત સૂત્રધારો માટે ગૌરવ અને ગર્વની લાગણી પ્રગટાવી જાય છે. ◆



## મહાપ્રાસાદિક આંબલીવાળી પોળ, જ્યાં કાળજે કોતરાઈ છે

# ઈતિહાસની ચિરંતન પળો

*અનેક કષ્ટોની કાંટાળી કેડી પર ચાલીને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એટલે કે બી.એ.પી.એસ. સંસ્થાનો મંગલ પ્રારંભ કર્યો. એ મહાકાર્યના સુકાની તરીકે તેમણે પ્રમુખસ્વામી મહારાજને નિયુક્ત કરીને સંસ્થાના પાયા પાતાળે નાંખ્યા.*

*૭૫ વર્ષ પહેલાંના એ અવસરની ઐતિહાસિક ઝલક એ પ્રસંગના સાક્ષી શ્રી હકાભાઈ ખાચરની કલમે...*

*(સન ૧૯૫૦ના જૂન મહિનામાં મુદ્રિત 'સ્વામિનારાયણ પ્રકાશ'માંથી પુનઃ પ્રકાશિત)*

સંવત ૧૮૫૮ના કાર્તિક સુદ ૧૧ના સવારમાં, સોરઠ દેશે જેતપુર ગામમાં (મૂળુવાળાનું રાજ) ઉન્નડ ખુમાણના દરબારમાં લેઉવા પાટીદાર ભાણા પટેલ અને જીવો પટેલ (કાપડિયા)ના ઉત્તરાદા દરબારના ઓરડાની રવેશીમાં ઉદ્ધવના અવતાર શ્રી રામાનંદ સ્વામીએ મોટી સભા કરી અને સભા વચ્ચે ઊભા થઈ બોલ્યાઃ 'મુક્તાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી, રઘુનાથદાસ વગેરે મોટા સંતો છે, પણ આ અવસરે હું મારી ધર્મધુરા આ નારાયણમુનિને આપું છું; તે વયે નાના છે છતાં મારી ઇચ્છા છે માટે સર્વે ત્યાગી, ગૃહી રાજી રહેશો.' ત્યારે પર્વતભાઈ આદિક ગૃહસ્થ સત્સંગી, મયારામ આદિ વિપ્ર, ગોવર્ધન આદિક વણિક, ભાનુસિંહ આદિક ક્ષત્રિય સર્વે સત્સંગી તથા મુક્તાનંદ સ્વામી તથા મૂળજી બ્રહ્મચારી આદિ ત્યાગીઓ સર્વેએ હાથ જોડીને કહ્યું કે 'હે ગુરુ મહારાજ, તમારું પદ નારાયણમુનિને આપો છો તેથી અમે ઘણા રાજી છીએ.'

આ ઐતિહાસિક બનાવનું પુનરાવર્તન થયુંઃ સંવત ૨૦૦૬ના જેઠ સુદિ ૪, રવિવાર તા. ૨૧-૫-૫૦ના રોજ સાંજના પાંચ વાગે શાહપુર આંબલી પોળમાં અક્ષરપુરુષોત્તમ મંદિરમાં. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુવર્ય સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજશ્રીના પ્રમુખપદે બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ યાને શ્રી સ્વામિનારાયણ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીની જનરલ મિટિંગ મળી હતી. તે વખતે પરમ પૂજ્ય સદ્‌ગુરુ યોગીમહારાજ જ્ઞાનજીવનદાસજી, પૂજ્ય સદ્‌ગુરુ અક્ષરપુરુષોત્તમદાસજી, સદ્‌ગુરુ કોઠારી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ કોઠારી હરિજીવનદાસજી, કોઠારી અક્ષરસ્વરૂપદાસજી, કોઠારી ભક્તિવલ્લભદાસજી, કોઠારી ધર્મવલ્લભદાસજી, કોઠારી શાસ્ત્રી પુરુષોત્તમ-ચરણદાસજી, કોઠારી સોમા ભગત, કોઠારી રામજી ભગત વગેરે ત્યાગી સભ્યો તથા શેઠ શ્રી ચંપકલાલ સી. બેંકર, પૂજ્ય આશાભાઈ પ્રભુદાસ, પૂજ્ય વિનાયકરાય સાહેબ, પૂજ્ય હીરાભાઈ ચતુરભાઈ પટેલ, પૂજ્ય મથુરભાઈ મકનદાસ પટેલ, પૂજ્ય રામચંદ્રભાઈ ઠાકર, પૂજ્ય શેઠ નારાયણદાસ, પૂજ્ય છગનભાઈ પટેલ, પૂજ્ય શેઠ ભાઈચંદભાઈ, પૂજ્ય મોતીભાઈ પટેલ, પૂજ્ય ખત્રી રામજીભાઈ, પૂજ્ય સીદીભાઈ સાહેબ, પૂજ્ય બદ્રીનાથભાઈ વ્યાસ, પૂજ્ય ગિરધરભાઈ પટેલ આદિ ગૃહસ્થ સભ્યો હાજર હતા અને કમિટીનું કામકાજ શરૂ થતાં સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવી હતી. સેક્રેટરી રસિકલાલભાઈએ ગઈ મિટિંગનો અહેવાલ તથા સૂચનાપત્ર વાંચી સંભળાવ્યું હતું. ત્યારબાદ પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુવર્ય ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજે સ્વમુખે પ્રવચન કર્યુંઃ 'જેમ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને નાની ઉંમરમાં ગાદી સોંપી હતી, તેમ હું પણ આજથી મારા પ્રમુખ તરીકેની જગ્યાએ મારા સ્થાને સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની નિમણૂક કરું છું.' એમ કહી પોતાની પાસે ચાદર હતી તે તેઓશ્રીને ઓઢાડી અને

નારાયણસ્વરૂપદાસજીને સંબોધીને કહ્યું કે 'આ યોગી મહારાજ વચનસિદ્ધ અને બહુ પ્રતાપી સંત છે. તેમની છત્રછાયામાં રહી તમારે સત્સંગને દીપાવવાનો છે.' પછી સદ્‌ગુરુ પૂજ્ય યોગી મહારાજને કહ્યું કે 'તમો તેમને શુભ આશીર્વાદ આપો.' જેથી પૂજ્ય યોગીમહારાજે બે હાથ પૂજ્ય સદ્‌ગુરુ શ્રી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના માથે હાથ મૂક્યા અને આશીર્વાદ આપ્યા. આ વખતે સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવી સહર્ષ વધાવી લીધા હતા.

પૂજ્ય સ્વામીશ્રી કહે, 'મારી આજ્ઞા જેમ પાળતા આવ્યા છો, તેમ હવેથી આ સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની આજ્ઞામાં સૌ રહે.' સૌ રાજી થઈ હા પાડી કે 'સૌ આજ્ઞામાં રહીશું.' સૌએ જય બોલાવી. પછી સેક્રેટરી રસિકલાલભાઈએ નિમણૂક પત્ર વાંચી સંભળાવ્યો હતો. તેમાં પૂજ્ય સદ્‌ગુરુ સ્વામી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી માટે પૂજ્ય સ્વામીશ્રીએ જણાવ્યું છે કે 'મેં નીમેલી વ્યવસ્થાપક કમિટીના પ્રમુખ શ્રી સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી સદરહુ કમિટીના સભ્ય તરીકે તથા હાલ સારંગપુર અક્ષરપુરુષોત્તમ મંદિરના કોઠારી તરીકેની કારકિર્દી અતિ ઉજ્જવળ અને અભ્યુદયશાળી જણાવાથી તેમજ તેમને સારાયે સત્સંગમાં ખૂબ જ ચાહના હોવાથી સર્વે સત્સંગીઓનો મત અને અભિપ્રાય મેં મેળવીને, તેમજ મારી પોતાની પરીક્ષક શક્તિને ચકાસી જોઈને તેમને મારી જગ્યાએ સંસ્થાની વ્યવસ્થાપક કમિટીના પ્રમુખ તરીકે નિમણૂક કરી છે.' આ સાંભળી સૌ રાજી થયા હતા અને સ્વામીશ્રીની જયનાદો વચ્ચે સૌએ સહર્ષ વધાવી લીધા હતા. ત્યારબાદ કોઠારી શાસ્ત્રી પુરુષોત્તમચરણદાસજીની નિમણૂક કમિટીના સભ્ય તરીકે, સર્વાનુમતે કરવામાં આવી હતી. તેમજ કોઠારી રામજી ભગતની નિમણૂક પણ કમિટીના સભ્યપદે સર્વાનુમતે કરવામાં આવી હતી. અને સભ્ય શ્રી મિસ્ત્રી નરસીભાઈ ધરમસીભાઈ કોઈ મિટિંગમાં હાજર ન રહેતા હોવાથી તેમની જગ્યાએ શ્રી સીદીભાઈ નારણભાઈની નિમણૂક સર્વાનુમતે કરવામાં આવી હતી. પુરાણી નિરન્નમુક્તદાસજીની પણ સભ્યપદે પૂજ્ય સ્વામીશ્રીએ નિમણૂક કરી હતી. શેઠ રામજીભાઈ છગનભાઈ જેઓ વેપારી કામકાજ અંગે કમિટીની સેવા કરી શકે તેમ નહીં હોવાથી રાજીનામું આપ્યું હતું અને તેઓશ્રીની જગ્યાએ ખાચર શ્રી હકાભાઈ રૂખડભાઈની નિમણૂક સર્વાનુમતે કરવામાં આવી હતી. પછી સેક્રેટરી રસિકલાલભાઈએ સરવૈયા, હિસાબો, આવક-જાવક વાંચી સંભળાવેલ હતા. આ રીતે કમિટીનું કામકાજ ખૂબ જ શાંતિપૂર્વક થયું હતું. પૂજ્ય સ્વામીશ્રીએ નીચેના બે સદ્‌ગૃહસ્થ હરિભક્તોને કમિટીના સભ્યપદે નીમ્યા હતા.

(૧) ભક્તરાજ ખુશાલભાઈ શંકરભાઈ પટેલ ગામ નારના (સેક્રેટરી રસિકભાઈના દાદાશ્રી કે જેઓશ્રી ભગતજી મહારાજના પરમ કૃપાપાત્ર છે અને પૂજ્ય સ્વામીશ્રીના

આંબલીવાળી પોળના એ ઐતિહાસિક મંદિરની ઓસરી, જ્યાં પ્રમુખવરણીનો ઐતિહાસિક સમારોહ યોજાયો હતો



ગુરુભાઈ છે.)

(૨) ભટ્ટ મણીલાલ નાનાલાલ સલાડવાળા જેઓ સત્સંગની સેવા કરવામાં ખૂબ જ ઉત્સાહી છે.

આ પ્રસંગે ખાસ આમંત્રિત ગૃહસ્થો શ્રી કેશવલાલ કારભારી સાહેબ, શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી ખેંગારજીભાઈ ચૌહાણ, શ્રી ગોરધનભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી તુલસીભાઈ, શ્રી અર્જુનભાઈ ચાવડા, કોઠારી બબુભાઈ, શ્રી વસંતરાય પંડ્યા, શ્રી ભોગીલાલ ચોકસી, શ્રી મગનભાઈ સુરતવાળા, શ્રી રણછોડભાઈ, શ્રી પરસોત્તમ જોરાભાઈ, શ્રી પુરુષોત્તમ બ્રહ્મભટ્ટ, શ્રી બાબુભાઈ મિસ્ત્રી તથા રઢુ, સારંગપુર, ગોંડળ, જેતપુર, જુનાગઢ વગેરેના ઘણાં બધા હરિભક્તો હાજર હતા.

પરમ ભગવદી પા. ઈશ્વરભાઈ પ્રભુદાસે આ પ્રસંગે પૂજ્ય સ્વામીશ્રી અને નવા નિમાયેલા પ્રમુખશ્રી સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની પૂજા કરી, ચાદર ઓઢાડી સારી ભેટ મૂકી ફૂલહાર પહેરાવ્યા હતા. ત્યારબાદ પ્રવચન કર્યું હતું. 'જેમ શ્રીજીમહારાજે નાની ઉંમરમાં સત્સંગની ધર્મધુરા સંભાળી દિગ્વિજય કર્યો તેમજ અનાદિ મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી અને ભગતજી મહારાજ તથા આપણા ગુરુહરિએ પણ અનેક પ્રકારનાં કષ્ટો સહન કરી આ સત્સંગ સાચવ્યો છે. હવે આપ પણ નાની ઉંમરના હોવા છતાં ગુરુહરિના પરમ કૃપાપાત્ર બન્યા છો. તો જરૂરથી શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તન કરી સૌને વર્તન કરાવી વિજયવંત બનો.' આ પ્રસંગે સૌને મીઠાઈ પણ તેમના તરફથી વહેંચવામાં આવેલ હતી. બાદ મુક્તરાજ આશાભાઈએ નવા પ્રમુખશ્રીની સફળતા ઈચ્છી હતી અને પૂજન કર્યું હતું. શેઠશ્રી ચંપકલાલભાઈ અને તમામ સભ્યો, હરિભક્તોએ પૂજન કર્યું હતું. ત્યારબાદ પૂજ્ય નારાયણજી મહારાજ દાડમાવાળાએ વિધિપૂર્વક પૂજન કર્યું હતું અને ખૂબ જ આનંદ થયો હતો.

પૂજ્ય કોઠારી હરિજીવનદાસજીએ આનંદની લાગણી વ્યક્ત કરી કહ્યું કે 'તમામ સંતમંડળ તરફથી હું નવા પ્રમુખશ્રીને અભિનંદન પાઠવું છું અને અમારો સંપૂર્ણ સહકાર જાહેર કરું છું.' બાદ સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીએ પ્રવચન કર્યું હતું. બાદ હકાભાઈ ખાચરે અતિ ગળગળા બની આ અત્યુત્તમ પ્રસંગની નોંધ લઈ, પૂજ્ય સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે 'નવા નિમાયેલા પ્રમુખ સદ્‌ગુરુ શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીની એવી કીર્તિ ફેલાય કે તેઓ સારા હિંદમાં નહિ પણ પરદેશમાં પણ સંપ્રદાયના મહાન સંત તરીકે વિખ્યાત બની આપની કીર્તિ દિગંતમાં ફેલાવે અને તેઓ આપનું સ્વરૂપ બની આખા સત્સંગને આપના જેવો જ આનંદ કરાવે અને આપનો અભિપ્રાય પ્રવર્તાવી સત્સંગીઓને રાજી કરે તે માટે યોગ્ય શક્તિ તેમને આપો એવી પ્રાર્થના છે.' બાદ ખેંગારજીભાઈ ચૌહાણ સાહેબે પ્રવચન કર્યું હતું કે 'નવા પ્રમુખશ્રી સદ્‌ગુરુ સ્વામી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી ગુણાતીત સત્સંગની પ્રણાલિકા જાળવી, શ્રી સ્વામી સ્વરૂપ, બની સંપ્રદાયની કાળાંતર માટે પુષ્ટિ કરે એવી પ્રાર્થના કરી હતી અને પૂજ્ય સ્વામીબાપાને શરીરે તંદુરસ્તી રાખી સત્સંગને વધુ લાભ આપવા વિનંતી કરી હતી. ત્યારબાદ શેઠશ્રી ચંપકલાલભાઈએ પૂજ્ય સ્વામીશ્રીને વિનંતી કરી કે 'આપ ઓછાંમાં ઓછાં દસ વર્ષ તંદુરસ્ત સ્થિતિમાં સત્સંગનું સુખ આપો.' ત્યારબાદ ગઢડા અક્ષરપુરુષોત્તમનું મંદિર થાય છે તેના કામકાજ અંગે સલાહ માટે એક કમિટી નીચેના સભ્યોની નીમવા જાહેર કર્યું હતું અને સર્વાનુમતે મંજૂર થયું હતું:

સદ્‌ગુરુ શ્રી શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી (પ્રમુખશ્રી), સદ્‌ગુરુ કોઠારી હરિજીવનદાસજી (સભ્ય), સદ્‌ગુરુ કોઠારી અક્ષરસ્વરૂપદાસજી (સભ્ય), સદ્‌ગુરુ કોઠારી ભક્તિવલ્લભદાસજી (સભ્ય), રા. રા. સેક્રેટરી રસિકલાલ ધનજીભાઈ (સેક્રેટરી), રા. રા. હકાભાઈ રૂખડભાઈ (આ.સેક્રેટરી), રા. પા. ઈશ્વરભાઈ પ્રભુદાસ પુરુષોત્તમપુરા (સભ્ય), અર્જુનભાઈ રણછોડભાઈ, અમદાવાદ (તંત્રી), ઠાકર રામચંદ્રભાઈ મયારામ, નડિયાદ (સભ્ય).

ઉપર મુજબના સભ્યોને પૂજ્ય સ્વામીશ્રીએ શુભ આશીર્વાદ સાથે ગઢડા અક્ષરપુરુષોત્તમ મંદિરની સેવા અને કામ કરવાની આજ્ઞા કરી હતી. અને સૌ રાજી થઈ હા પાડી હતી. પૂજ્ય સ્વામીબાપાએ અત્યાર સુધીમાં જે સુખ-દુઃખ સહન કરી લાખો રૂપિયાનાં મંદિરો બંધાવી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ પધરાવી સત્સંગ અર્થે રાતદિન પર્યટન કરી અનેક જીવોનો મોક્ષ કરેલો છે અને દર્શન માત્રથી મોક્ષ કરે છે, તેમણે પોતાની સ્વેચ્છાએ વ્યવસ્થાપક કમિટીના પ્રમુખશ્રી તરીકે નિવૃત્તિ લીધી છે. તેઓશ્રીનો ખૂબ ખૂબ આભાર માની તેઓશ્રીના આપણા ઉપરના મહાન ઉપકારની આ પ્રસંગે નોંધ લેવામાં આવે છે. બાદ પૂજ્ય ગુરુહરિને આ સંસ્થાના અધ્યક્ષ તરીકે રહી સલાહ આપવા સારાયે સત્સંગ વતી પૂજ્ય શેઠ ચંપકલાલભાઈએ અરજ કરી હતી, જે તેઓશ્રીએ રાજી થઈ સ્વીકારી હતી અને પરમ પૂજ્ય શ્રી યોગી સ્વામીજીને સત્સંગના સાચા સંત અને વડીલ તરીકે પ્રમુખશ્રીને સલાહ, સૂચના આપવા અને જ્ઞાનોપદેશમાં સહાય કરવા વિનંતી કરી હતી. જે તેમણે માન્ય રાખી હતી.



### બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ૨૮ વર્ષની વયે લીધેલી

# પ્રમુખપદની અજોડ પ્રતિજ્ઞા


*આજથી ૭૫ વર્ષ પહેલાં તા. ૨૧-૫-૧૯૫૦ના ઐતિહાસિક દિવસે અમદાવાદની આંબલીવાળી પોળમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પાસેથી એમના કૃપાપ્રસાદ સમી ધુરા ગ્રહણ કરી ત્યારે ૨૮ વર્ષના સંત નારાયણસ્વરૂપદાસજી એટલે કે પ્રમુખસ્વામી મહારાજે કરેલા સંબોધન અને એમની અજોડ પ્રતિજ્ઞા પ્રસ્તુત છે, આ પ્રતિજ્ઞામાં તેમની અજોડ સાધુતા, નમ્રતા, ભક્તિ અને નિઃસ્વાર્થ સેવાભાવનાનું સહજ દર્શન થાય છે. (સન ૧૯૫૦ના જૂન મહિનામાં મુદ્રિત 'સ્વામિનારાયણ પ્રકાશ'માંથી પુનઃ પ્રકાશિત)*

'મારા જીવનપ્રાણ ગુરુહરિ પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુવર્ય સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજશ્રી તથા પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, સર્વે સદ્‌ગુરુઓ, સંતવર્યો, પાર્ષદો તથા સમસ્ત સત્સંગીઓ.

પૂજ્ય ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજશ્રીએ મારા ઉપર મહાન કૃપા કરી મને ઉપકૃત કર્યો છે અને વ્યવસ્થાપક કમિટીના પ્રમુખ તરીકેની જવાબદારી ભરી સેવા મને સોંપી છે તે તેઓશ્રીનો મારા ઉપરનો મહાન અનુગ્રહ જ છે. ગુરુશ્રીએ પિસ્તાળીસ વર્ષ દરમિયાન બોચાસણ, સારંગપુર, ગોંડળ, અટલાદરામાં લાખો રૂપિયાનાં મંદિરો કરી, અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ મધ્ય મંદિરે સ્થાપન કરી, આ ભરતખંડમાં ઉપાસનાની પ્રવૃત્તિ કરી, અનેક મુમુક્ષુઓને આત્યંતિક કલ્યાણના આ નિભાવ માટે ધુધુબાજ માર્ગ ખુલ્લો કરી આપેલો છે. અને તે મંદિરોની મિલકતો સંપાદન કરી, કાલાંતરની પુષ્ટિ માટે વ્યવસ્થા કરી છે; જેને માટે આપણે તમામ આશ્રિતો, તેઓશ્રીના અતિશય ઋણી છીએ. હવેથી તે સંસ્થાનાં મંદિરોના વહીવટ માટેની જવાબદારી મારી, તેમજ કમિટીના સભ્યો, તમામ સંતો, તેમજ બધા જ આશ્રિતોની છે. તો હવે આપણે બધાએ તન, મન, (અને ગૃહસ્થોએ) ધનથી સેવા કરી આ સંસ્થાને પૂર્ણ વિકાસવાન બનાવવાની છે; અને ગુરુહરિના ઉપદેશનો પ્રચાર જગતભરમાં પ્રસરે, તે માટે પણ સૌએ સેવા કરવાની છે. આજના મંગલ દિને હું મારા અંતઃકરણથી ગુરુહરિને નમ્ર પ્રાર્થના કરું છું કે મારામાં જે શક્તિ, જ્ઞાન અને પ્રેરણા છે તે બધું જ આપે આપેલું છે. અત્યાર સુધીનું મારું ત્યાગાશ્રમી જીવન આપ દયાળુની સેવામાં જ વીતાવ્યું છે. હવે આ ભગીરથ સેવા કરવાની જે આજ્ઞા આપે મને કરી છે તે માટે સંપૂર્ણ શક્તિ અને બળ આપશો. તેમજ આપના સમગ્ર આશ્રિતો તન, મન, ધનથી સુખિયા રહે, આ લોકમાં તેમને કોઈ પ્રકારનું કષ્ટ કે દુઃખ ન આવે, અને સુખેથી સ્વામીશ્રીજીનું ભજન કરી અંતે અક્ષરધામમાં નિવાસ કરે તેવો આશીર્વાદ માગું છું. વળી, ભૂલે-ચૂકે પણ અક્ષરપુરુષોત્તમ મહારાજનું નામ લે તેને પણ આપ આપના પ્રૌઢ પ્રતાપ વડે અક્ષરધામ બક્ષિસ આપશો.

હું આજે આપ ગુરુશ્રી તેમજ આ સભા સમક્ષ પ્રતિજ્ઞા કરું છું કે મારું કર્તવ્ય બરાબર બજાવી, આપની સંસ્થાને, મારા દેહની પરવા કર્યા સિવાય પૂર્ણ રીતે વફાદાર રહી, આપનો કૃતકૃત્ય બનીશ. આપે આ અક્ષરપુરુષોત્તમ જ્ઞાનરૂપી બગીચો ખીલવ્યો છે, તેની પૂરતી રીતે અભિવૃદ્ધિ થાય, તેના માટે હું દરરોજ સંપૂર્ણ કાળજી અને ખંત રાખી, સેવા કરી, સમગ્ર સત્સંગના આશીર્વાદ મેળવવા અભિલાષા રાખું છું. તે પણ આપશ્રી પૂર્ણ કરશો.

મારાં તમામ સત્સંગ હિતનાં સેવાનાં કાર્યોમાં પૂજ્ય સદ્‌ગુરુ યોગીજી મહારાજ, પૂજ્ય સદ્‌ગુરુ અક્ષરસ્વામી, સદ્‌ગુરુઓ, વડીલ સંતો, પાર્ષદો તેમજ તમામ આશ્રિતોને પણ હું ખાસ શુદ્ધ હૃદયથી વિનંતી કરું છું કે આપ સૌ મને સંપૂર્ણ સહકાર આપશો, જેથી આ મહાન સેવા કરવા હું શક્તિવાન બનું.' ◆



## નવયુવાન સંત નારાયણસ્વરૂપદાસજી પર ગુરુ શાસ્ત્રીજી મહારાજની

# હેતલ વર્ષાના અમર દસ્તાવેજો

*બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અનેક કષ્ટો વેઠીને ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રબોધેલા વૈદિક સિદ્ધાંતને પ્રવર્તાવવા માટે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. આ પુરુષાર્થની અમૃતગંગા અવિરત વહેતી રહે તે માટે તેઓએ પોતાના ભાવિ અનુગામી તરીકે એક સુવર્ણપાત્ર પસંદ કર્યું હતું - નવયુવાન સંત શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી એટલે કે આજે જેમને વિશ્વ મહાન સંતવિભૂતિ તરીકે ઓળખે છે એ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ. ૭૫ વર્ષ પહેલાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે રૂબરૂ અને પત્ર વ્યવહાર દ્વારા પોતાના આ કૃપાપાત્ર શિષ્ય પ્રમુખસ્વામી મહારાજ પર કેવી અદ્‌ભુત હેતલ વર્ષા વરસાવી હતી, તેના અનેક દસ્તાવેજી પુરાવાઓ સંપ્રદાયના આર્કાઈવ્ઝમાં ભંડારાયેલા છે. એમાંથી એક આચમન અહીં પ્રસ્તુત છેઃ*

૧૯૪૬, મે માસના અંતિમ દિવસો ચાલતા હતા. દરમ્યાન શાસ્ત્રીજી મહારાજ અટલાદરા રોકાયા હતા. પગે વાની ઉપાધિ એટલી બધી હતી કે જમીન પર પગ માંડી શકાતો નહીં. તેઓ યુવાન સંત શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના રૂપાની ઘંટડી જેવા મધુર સ્વરે કલાકો સુધી ભક્તચિંતામણિ ગ્રંથનું શ્રવણ કર્યા કરતા. વચ્ચે સંપ્રદાયની જૂની વાતો પણ કરતા ને અનિમેષ દૃષ્ટિએ - જાણે પોતાની સામર્થી, શક્તિ, તેજનો પ્રવાહ આ નાનકડા સંતમાં રેડતા હોય તેમ તેમની સામે જોઈ બેઠાં બેઠાં ડોલવા લાગતા.

યોગીજી મહારાજને આ સમાચાર મળ્યા કે શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી મધુરસ્વરે સ્વામીશ્રીને ભક્તચિંતામણિ સંભળાવી ખૂબ રાજી કરી રહ્યા છે. આ સમાચારથી યોગીજી મહારાજ પણ હર્ષથી પુલકિત બની ગયા!

નાદુરસ્ત તબિયત હોવા છતાં અને પગે વાની ખૂબ જ તકલીફ હોવા છતાં ૮૨ વર્ષની ઉંમરે પણ શાસ્ત્રીજી મહારાજ જો જરાક પણ સારું થાય ને અનુકૂળ હોય તો વળી હરિભક્તોને રાજી કરવા તેઓ એક-બે ગામો 'ખેડી' નાખતા. આ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજ આણંદ પાસે ગાના પધાર્યા, ત્યારે નારાયણસ્વરૂપદાસજીથી દૂર રહેવાનું થયું. એટલા જ વિયોગમાં તેઓથી રહેવાયું નહીં. નારાયણસ્વરૂપદાસજીને પણ પુનઃ સારંગપુર જવાનું નક્કી થયું હતું. એક અદ્વિતીય પત્ર પોતાના આ ભાવિસૂત્રધાર ઉપર તેઓએ અત્યંત પ્રેમભાવથી લખી દીધો.

પોતાની જીવનભાવના, આર્ષદૃષ્ટિ, પ્રેમાળ વાત્સલ્ય અને



અદ્‌ભુત પ્રેરણાથી નીતરતો આ પત્ર આપણું હૈયું ભીંજવી જાય છે. સાદા શબ્દોમાં કેટલી શક્તિ! સરળતામાંય કેટલી વેધકતા! નારાયણસ્વરૂપદાસજી ઉપર સહજ કૃપા કહી શકાય તે કક્ષાના પ્રેમની કેવી અનેરી વર્ષા! આ પત્ર લખવામાં શાસ્ત્રીજી મહારાજે ક્યાંય એક છેકો પણ માર્યો નથી, બસ, માતાના વાત્સલ્ય સમી અસ્ખલિત વહેતી જીવનભાવના સાથે તેમણે કલમેથી લખી દીધું:[1]

*'શ્રીજી સ્વામી સત્ય છે'*

*તા. ૩૧-૫-૪૬*

*સ્વસ્તીશ્રી અટલાદરા મહાસુભ સ્થાને પરમ ભગવદી સંત શીરોમણી શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી પ્રતે, ગાનાથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદપુર્વક જય શ્રી સ્વામીનારાયણ વાંચસો.*

*વી. આપની ચિઠી રામજીભગતના પત્ર ભેલી આવી તે મલી છે. અતરે ધુળાભાઈ, ચતુરભાઈ સોમાભાઈ વિગેરેના આગ્રહથી ને અગાઉથી વાયદો કરેલ ત. લાકડાં ચડાવાનું કામ પણ હતું તેથી પાંચમ-છઠ સુધી રોકાવાનું થસે. સૌને ઉત્સાહ સારો છે. મારે શરીરે જેમ હતું તેમ ચાલે (છે.) દીવસે દીવસે તદ્દન ખોરાક ઓછો થતો જાય છે. શ્રીજી-સ્વામીની ઈચ્છાનુસાર થસે.*

*આપડે તો તેમના દાસ છૈયે. તેથી જેમ તેમની ઈચ્છા તે આપણું પ્રારબ્ધ છે. (સેવામાં) ધર્મવલ્લભદાસ છે. તેથી કોઈ પ્રકારે સેવામાં અડચણ, ખામી નથી, તો આપ તે વાતની ચીંતા કરસો નહીં. (હવે) સુખેથી ત્યાં (સારંગપુર) રોકાઈને ત્યાં પુલ ને દરવાજાનું ત. મંદીરનું-ચોરાનું અધુરું કામ પુરું કરવું. સારી રીત્યે ચીત્ત ઘાલી કોઠારી અક્ષરસ્વરૂપદાસ, મોતી ભગત, મીસ્તરી હરીભાઈ ત. લીલાધરભાઈને ટકોર કરતા રહેસો. જેમ બને તેમ વરસાતની પહેલા બને તેમ કરસો.*

*આપ મારી સાથે હતે તો મને (ભક્તચિંતામણિની) કથાનો ત. હેતને લઈને હમેસાં દર્શન-પ્રરશનો તમારો જોગ રહે તેથી મનનો ઘણો સંતોષ છે, તમ પર સ્નેહ ને હેત કુદરતી રહ્યા કરે છે. ભારે પુણ્યના જોરે આ જોગ થઈ ગયો છે. ને કુદરતી મારું મન તમારામાં રહ્યા કરે છે.*

*આપ બુદ્ધીશાળી છો, ને પુરણ સમઝો છો કે મારી ઉપર સ્વામીને હેત ને ભાવ છે, તેવો બીજામાં નથી. કેમ કે (મારે) સેવા કરાવવાનો સ્વાર્થ તો નથી. તે તો અત્યારે દરેક ઠેકાણે હરીજનો કરે છે. ને સાધુઓમાં પણ દરેકને લાગણી, તેથી અખંડ સેવામાં ઊભા રહે છે. માત્ર તમારા પુરતો અતીસય દાન, પુન્ય ને શુભસંસ્કારથી મારે તમારાથી છેટે રહેવું તે ગમતું નથી. જીવમાં અસંતોષ રહ્યા કરે છે, તેથી ભેગું રહેવાય તેમ મનમાં રહ્યા કરે છે. પણ આપને જેમ સમાસ થાય તેમ કરેલ છે. જો ભેગું રહે સમાસ હોય તો ભેગા રહેસો, ને છેટું રહે સમાસ હોય તો છેટા રહેસો. તેમાં અંતઃકરણથી હું રાજી છું. આપને ભેગું નથી રહેવાતું તે પણ ધન્ય છે એમ માનસો. પણ છેટું રહેવાથી હેત - પ્રેમ વધે છે. તેથી મહારાજ તેવી બુદ્ધી પોતાના સમાસ સારુ આપે છે. તેમ હું સમજું છું. તેથી તમારે હેત કે પ્રેમ ઓછો છે, તેમ હું માનતો નથી. તેથી છેટે રહો તેમાં રાજી છું. તો આનંદમાં રહીને અખંડ સત્સંગની સેવાનો વધારો કરવામાં તાન રાખસો.*

*વી. તમને ભેગા રહેવાનું મને તાન, તો નવી નવી કેટલી જાણવા જેવી વાતો ને સત્સંગ(માં) તમારી પ્રસીધી થાય. 'આ સ્વામી મુખ્યવટ શીખ્યા છે. ભવીષ્યમાં સ્વામીનું નામ અચળ રાખે તેવા છે.' તેવો સૌને આપનો ભાર પડે તે આશીર્વાદ આખા સત્સંગનો મળે, અત્યારે આપણને તેવો (પ્રતાપ) જણાતો નથી, પણ આજે પ્રહ્લાદ ને અમ્રીસ (અંબરીષ) જેવા સરવે આ વખતે આપડા મંડળમાં હરીભક્તો છે.*

*અત્યારે તન, મન, ધનથી જેવી મહારાજ છતાં, સ્વામી છતાં સેવા કરતા, તેવી કરે છે. ને તેવો પ્રેમ ને ભક્તીભાવ છે. તેવા સત્સંગમંડળમાં આપ(નું) મુખ્યસ્થાન છે. તેથી અતી આનંદમાં રે'વાનું છે. (કોઈના) દેહના સ્વભાવ સામું જોવાનું નથી. અત્યારે સત્સંગનો જોગ થયો છે ને મોટાની આપણા ઉપર દયાદૃષ્ટિ છે. તેથી અહોભાગ્ય માનવાનું છે. (સરદાર) વલભભાઈ, વીઠલભાઈ, ઝવેરીલાલ (જવાહરલાલ નહેરુ) જેવા રજોગુણીને પણ જ્યારે આગળ થવાનો વીચાર ગાંધીના સંગથી થયો ત્યારે દારૂપાન જેવા વ્યસન ત્યાગી મહાત્મા થઈ ગયા. માત્ર મનમાં ધાર્યું ને સુરતપણું રાખ્યું ત્યારે થયું. તેમ અત્યારે સ્વામી ને મહારાજની દયાદૃષ્ટિ છે, ને ઉત્તમ જોગ મળ્યો છે, તો સુરવીર થઈ, સર્વોપરી સેવા કરવી ને ખાસ એક વરતી પુરોવવી તેમ અર્જુનની પેઠે ધારવું, તો કસું કઠણ નથી. સ્વામીએ કહ્યું છે કે પોતાને આત્મા માનીને, પુરણકામ માની બળવાન થઈ સત્સંગનો ભાર ઉપાડવો છે. બહુ જ સ્વામી ને મહારાજ રાજી છે. અત્યારે તો આખો સત્સંગ આપની સામું જોઈ રહ્યો છે.*

*પણ આપ વીચારો કે અત્યારે આપના ઉપર પ્રેમ સૌનો - જોગી જેવાનો છે, તે અતી બહું ભાગ્ય માનવા જેવું છે. ને*

૧. અહીં પ્રસ્તુત પત્રોની જોડણી મૂળ પત્ર મુજબ યથાતથા રાખી છે.

*મોટાનું બળ રાખી અર્થં સાધયામિ કે દેહં પાતયામિ, એમ કરવાનું છે. આ લોકના સર્વ (મનસુબા) પડ્યા મુકી અક્ષરધામ જવાનો આદર કરવાનો છે.*

*ભવીષ્યમાં સારી સેવા થાય તે આપ બે વરસ વખત લાવી મન જીતીને ભાગવત, ગીતા જેવા જરૂરના ગ્રંથ ભણવાની જરૂર છે. ભણવામાં આજે એકાગ્ર ચિત્તે કરી અભ્યાસ કરો.*

*એ જ દા. પોતાના. પોંચ્યાનો ઉત્તર અતરે જરૂર લખસો.*

•

સન ૧૯૪૭ના જાન્યુઆરી માસની વાત છે. શાસ્ત્રીજી મહારાજ આણંદ, ગાના, મેઘવા, સરસવણી તરફ હરિભક્તોને દર્શન દેવા પધાર્યા હતા. ત્યારે નારાયણસ્વરૂપદાસજી અટલાદરા જ બિરાજમાન હતા. કોઈ વ્યક્તિએ ભૂલ કરી હશે, તેની જાણ થતાં તેના પર પગલાં લેવાં પડે તેમ હતાં. પરંતુ તેની ઉપર દયા કરી નારાયણસ્વરૂપદાસ સ્વામીએ તેને ક્ષમા આપી દીધી અને તે વિગતનો પત્ર તેમણે શાસ્ત્રીજી મહારાજ ઉપર લખી મોકલ્યો. વળી 'વિનયપૂર્વક' લખ્યું કે 'તેની ઉપર પગલાં લીધાં નથી ને દયા આણી લાગણી રાખી છે.'

શાસ્ત્રીજી મહારાજ આ પત્ર વાંચી પ્રસન્ન થયા અને તરત જ તા. ૮-૧-૪૭ના દિવસે સુંદર પત્ર લખી ક્ષમાની ભાવના દઢાવતાં કહ્યું:

*સ્વસ્તિશ્રી અટલાદરા મહાશુભસ્થાને પરમ સ્નેહી સ્વામીશ્રીજીના લાડીલા શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને સદા આનંદમય જીવન વીતે તેમ સ્વામીશ્રીજી પાસે માંગણી છે.*

*વિ. આપે જે કાગળ મને વિનયપૂર્વક લખ્યો છે તે બરાબર છે. પરંતુ દેશકાળે કોઈની મતિ સવળી થાય, તે માફી માંગે ત્યારે આપણે અંતઃકરણમાં દયાની લાગણી થઈ જાય તે સ્વાભાવિક છે. વ્યવહારદૃષ્ટિએ ને નીતિદૃષ્ટિએ પણ જે શરણાગત થાય છે, ત્યારે તેના ગુના નાના હોય કે મોટા હોય તેને ક્ષમા અપાય છે. એવા ઘણા દાખલા છે. સત્સંગમાં પણ જીવાખાચરે દાદાખાચરનો દ્રોહ કર્યો હતો ને તેના પક્ષથી મહારાજને (માટે) મારા (હત્યારા) મુક્યા હતા. છતાં દેહ મૂકતી વખતે બોલાવી માફી માગી ત્યારે મહારાજે તેના દોષ ન જોતાં જે ગુણ હતા તેને આગળ કરી ક્ષમા કરીને કૃતાર્થ કરી અક્ષરધામમાં મૂકી દીધા. ને ગુણાતીતાનંદ સ્વામી ઉપર હરગોવિંદદાસે બેલું પડતું મુક્યું. ત્યારે સ્વામી ખસી ગયા ને કહ્યું કે 'તારો માર્યો નહિ મરૂં.' તે પાછળથી આખી જીંદગી ટેલ કરતો હતો. પણ વઢવાણની મૂર્તિ પધરાવી ત્યારે મારી વાતથી ને તેનું ધાર્યું કામ કરી આપવાથી ગુણ આવ્યો ને સ્વામીના બે વરસ ગુણ ગાયા ને ઉઘાડે છોગે વડોદરાની સભામાં પક્ષ લીધો. તેથી સ્વામી તેના ગુના તથા દોષ ન જોતાં તેડવા આવ્યા ને તેનો સેવક પ્રભુજીવનદાસ હતો તેને દર્શન દીધાં ને રણછોડભાઈ હરિભક્ત હતો તેને અને આપણો શિવશંકર તે બેઉને ગુણ હતો. તેને દર્શન દીધાં ને કહ્યું કે 'હરગોવિંદદાસને મારો સદ્‌ભાવ છે ને જુનાગઢમાં મારી સેવા કરી રોટલો જમાડ્યો હતો તેથી તેને કાલે ધામમાં તેડી જઈશું.' કહી ધામમાં તેડી ગયા. ...તેમ ભગતજીના તો હજારો દાખલા છે તે રૂબરૂ કહીશ. માટે મારો સ્વભાવ એવો છે કે કોઈ હેત બતાવી ક્ષમા માગે તો આપવી ને તેની ઉપર દયા કરવી તેથી આપ રાજી રહેશો. આપ વિદ્વાન છો અને ક્ષમાશાળી છો ને સમજુ છો...તો સ્વામીશ્રીજીની આજ્ઞા-ઉપાસનામાં સુખ છે..*

*દઃ પોતાના.*

પગલે પગલે અપમાનો થતાં, તેને ઉમંગનો અવસર માની જેમણે ઉત્સવની જેમ વધાવી લીધાં હોય તે મહાપુરુષ પોતાના લાડીલા શિષ્યને, સત્સંગના ભાવિસૂત્રધારને ક્ષમાશીલતાના ગુણમાં પુષ્ટિ આપે છે, તે કેટલી વિશાળ હૃદયભાવના!

•


સન ૧૯૪૭માં આઝાદી મળ્યાને બેએક મહિના વીત્યા હતા. શાસ્ત્રીજી મહારાજની કૃપાથી આઝાદીના આંદોલનમાં જોડાયેલા હરિભક્તો દેશની સેવામાં સમર્પિત હતા. તો બીજી તરફ બી.એ.પી.એસ. સંસ્થાના પાયાની રચના પણ જોરશોરથી થઈ રહી હતી. એમાં પણ સંતો-ભક્તો સમર્પિત ભાવે જોડાયા હતા. એ અરસામાં શાસ્ત્રીજી મહારાજ આણંદ આવી બે દિવસ રોકાયા હતા. એ દરમ્યાન બોચાસણથી નારાયણસ્વરૂપદાસજીએ સારંગપુરમાં દરવાજો થઈ રહ્યો હતો તે અંગે વિગત જણાવી કામની ઝડપ વધારવા આજ્ઞા માંગી હતી. શાસ્ત્રીજી મહારાજ એ નાના સંતનો પત્ર ભાવથી જોઈ રહ્યા. વાંચીને ઊમળકો આવી ગયો. આ નાનકડા શિષ્યમાં તેમને અખૂટ વિશ્વાસ હતો. છેલ્લા એક વર્ષથી આ સંત સારંગપુર સમા વિરાટ મંદિરનો કાર્યભાર કોઠારી તરીકે કુશળતાપૂર્વક સંભાળી રહ્યા હતા.

હજુ તો ૨૫ વર્ષની ઉંમર માંડ હતી, તેવા સમયે શાસ્ત્રીજી મહારાજ તેમને માટે કેવી અમર આશાઓ વ્યક્ત કરે છે!! ભવિષ્યમાં સંસ્થાના સૂત્રધાર થવા સર્જાયેલા, લાખોના હૃદયસમ્રાટ થવા સર્જાયેલા આ યુવાન સંત માટે શાસ્ત્રીજી મહારાજે કેટલું ઉજ્જવળ ભાવિ ભાખેલું? એ

(અનુસંધાન પૃષ્ઠ ૨૩ ઉપર)

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## સૂર્યપુરવાસીઓને આધ્યાત્મિક લાભથી કૃતાર્થ કરતા મહંત સ્વામી મહારાજ...

તા. ૩-૪-૨૦૨૫થી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ગુજરાતની સોનાની મૂરત સમી સુરત નગરીમાં કણાદ ખાતે નિર્માણાધીન અક્ષરધામની પવિત્ર ભૂમિ પર બિરાજીને આધ્યાત્મિક લાભ આપી રહ્યા છે. માનવમાત્રના કલ્યાણની ખેવના સાથે વિચરતા સ્વામીશ્રી ૯૨ વર્ષની ઉંમરે પણ દિવસભર સત્સંગ-સભાઓ, વ્યક્તિગત મુલાકાતો, સંસ્થાકીય વિમર્શો કે અનેકવિધ આધ્યાત્મિક કાર્યક્રમો દ્વારા પુરુષાર્થમય રહે છે. એ પરંપરા મુજબ સ્વામીશ્રી અહીંના રોકાણ દરમ્યાન દક્ષિણ ગુજરાત તેમજ અન્ય દૂર-દૂરનાં સત્સંગ-કેન્દ્રોમાંથી મોટી સંખ્યામાં ઊમટતા ભક્તો-ભાવિકોને નિયત દિવસોએ પ્રાતઃ પૂજાનાં દર્શન, કથામૃત તેમજ સાંજની વિશિષ્ટ સત્સંગ સભાઓમાં જ્ઞાનામૃત વહાવી બ્રહ્માનંદ કરાવી રહ્યા છે. સ્વામીશ્રીની ઉપસ્થિતિથી અહીં હરિભક્તોનાં હૈયે ભક્તિની હેલી ઊભરી છે. સ્વામીશ્રીના નિરામય દીર્ઘાયુ માટે સેંકડો બાઈ-ભાઈ હરિભક્તો વ્રત-તપ-ઉપવાસ, પદયાત્રા દ્વારા ગુરુભક્તિ અદા કરી રહ્યાં છે.

ગત અંકમાં આપણે, સ્વામીશ્રીની નિશ્રામાં અહીં ઊજવાયેલા કેટલાક કાર્યક્રમોનો આસ્વાદ માણ્યો હતો. ત્યારપછીના વિશિષ્ટ કાર્યક્રમોની એક ઝાંખી અહીં પ્રસ્તુત છે...

■ **યુવા દિન**

તા. ૨૦-૪-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં 'યુવા દિન' ઊજવાયો હતો. આજે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી જ યુવકોનું સામ્રાજ્ય છવાયું હતું. પૂજામાં યુવકોએ 'પ્રાપ્તિ' વિષયક વિવિધ કાર્યક્રમ રજૂ કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા ઝીલી હતી.

સાયંકાળે યોજાયેલી યુવા દિનની સભામાં યુવકો દ્વારા કીર્તન-ભક્તિ અને વિવિધ પ્રેરણાદાયી સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થયા હતા. 'નિર્ણય' એ વિષયક પ્રેરક સંવાદની રજૂઆત થઈ, જેમાં યુવાનોના જીવનના અગત્યના ત્રણ તબક્કાઓ – શિક્ષણ, વ્યવસાય અને લગ્ન જીવનમાં આવતાં અનેક વિઘ્નો વિશે યોગ્ય દિશાસૂચન કરતા પ્રેરક કાર્યક્રમો રજૂ થયા હતા. પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી, પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામી, પૂજ્ય મુનિવંદનદાસ સ્વામી તથા અન્ય સંતોએ આ વિષયક પ્રેરક પ્રવચનોમાં વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

અંતે યુવકોએ પરમ પૂજ્ય સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી હતી. સ્વામીશ્રીએ સૌ યુવકોને શિક્ષણ, વ્યવસાય અને જીવનલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.

■ **પહેલગામમાં થયેલા આતંકી હુમલાના અસરગ્રસ્તો માટે ભાવપૂર્ણ પ્રાર્થના**

તા. ૨૨-૪-૨૦૨૫ના દિવસે જમ્મુ અને કાશ્મીર રાજ્યના પહેલગામ ખાતે આતંકી હુમલો થયો હતો. આ હુમલામાં ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. સમગ્ર દેશ અને દુનિયાના લોકોએ આ અપરાધી કૃત્યને વખોડી કાઢીને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતિ મળે, પરિવારજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે, ઈજાગ્રસ્ત લોકો ઝડપથી સ્વસ્થ થાય, આતંકવાદ નાબૂદ થાય અને સૌની રક્ષા થાય, સર્વત્ર શાંતિ અને સલામતી સ્થપાય તે માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભાવપૂર્ણ હૃદયે પ્રાર્થના કરી હતી.

આજે સ્વામીશ્રીની પ્રાતઃપૂજાનાં દર્શનાર્થે પધારેલા હજારો ભક્તો-ભાવિકોએ પણ પ્રાર્થનામાં જોડાઈને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. બી.એ.પી.એસ.નાં અન્ય મંદિરોમાં પણ વિશાળ સંખ્યામાં સંતો-ભક્તોએ ભગવાનનાં ચરણે પ્રાર્થના કરી હતી.

આજે પરમ પૂજ્ય સ્વામીશ્રીએ જ્ઞાનવત્સલદાસ સ્વામી લિખિત 'Inspired' પુસ્તકનું વિમોચન કર્યું હતું.

■ **વિશ્વશાંતિ મહાયાગ**

સુરતના કણાદ ખાતે નિર્માણ પામી રહેલા ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામના પરિસરમાં નિર્માણ પામેલા 'પ્રાર્થના મંદિર'ના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૭ અને ૨૮ એપ્રિલના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો. આ મહાયજ્ઞ માટે સ્વામીશ્રીએ સૂર્યકિરણોમાંથી જ્યોત પ્રજ્વલિત કરીને વિશ્વશાંતિ મહાયાગનો મંગલ પ્રારંભ કર્યો હતો. વિશાળ યજ્ઞશાળાની મધ્યમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરા વિરાજમાન થઈને સૌ પર કૃપાદૃષ્ટિ રેલાવતા હતા.

પરમ પૂજ્ય સ્વામીશ્રી અને સદ્‌ગુરુ સંતોના સાંનિધ્યમાં યોજાયેલા દ્વિ-દિવસીય મહાયાગના યજમાનપદે બિરાજવાનો ૨૫૦૦ જેટલા ભક્તો-ભાવિકોએ લાભ લીધો હતો. વહેલી સવારથી જ યજમાન ભક્તો નૂતન વસ્ત્રાલંકાર ધારણ કરીને, અંતરના ઊમળકા સાથે યજ્ઞમાં પધારતા હતા ત્યારે યુવક-યુવતીઓ તેમના ભાલે ચાંદલો અને હાથે નાડાછડી બાંધીને તેમને સત્કારતાં હતાં. ત્યારબાદ સૌએ પોતપોતાના યજ્ઞકુંડ પર બેસીને વિશ્વશાંતિની મંગલકામનાઓ સાથે, વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞનારાયણને આહુતિઓનું અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

યજ્ઞશાળામાં પધારેલા પરમ પૂજ્ય સ્વામીશ્રીનું સંતોએ સ્વાગત કર્યું હતું. સ્વામીશ્રી અને સદ્‌ગુરુ સંતોએ યજ્ઞનારાયણને આરતી-અર્ઘ્ય અર્પણ કર્યું હતું. વરિષ્ઠ સંતોએ યજ્ઞશાળામાં વિરાજમાન મૂર્તિઓનું પૂજન કર્યું હતું. વિશેષમાં સ્વામીશ્રીએ અહીંની મૂર્તિઓ નીચે તથા અન્ય મંદિરોની મૂર્તિઓ નીચે પધરાવવાનાં યંત્રોનું પૂજન કર્યું હતું. સૌ કોઈ આ નયનરમ્ય મૂર્તિઓ અને સ્વામીશ્રીનાં સમીપદર્શન પામીને ધન્યતાથી છલકાઈ ઊઠ્યાં હતાં.

પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતાં જણાવ્યું, "યજ્ઞમાં જેણે જેણે ભાગ લીધો તે બધા તને-મને-ધને સુખી થાય અને બ્રહ્મવિદ્યાથી યુક્ત થાય. બધાના સંકલ્પ સિદ્ધ થાય અને આ સંકુલ વહેલામાં વહેલી તકે પૂરું થાય. ખાસ તો પ્રાર્થના મંદિર છે એટલે અહીં જોરદાર બધી પ્રાર્થનાઓ થશે. બધી પ્રાર્થનાઓનો અંત અહીં આવશે. અને બધા ખૂબ સુખી થશે.

પ્રાર્થના મંદિર છે એટલે મહારાજ-સ્વામી બધાને આશીર્વાદ આપે છે. સૌનું જીવન ભક્તિમય બને,

ભક્તિ ખૂબ વધે. કેમ કે ભક્તિ માટે જ આ સંકુલ છે... પ્રાર્થના મંદિર કહેવાય છે એટલે અહીં આવીને ખૂબ ભાવથી, પ્રેમથી ભક્તિ કરશો તો એનું ફળ અનેકગણું મળશે.''

## ■ વિદ્યામંદિર દિન

તા. ૨૭-૪-૨૦૨૫ના રોજ સાયંકાળે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં 'જેણે રંગો ભર્યા...' મધ્યવર્તી વિચાર સાથે વિદ્યામંદિર દિન ઊજવાયો હતો. સુરત ખાતે સંસ્કાર સાથે શિક્ષણ આપી રહેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર અને છાત્રાલયના વિદ્યાર્થીઓએ કીર્તન-ભક્તિની રજૂઆત બાદ કલાત્મક વેશભૂષા સાથે રસપ્રદ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. શિશુઓએ પણ સ્કીટ દ્વારા પુરુષાર્થ, સંસ્કાર અને સદ્‌ગુણો રૂપી સ્વામીશ્રીના રંગે રંગાવું... એવો સંદેશ દૃઢાવ્યો હતો. વિદ્યામંદિરમાં અભ્યાસ કરાવાથી પોતાના સંતાનો સુશિક્ષિત બન્યા, સંસ્કારી બન્યા... એવી સ્વાનુભૂતિઓ વાલીઓએ રજૂ કરી અને આવું વિદ્યામંદિર આપવા બદલ સ્વામીશ્રીનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. સંતોએ પણ પ્રેરક પ્રવચનોનો લાભ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા કલાત્મક હાર સંતોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીને અર્પણ કરીને આશિષ લીધા. વિદ્યાર્થીઓના જીવનમાં સંસ્કાર, શિક્ષણ અને વિવિધ કલા-કૌશલ્યોના રંગો ભરનાર ભગવાન શ્રી સ્વામિનારાયણ, પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના ચરણોમાં સૌએ ભક્તિ-અંજલિ અર્પણ કરી હતી. અંતમાં સ્વામીશ્રીએ સૌ વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરીના માધ્યમથી આશીર્વાદ આપ્યાં હતાં.

આ વિદ્યામંદિરમાં 'કેશવ મ્યૂઝિક ઍકેડમી' ચાલે છે. જેમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ પ્રશિક્ષણ લે છે. તે પૈકી પસંદગીકૃત ૫૧ વિદ્યાર્થીઓએ ગઈકાલે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં વિવિધ વાદ્યો સાથે કીર્તન-ભક્તિ રજૂ કરીને પોતાની કલાનો નિચોડ ગુરુ, હરિના ચરણે સમર્પિત કર્યો હતો. સ્વામીશ્રીએ સૌ પર પ્રસન્નતા વરસાવી હતી.

## ■ શોભાયાત્રા

તા. ૨૮-૪-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. 'પ્રાર્થના મંદિર'માં પ્રતિષ્ઠિત થનારી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓને કલાત્મક રથમાં પધરાવીને સંતો-ભક્તોએ કણાદના રસ્તાઓ ઉપરથી શોભાયાત્રા યોજીને આ સમગ્ર વિસ્તારને ભગવાનની કૃપાદૃષ્ટિથી પ્રસાદીભૂત કરાવ્યો હતો. બાળકોએ વિવિધ વેશભૂષા સાથે, યુવકોએ બૅન્ડની સૂરાવલીઓ અને બી.એ.પી.એસ.ની ધજાઓ સાથે, હરિભક્તોએ પાલખીયાત્રા સાથે, તો મહિલાઓએ પોથી અને કળશયાત્રા સાથે આ શોભાયાત્રામાં જોડાઈને અનેરા ઉત્સાહ-ઉમંગ સાથે ભક્તિભાવ પ્રકટ કર્યો હતો. સાથે સાથે સાફાધારી યુવકો, બાઈક-સવારો, બાળકોની પ્રસ્તુતિઓ, મેસ્કોટ વગેરેએ પણ શોભાયાત્રામાં અનેરુ આકર્ષણ જમાવ્યું હતું.

સદ્‌ગુરુ સંતો પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ શોભાયાત્રાને વધાવી હતી. શોભાયાત્રા પ્રાર્થના મંદિરના પટાંગણમાં વિરામ પામી ત્યારે સૌએ ભગવાનને આરતી-અર્ઘ્ય અર્પણ કર્યું અને આતશબાજી સાથે સૌએ આ અવસરની વિશિષ્ટ સ્મૃતિઓને હૃદયમાં કંડારી હતી.

## ■ પ્રાર્થના મંદિર - મૂર્તિપ્રતિષ્ઠા

તા. ૩૦-૪-૨૦૨૫, અક્ષય તૃતીયાના પવિત્ર દિને સુરતના કણાદ ખાતે નિર્માણાધીન અક્ષરધામ મહામંદિરના પ્રથમ સોપાનરૂપે, પરિસરમાં નિર્માણ પામેલા 'પ્રાર્થના મંદિર'નો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો.

આ વિશિષ્ટ પ્રાર્થના મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે વહેલી સવારે ૬:૦૦ વાગ્યાથી પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને પૂજ્ય ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ મહાપૂજા વિધિ કર્યો હતો. પ્રત્યક્ષરૂપે તથા જીવંત પ્રસારણના માધ્યમથી હજારો ભક્તો-ભાવિકો, સંતો આ વિધિમાં જોડાયા હતા. મહાપૂજા બાદ મુનિવંદનદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આ પ્રાર્થના મંદિર રચવાનો સંકલ્પ, ઉત્સાહ, ઉમંગ, ઊમળકો કેવો હતો!? તેની ઇતિહાસગાથા વર્ણવી હતી. મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે, સુરત સત્સંગ-મંડળને ઉદ્દેશીને સ્વામીશ્રીએ આજે સવારે પત્ર લખી આ મંદિરના મહિમાની વાત કરી વિશેષ આશીર્વાદ આપ્યા હતા.

હવે, સૌને ભગવાનની ભેટ ધરવા માટે પરમ પૂજ્ય સ્વામીશ્રી પ્રાર્થના મંદિરમાં પધાર્યા. સુવર્ણરસિત સિંહાનસમાં વિરાજિત નયનરમ્ય અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ સન્મુખ સ્વામીશ્રી પ્રતિષ્ઠાવિધિમાં

જોડાયા. ગુરુપરંપરાની પ્રતિષ્ઠા માટે પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી મૂર્તિઓની સમક્ષ વિધિમાં જોડાયા. મંદિરમાં ભાઈઓ અને બહેનોને પ્રદક્ષિણા આદિની અનુકૂળતા રહે તે માટે બે જોડ ભગવાન સ્વામિનારાયણના ચરણારવિંદ પધરાવવાનાં હતાં, પૂજ્ય ડૉક્ટર સ્વામી આ ચરણારવિંદના પૂજનમાં જોડાયા. સંતો-ભૂદેવોના માર્ગદર્શન અનુસાર વિધિને અનુસરતાં સ્વામીશ્રી સહિત સૌ સંતોએ પ્રતિષ્ઠાનો સંકલ્પ, ન્યાસનો સંકલ્પ કર્યો. દર્ભશલાકા વડે અંગોનો ન્યાસ કરીને મૂર્તિઓના હૃદયાકાશમાં પ્રાણોની પ્રતિષ્ઠા કરી. હરિભક્તો દ્વારા હાથથી ફોલેલા અક્ષત વડે મૂર્તિઓને વધાવી. પૂજા-સેવાનો સંકલ્પ, ઓમકાર નાદ, ગાયત્રીમંત્રના ગાન બાદ સ્વામીશ્રીએ મધુશલાકા વડે નેત્ર-અનાવરણ કરીને ઠાકોરજીની પ્રથમ દૃષ્ટિ અરીસામાં ઝિલાવી ત્યારે સૌએ આનંદપૂર્વક આ ક્ષણને વધાવી. સ્વામીશ્રીએ તમામ મૂર્તિઓનું પૂજન કરીને ભાવવંદના કરી. સૌના શુભસંકલ્પોની પરિપૂર્તિ માટે પ્રાર્થના કરી કે *‘હે મહારાજ! હે સ્વામી! જ્યાં સુધી ગગનમાં સૂર્ય-ચંદ્ર તપે છે અને જ્યાં સુધી પૃથ્વી સૌને ધરી રહી છે ત્યાં સુધી આપ આ ભૂમિ પર વિરાજમાન રહી ભક્તો-ભાવિકોના સંકલ્પો પૂરા કરશો... જેણે કોઈપણ પ્રકારની સેવા કરી હોય તેમના પર પ્રસન્ન થશો.’*

આ પ્રસંગે, અહીં અક્ષરધામનું નિર્માણકાર્ય જેમના માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યું છે, એવા સદ્‌ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રેરણા-વચનોમાં સૌની સેવા-સમર્પણ ભાવનાને બિરદાવીને કહ્યું, ‘અહીં અક્ષરધામ બનશે, તેનાં જે જે દર્શન કરશે તેને અહીં ગાંધીનગર, દિલ્હી, રોબિન્સવિલ અક્ષરધામનાં દર્શન એક જ જગ્યાએ થશે અને તમામ તીર્થોનું ફળ પ્રાપ્ત થશે. આ અક્ષરધામનું સ્થાપત્ય એટલું બધું અલૌકિક અને સુંદર છે કે દરેકને ખૂબ આનંદ આનંદ થશે. છતી દેહે બધાને અક્ષરધામનું સુખ પ્રાપ્ત થશે.’

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ શુભ પ્રસંગે આશીર્વાદ આપતાં જણાવ્યું, ‘‘આજે પ્રાર્થના મંદિરની પ્રતિષ્ઠા ખૂબ દિવ્યતાથી થઈ ગઈ. આ પ્રાર્થના મંદિર છે એટલે અહીં આવીને પ્રાર્થના કરવી. અંતરના ભાવથી પ્રાર્થના કરવી. દિવ્યભાવ રાખીને, પ્રેમથી ગદ્‌ગદકંઠે પ્રાર્થના કરીએ તો તેનું ફળ યથાર્થ મળે.

અહીં જે જે પ્રાર્થના કરશે તે સર્વેના સંકલ્પો મહારાજ-સ્વામી પૂરા કરશે. અહીં મહારાજ-સ્વામી હાજરાહજૂર વિરાજમાન છે એટલે દરેકની પ્રાર્થના સાંભળે છે અને આશીર્વાદ આપે છે. અહીં દર્શન કરનાર દરેકને અંતરે શાંતિ થાય, મન સ્થિર થાય અને સર્વ પ્રકારે સુખી થાય. અહીં જેમણે જેમણે સેવા કરી છે તે સર્વેના દેશકાળ સારા થાય અને એમને સત્સંગમાં ચડતો ને ચડતો રંગ રહે.’’ સ્વામીશ્રીએ અલ્પ વચનોમાં સૌને આ લોક અને પરલોકનું સુખ આપી દીધું.

આશીર્વચન દરમ્યાન, પ્રતિષ્ઠિત મૂર્તિઓ સમક્ષ ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ગોઠવાઈ ચૂક્યો હતો. પરમ પૂજ્ય સ્વામીશ્રી તથા અહીં ઉપસ્થિત સંતો-ભક્તોએ અન્નકૂટ સાથે મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારીને મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરી. જીવંત પ્રસારણના માધ્યમથી પ્રતિષ્ઠામાં જોડાયેલા હજારો હરિભક્તોએ પણ આરતી અને પુષ્પાંજલિ વડે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોને વધાવ્યા હતા. આરતી બાદ સ્વામીશ્રીએ સમગ્ર પૃથ્વીવાસીઓ માટે, કોઈપણ પ્રકારના ભેદભાવ વગર આ પ્રાર્થના મંદિરનું લોકાર્પણ કર્યું હતું.

સ્વામીશ્રીએ સૌની સુખાકારી માટે પ્રતિષ્ઠિત શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને દાસભાવે પ્રાર્થના કરીઃ

*‘‘હે મહારાજ, હે સ્વામી!*

*આજે આપ આ પ્રાર્થના મંદિરમાં સાક્ષાત્‌ બિરાજ્યા છો! આપનો મહિમા અપાર છે. આપ અમારા પ્રાણ છો. આપની પ્રાપ્તિ થઈ તેથી અમો સૌ કૃતાર્થ થયા છીએ. અમે તો આપના દાસના દાસ છીએ. આપની પાસે એટલું જ માંગીએ છીએ કે, અહીં આવનાર દરેકને નિર્વાસનિક કરી એકાંતિક કરશો. અહીં પ્રદક્ષિણા કરનાર બધાના શુભ સંકલ્પો પૂરા કરશો, પ્રાર્થના કરી દર્શન કરનારને અંતરે શાંતિ કરજો, બધાને તને-મન-ધને સુખીયા કરજો. સમગ્ર વિશ્વમાં શાંતિ કરજો. અમારા પર આશીર્વાદ વરસાવજો.’’*

આ પ્રાર્થનાની પરિપૂર્તિ માટે સ્વામીશ્રીએ સ્વામિનારાયણ મહામંત્રના જાપ સાથે માળા પણ કરી હતી. હજારો ભક્તો તથા સંતો પણ મંત્રજાપ સાથે પ્રાર્થનામાં જોડાયા હતા. અહીં દર્શનાર્થે આવનાર ભક્તો-ભાવિકો પ્રદક્ષિણા કરી શકે તે માટે અહીં સ્થાપિત થનારા ભગવાન

સ્વામિનારાયણનાં ચરણારવિંદનું સ્વામીશ્રીએ પૂજન કર્યું હતું. આ વિશિષ્ટ ભક્તિમય સ્થાનની ભેટ આપનાર પરમ પૂજ્ય સ્વામીશ્રીનો સંતોએ પુષ્પહાર અર્પણ કરીને સૌ વતી આભાર પ્રગટ કર્યો હતો.

સંકલ્પપૂર્તિના મહાનતીર્થ સમાન પ્રાર્થના મંદિરની ભેટ ધરીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દક્ષિણ ગુજરાત સહિત વિશ્વભરના સેંકડો ભક્તો-ભાવિકો પર અનન્ય કૃપા કરી છે.

### ■ બાળ દિન

તા. ૪-૫-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં બાળકોએ 'બાળ દિન' ઊજવ્યો હતો. જેનું શીર્ષક હતું: 'અક્ષરપુરુષોત્તમના વિદ્વાન.' સત્સંગદીક્ષા ગ્રંથના સંસ્કૃત શ્લોકોના મુખપાઠ માટે પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રેરણાથી ચાલી રહેલા 'મિશન રાજીપો' અભિયાન અંતર્ગત બાળકોએ આજે વિશાળ ભક્તસમુદાય સમક્ષ વિવિધ કાર્યક્રમોની રજૂઆત કરી હતી. કીર્તન-ભક્તિ, પ્રેરક સ્કિટ, સંવાદો અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા બાળકોએ મુખપાઠની વિશિષ્ટ રજૂઆતો કરી હતી. સંપૂર્ણ મુખપાઠ કરનાર બાળ-વિદ્વાનોની પાલખી યાત્રા યોજીને તેમજ સંતોએ પુષ્પવૃષ્ટિ કરીને તેમને વધાવ્યા હતા. સ્વામીશ્રીએ આ બાળ-વિદ્વાનો પર કૃપાદૃષ્ટિ કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ પ્રસંગે પોતાની ભાવોર્મિઓ રજૂ કરી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

બાળ દિનની આ વિશિષ્ટ સભામાં પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌ મહાનુભાવોને તથા આજનો કાર્યક્રમ પ્રસ્તુત કરનારા તેજસ્વી બાળ તારલાઓને આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા હતા.

● તા. ૮-૫-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ, અહીં નિર્માણ પામી રહેલા સ્વામિનારાયણ અક્ષરધામના સેવાકાર્યમાં જોડાયેલા સૌ સંતો-ભક્તોને પ્રાર્થના મંદિરમાં દર્શનલાભ આપ્યો હતો. આજે સ્વામીશ્રીએ અક્ષરધામ પરિસરનું નિર્માણકાર્ય નિહાળી સૌ સંતો-ભક્તોને રાજીપાભર્યા આશિષ આપ્યા હતા.

### ■ પદવીદાન સમારોહ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૭માં તીર્થધામ સારંગપુર ખાતે આરંભેલું યુવા તાલીમ કેન્દ્ર, છેલ્લા ૧૮ વર્ષથી યુવાનોને ચારિત્ર્ય ઘડતર, જ્ઞાન, કલા-કૌશલ્ય, સેવા, સમર્પણ, સંયમ, પરોપકાર વગેરે જેવા અનેકવિધ ગુણોની તાલીમ આપી રહ્યું છે. છ મહિનાની આ સઘન તાલીમમાં યુવામાનસ સંયમિત અને નિયમિત બનીને સર્વાંગી રીતે ઘડતર પામે છે.

આ વર્ષે છ મહિનાની તાલીમ પૂર્ણ કરીને તાલીમાર્થી યુવકો સુરત ખાતે પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા હતા. સ્વામીશ્રીની પાવન નિશ્રામાં તા. ૧૩-૫-૨૦૨૫ના રોજ આ યુવકોનો પદવીદાન સમારોહ યોજાયો હતો.

'બી.એ.પી.એસ.ના અવિચળ પાયા' મધ્યવર્તી વિચાર સાથે, વર્ષ ૨૦૨૫નું પ્રથમ તાલીમસત્ર પૂર્ણ કરનાર યુવકોએ પરમ પૂજ્ય સ્વામીશ્રી સમક્ષ વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમો રજૂ કરીને તાલીમનું આગવું દર્શન કરાવ્યું હતું. 'સેવા એ જ અમારું જીવન' એ ભાવના સાથે તાલીમ પામેલા યુવકોએ પદવીદાન સમારોહ નિમિત્તે સંસ્થા અને સત્પુરુષ પ્રત્યેની નિષ્ઠા અને સમર્પણને દર્શાવતા વિશિષ્ટ કાર્યક્રમો રજૂ કરીને સ્વામીશ્રીનો રાજીપો ઝીલ્યો હતો. આ યુવા તાલીમના પ્રેરણાદાતા પરમ પૂજ્ય સ્વામીશ્રીને સંતોએ વિવિધ કલાત્મક પુષ્પહાર અર્પણ કરીને વધાવ્યા હતા.

અંતમાં સ્વામીશ્રીએ સૌ યુવકોને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની નિષ્ઠાના સૂત્રો ઝિલાવી, આશીર્વાદથી કૃતાર્થ કરતાં કહ્યું, "કરોડ કલ્પ સુધી આ જીવે અનેક પ્રકારના વૈભવ ભોગવ્યાં છે, પરંતુ તેની તૃપ્તિ થઈ નથી. આ વાતનો વિચાર કરશો તો સત્ય સ્પષ્ટ દેખાશે. અને આ વખતે મનને સમજાવીને, શૂરવીર થઈને સ્વામી-શ્રીજીની સેવામાં તત્પર રહેશો તો અનેક જન્મનો ચકરાવો મટી જશે. અનેક જન્મનો રખડપાટ મટી જશે અને અખંડ શ્રીજી-સ્વામીની સેવામાં રહેવાશે. આ જ્ઞાન એટલું સોલિડ, નક્કર છે કે એનાથી કરોડગણું પુણ્ય થશે અને સુખ-આનંદ-આનંદ થશે. આટલું આ જબરજસ્ત જ્ઞાન પ્રાપ્ત થયું છે તેને અંત સુધી મૂકતા નહીં. આ જ્ઞાનથી દુનિયામાં પ્રતિષ્ઠા-આબરૂમાં વધારો થશે અને અંતઃકરણ શુદ્ધ રહેશે. પોતાને પરમ શાંતિ રહેશે અને આ દેહે બ્રહ્મરૂપ થઈને અક્ષરધામમાં જવાશે. આ જ્ઞાન આપણે દૃઢ કરીને પકડી રાખવું અને અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કરવું."

### ■ અમેરિકાના શિબિરાર્થીઓને દર્શનલાભ...

ઉત્તર અમેરિકામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સત્સંગ-મંડળો માટે નોર્થ અમેરિકા અધિવેશન-

૨૦૨૫ અંતર્ગત ‘SATSANG: The Journey to rajipo’ વિષયક શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સતત બે દિવસ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી સત્સંગ લાભ આપ્યો હતો. અમેરિકાના જુદા જુદા શહેરના શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરેથી જોડાયેલા સંતો-ભક્તોએ સ્વામીશ્રી સાથે આધ્યાત્મિક ગોષ્ઠી કરીને આશિષ પ્રાપ્ત કર્યા હતા. વિવિધ કાર્યક્રમો દ્વારા બાળકો-યુવકોએ પણ સ્વામીશ્રીનાં દર્શન-આશિષ મેળવ્યાં હતાં. શિબિરાર્થીઓ માટેનાં વિવિધ મેડલ્સ, બાળકો માટે પ્રસાદ અને સ્મૃતિભેટ પ્રસાદીભૂત કરીને સ્વામીશ્રીએ સૌ પર રાજીપો વરસાવ્યો હતો.

ઉત્તર અમેરિકાના સત્સંગ મંડળોના સેંકડો હરિભક્તોએ સત્સંગદીક્ષાનો મુખપાઠ કર્યો હતો. આ મુખપાઠ કરનાર સૌ હરિભક્તો પર સ્વામીશ્રીએ એક સુંદર પત્ર લખીને તેઓ પર અત્યંત સ્નેહભાવ વરસાવ્યો હતો.

● તા. ૧૬-૫-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં દર્શને વડોદરાના યુવકો આવ્યા હતા. સાંકરીના બી.એ.પી.એસ. મંદિર ખાતે ‘ધન્ય ધન્ય મમ જીવન’ મધ્યવર્તી વિચાર પર યોજાયેલી શિબિરમાં જોડાયેલા વડોદરા શહેરના ૧૧૦૦થી વધુ શિબિરાર્થી યુવકો આજે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સવારે પરમ પૂજ્ય સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં આ યુવકોએ પ્રાપ્તિના વિચારને દૃઢ કરાવતા ભગવાન સ્વામિનારાયણના પરમહંસો દ્વારા રચિત કીર્તનો અને સંત મહિમાનાં ભક્તિપદો રજૂ કરીને પ્રાપ્તિનો કેફ ચઢાવી દીધો હતો. સ્વામીશ્રીએ આ સૌ યુવકોને દર્શન-આશીર્વાદ આપીને રાજીપો વરસાવ્યો હતો.

● તા. ૧૭-૫-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ, ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાસાદિક નગર ભૂજમાં નિર્માણ પામી રહેલા નૂતન શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણ મંદિરની જગતી-પીઠિકાનું પૂજન કરીને મંદિરના નિર્માણકાર્યને વેગ આપ્યો હતો.

## ■ શ્રી નીલકંઠવર્ણીની મૂર્તિની પીઠિકાનો શિલાન્યાસવિધિ

તા. ૧૮-૫-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રીએ, કણાદ ખાતે નિર્માણાધીન સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં સ્થાપિત થનારી ૪૯ ફૂટ ઊંચી તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની વિશાળ પીઠિકાનો શિલાન્યાસ કરીને નૂતન આયામનો પ્રારંભ કર્યો હતો. સ્વામીશ્રીએ આ મૂર્તિની પીઠિકાના પાયામાં સ્થાપિત થનારા નિધિકુંભ અને શિલાઓનું વેદોક્ત પૂજન કરીને તેના નિર્માણકાર્યનો શુભારંભ કરાવ્યો હતો. વરિષ્ઠ સંતવર્ય પૂજ્ય ઘનશ્યામ-ચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં એ શિલાઓ અને નિધિકુંભનું પૂજ્ય સંતો-ભક્તોએ ગર્તમાં સ્થાપન કર્યું હતું. આ અવસરે હરિભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહીને ઇષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણને અંજલી અર્પવા માટે પરમ પૂજ્ય સ્વામીએ આરંભેલા આ મંગલ કાર્યને હર્ષભેર વધાવ્યું હતું.

આજે સાયંકાળે સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં રવિ સત્સંગ-સભા યોજાઈ હતી. સભામાં યુવકોએ કીર્તન-ભક્તિ બાદ સંવાદ-સ્કિટ દ્વારા પ્રેરણાત્મક કાર્યક્રમો રજૂ કર્યા હતા. સંતોએ પ્રેરક વક્તવ્યનો લાભ આપ્યો હતો. અંતમાં યુવકોએ પ્રશ્નોત્તરી દ્વારા સ્વામીશ્રીનું આધ્યાત્મિક માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. આજની રવિસભાનો લાભ લેવા ઊમટેલા હજારો હરિભક્તો વતી સંતોએ સ્વામીશ્રીને કલાત્મક હારતોરા અર્પણ કરીને આશિષ લીધા હતા.

● તા. ૨૦-૫-૨૦૨૫ના રોજ ભરતભાઈ સાધકને પાર્ષદી-દીક્ષા આપતો અવસર યોજાયો હતો. આ પ્રસંગે વહેલી સવારે દીક્ષાનો પૂર્વવિધિ સંપન્ન થયો હતો. મુખ્યવિધિ અંતર્ગત પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભરતભાઈ સાધકને દીક્ષામંત્ર આપીને, નૂતન નામાભિધાન સાથે પાર્ષદી દીક્ષા આપી હતી. પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીએ તેઓને નૂતન કંઠી, ઉપવસ્ત્ર અને પાઘ ધારણ કરાવ્યાં હતાં. સ્વામીશ્રીએ દીક્ષાર્થી અને તેમના વાલીને આશીર્વાદ આપ્યા હતા.

## ■ મૂર્તિ પૂજન-પ્રતિષ્ઠા

કણાદ-સુરત ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ સુરતના સારોલી, વેલુક (ગુરુપરંપરા), કુડસદ ખાતે રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. તથા કારેલી ગામ (વડોદરા) અને સાયમા (ઉદેલ)માં રચાનાર નૂતન મંદિરોની ઇષ્ટિકાઓનું પૂજન કર્યું હતું. મંદિરોની પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રીએ મંદિરનો મહિમા જણાવ્યો, ‘આ મંદિરોની પ્રતિષ્ઠા થઈ, તો રોજ દર્શને આવવું. કેમ કે આ પ્રતિષ્ઠિત મૂર્તિઓમાં ભગવાન સાક્ષાત્ વિરાજે છે. એટલે ભાવપૂર્વક, પ્રેમથી, હૃદયપૂર્વક મૂર્તિઓનાં દર્શન કરવા ને આનંદ પામવો.’ (બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# સત્સંગથી નવપલ્લવિત વિવિધ ગામોમાં રચાયેલાં
# નૂતન બી.એ.પી.એસ. મંદિરોના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો




ચરોતરના પામોલ ગામે મૂર્તિપ્રતિષ્ઠા અવસરનાં સ્મૃતિ-દૃશ્યો...

મૂર્તિપ્રતિષ્ઠા એટલે એક એવી આધ્યાત્મિક પ્રક્રિયા જેના દ્વારા મૂર્તિમાં પરમાત્માના દિવ્ય ચૈતન્યનો આવિર્ભાવ થાય છે. વૈદિક મંત્રોચ્ચાર અને વિધિ દ્વારા મૂર્તિઓમાં પ્રાણ-આવાહન કરવામાં આવે છે, ત્યારે મૂર્તિ ચેતનવંતી બની જાય છે. બીજા અર્થમાં કહો તો પરમાત્મા અહીં મૂર્તિરૂપે અવતાર ધારણ કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના સંકલ્પ મુજબ ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી રચાતાં વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં મંદિરોની સર્જનશૃંખલા વિવિધ ગામોને ભગવદ્ સંપત્તિથી સમૃદ્ધ કરી રહી છે. તાજેતરમાં સત્સંગથી નવપલ્લવિત વિવિધ ગામોમાં રચાયેલાં બી.એ.પી.એસ. મંદિરોમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં હસ્તે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓના સ્થાપનવિધિ ઉત્સવો શાનદાર રીતે યોજાઈ ગયા. તેની એક સ્મૃતિ અહીં પ્રસ્તુત છે...

## પામોલ ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના પામોલ ગામમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદથી સન ૧૯૭૦થી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની શરૂઆત થઈ હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સમયના વહેણ સાથે પામોલમાં અને આસપાસનાં ગામોમાં સત્સંગનો અનેકશઃ વિકાસ થયો છે.

પામોલના શ્રી નવીનભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ પટેલ, સુનીલભાઈ પટેલ તથા રાકેશભાઈ પટેલે દહેમી રોડ ઉપર આવેલી ભૂમિ સત્સંગકાર્ય માટે અર્પણ કરી હતી. અહીં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૧૪માં મંદિર પ્રતિષ્ઠિત કર્યું હતું. તાજેતરમાં આ મંદિરનું સભાગૃહમાં રૂપાંતરણ કરીને તેની બાજુમાં સુવિધાસજ્જ નૂતન મંદિર રચવામાં આવ્યું છે.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૯-૧-૨૦૨૫ના રોજ સવારે સુશોભિત યજ્ઞશાળામાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓ સમક્ષ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં ૧૦૦૦થી વધુ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને સૌના યોગક્ષેમની મંગલ પ્રાર્થના કરી હતી. અપરાહ્ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની સુશોભિત રથોમાં શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી.

દ્વિતીય દિને સવારે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તા. ૪-૮-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પામોલ મંદિરમાં તા. ૨૦-૧-૨૦૨૫ના રોજ ભક્તવત્સલદાસ સ્વામી અને અન્ય સંતોએ વેદોક્ત-વિધિપૂર્વક સંપન્ન કર્યો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં મંચસ્થ સંતોએ સમાજમાં મંદિરની આવશ્યકતા વિષયક સુંદર માર્ગદર્શન આપીને સમર્પિત વિચરણથી અને સ્થાનિક હરિભક્તોના સેવાસભર પુરુષાર્થથી સત્સંગની અભિવૃદ્ધિ થતા મંદિરની આવશ્યકતા જણાઈ. અમેરિકા સ્થિત શ્રી નરેન્દ્રભાઈ, અનિલભાઈ, ચંદ્રકાંતભાઈ તથા ગિરીશભાઈએ પોતાની ભૂમિ મંદિર માટે અર્પણ કરી. શ્રી કિરીટભાઈ (અમેરિકા), અશ્વિનભાઈ (અમેરિકા), સુરેશભાઈ, હસમુખભાઈ, રાકેશભાઈ (ઓસ્ટ્રેલિયા), વિપુલભાઈ (ઓસ્ટ્રેલિયા) અને નરેન્દ્રભાઈ






ભેટાસી ગામમાં મંદિર અને મૂર્તિપ્રતિષ્ઠાની સ્મૃતિ કરાવતાં દૃશ્યો...

હરિભક્તોની સેવાઓને બિરદાવી હતી.

આ મંદિરના નિર્માણકાર્યમાં શ્રી મગનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ(અમેરિકા), શૈલેશભાઈ, દિલીપભાઈ, નીલેશભાઈ, મૂકેશભાઈ, નિમેષભાઈ, કિરણભાઈ, નરેન્દ્રભાઈ, ભરતભાઈ વગેરે હરિભક્તોએ તન, મન, ધનથી મહિમાપૂર્વક સેવા કરી હતી. આ ક્ષેત્રમાં વિચરણ કરતા યોગીરાજદાસ સ્વામી તથા બ્રહ્મસાગરદાસ સ્વામીના સતત માર્ગદર્શન હેઠળ ઉત્સાહી કાર્યકરો તથા આબાલવૃદ્ધ સૌ હરિભક્તોના સેવા અને સહયોગથી આ ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## ભેટાસી ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

ગુણાતીત ગુરુવર્યોનાં ચરણરેણુથી પાવન થયેલા આંકલાવ તાલુકાના ભેટાસી ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો. અહીં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સમયમાં આગેવાન શ્રી મોતીભાઈ રાવજીભાઈ પટેલ (રાવસાહેબ) નિષ્ઠાવાન સત્સંગી હતા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ તથા ગુરુહરિ મહંત સ્વામી મહારાજે અનેકવાર આ ગામમાં પધારીને સત્સંગને પોષણ આપ્યું છે. બોચાસણથી પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી તથા સંતોના રાઠોડની સેવાથી તેમજ સ્થાનિક હરિભક્તો, મહિલામંડળ અને પરદેશ સ્થાયી થયેલા ભક્તોના સેવા-સમર્પણથી સુંદર મંદિર નિર્માણ પામ્યું છે.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૨-૧-૨૦૨૫ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો, જેમાં ૪૦૦થી વધારે યજમાનોએ આહુતિઓ અર્પણ કરીને મંગલ પ્રાર્થના કરી હતી. ઢળતી બપોરે સુશોભિત રથમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા શાનદાર રીતે યોજાઈ હતી. દ્વિતીય દિને, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૨૫-૧૧-૨૦૨૩ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૩-૧-૨૦૨૫ના રોજ ભક્તવત્સલદાસ સ્વામી અને અન્ય સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ પ્રેરક વક્તવ્યોનો લાભ આપીને હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

આ ક્ષેત્રમાં વિચરણ કરતા યોગીરાજદાસ તથા બ્રહ્મસાગરદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યકર રાજેશભાઈ, અલ્પેશભાઈ, હિમેશભાઈ તથા યુવાનોના અનન્ય ઉત્સાહથી તેમજ મહિલામંડળના સાથ અને સહકારથી આ પ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો હતો.

## ગોવિંદપુર ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

અમરેલી જિલ્લાના ધારી તાલુકામાં આવેલા ગોવિંદપુર ગામમાં રચાયેલા બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૧૮ થી ૨૦ એપ્રિલ દરમ્યાન મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ હર્ષોલ્લાસપૂર્વક ઊજવાયો હતો. ધારી શહેરમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના પ્રાકટ્યસ્થાનમાં શિખરબદ્ધ મંદિર રચાયું ત્યારથી ગીર પંથકના અનેક ગામોમાં સત્સંગની ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થઈ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના શબ્દ, સ્પર્શ અને સાંનિધ્યથી ભાગ્યશાળી બનેલા આ ગામમાં સંતો અને કાર્યકરોના ઉત્સાહસભર વિચરણથી સત્સંગને ખૂબ વેગ મળ્યો. અહીં સંયુક્તમંડળ અને મહિલામંડળની શરૂઆત બાદ સત્સંગની વિશેષતઃ અભિવૃદ્ધિ થતાં મંદિરની આવશ્યકતા જણાઈ. સૌના ઉત્સાહથી મંદિર માટેની ભૂમિ સંપાદિત થઈ. દીનબંધુદાસ સ્વામી અને ક્ષેત્રમાં વિચરણ કરતા સંતોના માર્ગદર્શન હેઠળ હરિભક્તોના યથાર્થ પુરુષાર્થ અને સમર્પણથી નૂતન મંદિરની રચના થઈ.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આ મંદિરમાં સ્થાપિત થનાર મૂર્તિનો પ્રતિષ્ઠાવિધિ તા. ૧૫-૪-૨૦૨૫ના રોજ કણાદમાં કર્યો ત્યારે સ્વામીશ્રીએ આશીર્વાદમાં ગોવિંદપુરમાં વિચરણની સ્મૃતિઓ તાજી કરીને હરિભક્તોની સેવાઓને ખૂબ બિરદાવી હતી. આ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. વિશ્વશાંતિ મહાયાગ, શોભાયાત્રા, મહિલાદિન, વૈદિક મહાપૂજા અને પ્રતિષ્ઠાવિધિમાં મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યાં હતાં. મૂર્તિ સ્થાપનવિધિ અક્ષરચરણદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી ઉત્સવ-સભામાં અનેક મહાનુભાવો સહિત ભક્તો-ભાવિકોએ પૂજ્ય સંતોનાં આશીર્વચનનો લાભ પ્રાપ્ત કર્યો અને સેંકડો ગ્રામજનોએ વ્યસનમુક્તિનો સંકલ્પ ગ્રહણ કર્યો હતો.

## નડા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં પુનિત ચરણોથી પાવન થયેલા ડભોઈ તાલુકાના નડા ગામે તા. ૧૯ અને ૨૦ એપ્રિલના રોજ નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો.

આ ગામમાં મંડળ સંચાલક શ્રી રાજુભાઈ નારણભાઈ પટેલના ઉત્સાહથી સન ૨૦૧૮માં સત્સંગની શરૂઆત થઈ હતી. શ્રી રાજેન્દ્રભાઈ પટેલે સત્સંગકાર્ય માટે અર્પણ કરેલી ભૂમિ પર સૌના ઉત્સાહથી મંદિર નિર્માણ થયું છે. તેમાં વિશેષ સેવા-સહયોગ શ્રી મહેશભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, ઋષિકેશભાઈ પટેલનો સાંપડ્યો હતો. આ મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે શોભાયાત્રા, મહાપૂજાવિધિ અને ઉત્સવ-સભા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં કરકમળો વડે તા. ૧૫-૪-૨૦૨૫ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ રાજેશ્વરદાસ સ્વામી, દેવસ્વરૂપદાસ સ્વામી, ભાગ્યસેતુદાસ સ્વામી વગેરે સંતોના હસ્તે સંપન્ન થયો હતો. પ્રાસંગિક સભામાં ડભોઈના ધારાસભ્ય શ્રી શૈલેશભાઈ મહેતા સહિત અનેક મહાનુભાવો તથા મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકોએ ઉપસ્થિત રહીને ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે ગામ-ઝાંપે નવા પ્રવેશદ્વારનું ખાતમુહૂર્ત, અંતિમયાત્રા માટે શબવાહિનીનું દાન અને મંદિરની






ગોવિંદપુર તેમજ નડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠાના પ્રસંગોએ વિવિધ વિધિઓમાં પ્રવૃત્ત સંતો...

બાજુમાં રચાયેલી પાણીની પરબ માટે વોટરકુલરનું દાન વગેરે જેવાં ગામ-ઉત્કર્ષ અને લોકસેવાનાં કાર્યોની શરૂઆત થઈ હતી.

## ડુંગરી-રોલા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં પુનીત ચરણરજથી પાવન થયેલા વલસાડ તાલુકાના ડુંગરી-રોલા ગામમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ હર્ષોલ્લાસપૂર્વક ઊજવાઈ ગયો.

તીથલ વિસ્તારની સત્સંગપ્રવૃત્તિમાં ડુંગરી-રોલા ગામનું આગવું પ્રદાન છે. તીથલ મંદિરના નિર્માણ વખતે પુરાણ માટેની પથ્થરવાળી માટીની સેવા રોલાના બુધાભાઈ પટેલે કરી હતી. જ્યારે આ ક્ષેત્રમાં વિચરણ કરવા સ્વામીશ્રી પધારતા ત્યારે અહીંના ગુલાબભાઈ પટેલ તેઓની સાથે અવશ્ય જોડાઈ જતા. વર્ષોથી સત્સંગથી પલ્લવિત આ ગામમાં વિવેકસ્વરૂપદાસ સ્વામી અને સંતોના વિચરણથી સત્સંગ ઉત્તરોત્તર વિકાસ પામ્યો છે. મંદિર માટે ભૂમિદાનની સેવા બિપીનચંદ્ર બાવાભાઈ પટેલે કરી હતી. મંદિરનિર્માણમાં સૌ હરિભક્તોએ શ્રમયજ્ઞ અને સેવાયજ્ઞ કરીને અનેરો સહયોગ આપ્યો હતો.

મૂર્તિપ્રતિષ્ઠાના ભાગરૂપે તા. ૧૯ એપ્રિલના રોજ સુશોભિત યજ્ઞશાળામાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ડુંગરી-રોલા અને આસપાસનાં ગામોના ૫૦૦ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ બપોરે અનેક કલાકૃતિઓ સાથે અને સુશોભિત રથમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા રંગે ચંગે નીકળી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૨૪-૧-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૦-૪-૨૦૨૫ના રોજ ધર્મચરણદાસ સ્વામી, વિવેકસ્વરૂપદાસ સ્વામી અને અન્ય સંતોના હસ્તે સંપન્ન થયો હતો. સૌ દર્શનાર્થીઓએ મંદિરમાં સ્થાપિત દિવ્ય મૂર્તિનાં દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

હિન્દુ સનાતન ધર્મના કેન્દ્ર સમાન આ મંદિર હવે બાળ સંસ્કાર, વ્યસનમુક્તિ અને મહિલા ઉત્કર્ષ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓને વેગ આપશે અને સામાજિક અને આધ્યાત્મિક ઉન્નતિનું ઊર્જા કેન્દ્ર બનશે.




ડુંગરી-રોલા અને સારોલી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે વિધિમાં રત પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને પૂજ્ય ધર્મચરણદાસ સ્વામી

## સારોલી ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલા સારોલી ગામે તા. ૨૧-૪-૨૦૨૫ના રોજ નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો.

સન ૨૦૦૭માં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સારોલીમાં પધાર્યા હતા ત્યારે સંકલ્પ-ધૂન કરી હતી કે અહીં એક સુંદર મંદિર બને. સ્વામીશ્રીના એ સંકલ્પથી અને સંતો-હરિભક્તોના પુરુષાર્થથી અહીં નૂતન સંસ્કારધામ નિર્માણ પામ્યું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૮-૪-૨૦૨૫ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય વિવેક-સાગરદાસ સ્વામી અને ઉત્તમપ્રકાશદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. સ્થાપનવિધિ નિમિત્તે વૈદિક સ્વામિ-નારાયણ મહાપૂજાનું આયોજન થયું હતું. પ્રતિષ્ઠા સમારોહમાં ભક્તો-ભાવિકોએ પૂજ્ય સંતોનાં પ્રેરક પ્રવચનોનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સભાના અંતે આ સંસ્કારધામમાં વિશિષ્ટ સેવા કરનાર શ્રી રમેશભાઈ પટેલ તથા અન્ય હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું.

## નાદરી ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં આવેલા નાદરી ગામે તા. ૧૯ થી ૨૧ એપ્રિલ દરમ્યાન નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો. નાદરીમાં તા. ૧૩-૧-૧૯૮૩ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ બપોરે ૧-૪૫ વાગ્યે પધાર્યા હતા ત્યારે ગ્રામજનોએ હૈયાનાં હેતથી શોભાયાત્રા દ્વારા આવકાર્યા હતા. સ્વામીશ્રીએ ભોજનગ્રહણ બાદ તુરંત અહીં યોજાયેલી પારાયણના પૂર્ણાહુતિ સત્રમાં કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ત્યારબાદ હરિભક્તોના કોડ પૂરા કરવા પથરાળ અને ચઢાણ-ઉતારવાળા રસ્તાઓમાં બેટરીના અજવાળે રાત્રે ૯ વાગ્યા સુધીમાં ૧૦૦થી વધુ પધરામણીઓ કરી હતી. અડધા દિવસમાં અપરંપાર કરુણા વરસાવી દેનારા એ પરમ હિતકારી સંતનાં પગલે પગલે અહીં સત્સંગ ખીલી ઊઠ્યો. સંતોના અવિરત વિચરણથી સૌને ખૂબ પોષણ મળ્યું. મંદિરની જરૂરિયાત ઊભી થતાં શ્રી પ્રકાશભાઈ નટવરભાઈ પટેલ અને દેવજીભાઈ પુંજાભાઈ પટેલે સત્સંગકાર્ય માટે ભૂમિ અર્પણ કરી. મંદિરના નિર્માણકાર્યમાં પટેલબંધુઓ શ્રી જયંતીભાઈ, વિઠ્ઠલભાઈ, પંકજભાઈ, વસંતભાઈ, ગોવિંદભાઈ, મિતેષભાઈનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો.

આ મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ પ્રસંગે કીર્તન આરાધના, વિશ્વશાંતિ મહાયાગ, શોભાયાત્રા, મહિલા સંમેલન, મહાપૂજાવિધિ અને ઉત્સવ-સભા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં કરકમળો વડે તા. ૪-૧૨-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ યજ્ઞપ્રિયદાસ સ્વામી, શ્રીરંગદાસ સ્વામી, મંગલપુરુષદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો. આ ઉત્સવ નિમિત્તે હરિભક્તોના ઘરે ઘરે સત્સંગદીક્ષા હોમાત્મક યજ્ઞનું આયોજન થયું હતું. સાથે સાથે સ્વયંસેવકો દ્વારા સ્વચ્છતા અને વ્યસનમુક્તિ અભિયાન દ્વારા અનેક સમાજસેવાનાં કાર્યો થયાં હતાં.





નાદરીમાં મંદિર ઉદ્‌ઘાટન કરતા પૂજ્ય યજ્ઞપ્રિયદાસ સ્વામી, કઠવાડામાં શાનદાર શોભાયાત્રાનું એક સ્મૃતિદૃશ્ય...

## કઠવાડા ખાતે યોજાયો પુનઃમૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

અમદાવાદ જિલ્લાના દશક્રોઈ તાલુકાના કઠવાડા ગામે તારીખ ૨૩ થી ૨૫ એપ્રિલ દરમ્યાન બી.એ.પી.એસ. મંદિરનો પુનઃ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ તથા દ્વિદશાબ્દી ઉત્સવ ઊજવાયો હતો. ૨૦ વર્ષ પૂર્વે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત આ મંદિરનું નવીનીકરણ થતાં, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પુનઃ પ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો હતો. આ પ્રસંગે કીર્તન આરાધના, વિશ્વશાંતિ મહાયાગ, શોભાયાત્રા, મહાપૂજાવિધિ અને ઉત્સવ સભા જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં કરકમળો વડે અગાઉ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. આ મંદિરના પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે યોજાયેલી સભામાં ભક્તો-ભાવિકોએ પૂજ્ય સંતોનાં પ્રેરક પ્રવચનોનો લાભ પ્રાપ્ત કર્યો.

## ચાંગડા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

આણંદ જિલ્લાના તારાપુર તાલુકામાં આવેલા ચાંગડા ગામે તા. ૨૮ થી ૩૦ એપ્રિલ દરમ્યાન નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આનંદભેર ઊજવાયો હતો.

ચાંગડામાં ૨૫ વર્ષ પૂર્વે સત્સંગની શરૂઆત થઈ હતી ત્યારે પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ આ

ગામમાં પધારીને અનેકઘરોમાં પધરામણીઓ કરી હતી. ત્યારપછી તો સત્સંગમંડળ સતત વિકસતું ગયું અને ગામમાં સત્સંગનો રંગ જામતો ગયો. ગામજનોએ સંસ્થા દ્વારા ઊજવાયેલા મહોત્સવોમાંથી સત્સંગ અને સત્પુરુષનો વિશેષ મહિમા હૃદયસ્થ કર્યો. આ રીતે સત્સંગની ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થતાં મંદિરની આવશ્યકતા ઊભી થઈ. શ્રી ધર્મેન્દ્રસિંહ સુરૂભા રાઓલે મંદિર માટે અર્પણ કરેલી ભૂમિ પર ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી મંદિર રચાયું, જેમાં કાંતિભાઈ ડાહ્યાભાઈ પટેલ, પ્રવીણસિંહ સુરૂભા રાઓલ, અજિતસિંહ દીપસિંહ રાઓલ, દાદુભાઈ અમરસંગ મકવાણા, દિનેશભાઈ પટેલ, ડૉ. આકાશભાઈ પટેલ (મીતલી) વગેરે હરિભક્તોનો વિશેષ સેવા-સહયોગ સાંપડ્યો હતો.



મોટા પોંઢા અને ચાંગડા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરતા પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામી અને પૂજ્ય ધર્મચરણદાસ સ્વામી...

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે મહિલાદિન, વિશ્વશાંતિ મહાયાગ, શોભાયાત્રા અને પ્રતિષ્ઠા મહાપૂજાવિધિનું આયોજન થયું હતું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા તા. ૨૫-૪-૨૦૨૩ના દિવસે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ અખાત્રીજ, તા. ૩૦-૪-૨૦૨૫ના રોજ ધર્મચરણદાસ સ્વામી અને વેદજ્ઞદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. પ્રતિષ્ઠા બાદ મહાનુભાવો અને ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં યોજાયેલી ઉત્સવ-સભામાં સંતોએ પ્રાસંગિક વક્તવ્યોનો લાભ આપ્યો હતો.

## મોટા પોંઢા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

વલસાડ જિલ્લામાં વાપી-ધરમપુર હાઈ-વે ઉપર આવેલા મોટા પોંઢામાં શ્રી ધનસુખભાઈ પ્રજાપતિના પ્રયાસથી અઠવાડિક સભાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી સત્સંગની અમરવેલ પલ્લવિત થતી રહી. અભિવૃદ્ધિ પામતા સત્સંગને વિશેષ પોષણ આપવામાં માટે મંદિરની જરૂરિયાત ઊભી થતાં શ્રી શૈલેશભાઈ દેવજીભાઈ પટેલે સત્સંગકાર્ય માટે ભૂમિ અર્પણ કરી હતી. મંદિર બાંધકામમાં શ્રી મૂકેશભાઈ, કરશનભાઈ, સંદીપભાઈ વગેરે હરિભક્તોએ અનન્ય ઉત્સાહથી વહાવેલી સમર્પણની વેદી પર નૂતન મંદિર આકાર આપ્યું.

આ મંદિરમાં પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલા વિશ્વશાંતિ મહાયાગમાં ૧૧૪ યજમાનોએ અને શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકોએ લાભ પ્રાપ્ત કર્યો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૩-૧૨-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપન-વિધિ તા. ૩-૫-૨૦૨૫ના રોજ રાજેશ્વરદાસ સ્વામી અને સંતોના હસ્તે સંપન્ન થયો હતો. પ્રતિષ્ઠા બાદ યોજાયેલી ઉત્સવ-સભામાં શ્રી જિતુભાઈ ચૌધરી(ધારાસભ્ય, કપરાડા) સહિત અનેક મહાનુભાવો અને ભક્તો-ભાવિકોએ પૂજ્ય સંતોનાં પ્રેરક વક્તવ્યોનો લાભ પ્રાપ્ત કર્યો હતો. આ વિસ્તારમાં મંગલમુનિદાસ સ્વામી, કૃપાનિધિદાસ સ્વામી વિચરણ કરીને સત્સંગને પુષ્ટિ આપી રહ્યા છે. શ્રી જિજ્ઞેશભાઈ, કેનીભાઈ, વિરલભાઈ, ડૉ. દીપકભાઈ પટેલ, ડૉ. અશોકભાઈ પટેલ, નવીનભાઈ પટેલ(નાની તંબાડી), વલ્લભભાઈ મોટકા, હેમંતભાઈ ચૌહાણ, સુરેશભાઈ, રમેશભાઈ રોહિત, મહેન્દ્રભાઈ પટેલ, ભાવિનભાઈ પટેલ(અમેરિકા), વિરલભાઈ વોરા (વાપી), કમલેશભાઈ પરીખ(આફ્રિકા), ચેતનભાઈ પટેલ(આફ્રિકા) વગેરે હરિભક્તોની વિશેષ સેવાઓથી આ ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આમ, નૂતન મંદિરોના સર્જન દ્વારા અનેકવિધ પવિત્ર આંદોલનો સર્વત્ર પ્રસરી ગયાં. ◆

# પૂર્વ આફ્રિકાના મલાવી દેશના મઝુઝુ શહેરમાં નવનિર્મિત
# બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





પૂર્વ આફ્રિકાના મલાવી દેશ ખાતે આવેલા મઝુઝુ નગરમાં તા. ૨૦-૪-૨૦૨૫ના રોજ નૂતન બી.એ.પી.એસ. મંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો. પ્રકૃતિના સૌંદર્યથી ભરપૂર આ દેશ વસ્તી, વિસ્તાર અને વ્યવસ્થાની રીતે નાનો હોવા છતાં, આ દેશમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા, હરિભક્તોના પુરુષાર્થ અને પૂજ્ય સંતોના વિચરણથી સત્સંગ શરૂ થયો હતો. સન ૨૦૧૮માં અહીં સદ્‌ગુરુ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીના હસ્તે નૂતન મંદિરનું ખાતમુહૂર્ત થયું હતું. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થતાં તેનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો.

તા. ૧૯-૪-૨૦૨૫ના રોજ આ નૂતન મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે યોજાયેલી શોભાયાત્રામાં અનેક મહાનુભાવો અને ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મઝુઝુના મેયર, સિટી કાઉન્સિલના સી.ઈ.ઓ. તથા ભારતના રાજદૂત શ્રી ગોપાલકૃષ્ણનજીનું પૂજ્ય સંતોએ સ્વાગત કર્યું હતું. આજે સ્થાનિક કાઉન્સિલે મંદિર ફરતે આવેલા માર્ગનું ‘પ્રમુખસ્વામી માર્ગ’ નામકરણ કરીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં ચરણે વિશિષ્ટ ભક્તિ-અંજલિ અર્પણ કરી હતી. સાંજે યોજાયેલી ઉત્સવસભામાં કીર્તનભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રેરક વક્તવ્યો રજૂ થયાં હતાં. ગુણાતીત ગુરુઓએ આ ખંડને આપેલા સત્સંગલાભની સ્મૃતિ કરી અને આકર્ષક આતશબાજી સાથે નૂતન મંદિરની ઝલક સૌએ માણી હતી.

પરમ પૂજ્ય સ્વામીશ્રીએ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૦-૪-૨૦૨૫ના રોજ યજ્ઞેશ્વરદાસ સ્વામી, નિખિલેશદાસ સ્વામી અને પ્રિયવ્રતદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો હતો. આ ઉત્સવમાં અનેક મહાનુભાવો સહિત વિવિધ દેશોમાંથી પધારેલા ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે યોજાયેલી ઉત્સવ-સભામાં બાળકોએ ઉત્સવ-નૃત્ય રજૂ કર્યું. મહાનુભાવોએ પોતાની ભાવોર્મિઓ રજૂ કરી હતી. પૂજ્ય સંતોનાં પ્રેરક પ્રવચનો બાદ સૌએ વીડિયોના માધ્યમથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

હિન્દુ સનાતન સંસ્કૃતિ અને ધર્મનું અદ્‌ભુત ગૌરવ લેતું આ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર હવે ભારતીય સંસ્કૃતિનો ઝળહળતો સિતારો અને સામુદાયિક સંવાદિતાનું પ્રતીક બની રહેશે. સાથે સાથે આ મંદિર દ્વારા અહીં ઊછરતી નવી પેઢીમાં હિન્દુ સંસ્કૃતિના આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક મૂલ્યોનું સિંચન થતું રહેશે. ◆

# અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં દર્શને પધાર્યા

## ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ





અબુધાબીના વિશ્વવિખ્યાત બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ખાતે તા. ૨૧-૪-૨૦૨૫ના રોજ ભારતના ૧૪મા રાષ્ટ્રપતિ અને હાલ ભારતના 'વન નેશન વન ઈલેક્શન' કમિશનના ચૅરમૅન શ્રી રામનાથ કોવિંદજી, પરિવાર સાથે દર્શને પધાર્યા હતા.

મંદિર પરિસરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ તેમનું સ્વાગત કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિશ્રીએ ભક્તિભાવપૂર્વક ભગવાનનાં દર્શન, અભિષેક અને પ્રાર્થના કરીને આ અદ્‌ભુત મંદિરની સ્થાપત્યકળાને ખૂબ આતુરતાપૂર્વક માણી હતી. ભારતીય સાંસ્કૃતિક એકતાના પ્રતીક સમાન આ મંદિરની સ્થાપત્યકળામાં સમાહિત વિવિધ મૂલ્યોને જાણીને તેઓએ ખૂબ આનંદ વ્યક્ત કર્યો હતો. અંતે પોતાની લાગણીઓને અભિવ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, 'આજે મને અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં આવવવાનું સૌભાગ્ય મળ્યું તે બદલ સંતો અને કાર્યકર્તાઓનો ખૂબ આભાર. મને લાગે છે કે શાયદ મેં પૂર્વ જન્મમાં વિશેષ પુણ્ય કર્યું હશે તેથી આજે મને આ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. મૂર્તિઓનાં દર્શન અને સ્થાપત્યકલામાં સમાહિત ભારતીય મૂલ્યોને નિહાળીને મારા મનમાં દિવ્ય આનંદ છવાઈ ગયો. અબુધાબીનું આ મંદિર, મેં રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ તરીકે જોયેલાં તમામ મંદિરોનો જાણે ઉત્તમ સંગમ છે.

મને લાગે છે કે હિન્દુ સંસ્કૃતિ અને ભારતીય સનાતન પરંપરાને સમજવી હોય તો આ મંદિરની મુલાકાત અવશ્ય લેવી જોઈએ. ભવિષ્યમાં આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર વિશ્વમાં સંવાદિતા અને શાંતિનું કેન્દ્ર બની રહેશે. અત્યારે સમગ્ર વિશ્વમાં સંઘર્ષ ચાલી રહ્યો છે ક્યારેક તો એવું લાગે છે કે આપણે યુદ્ધની નજીક આવીને ઊભા રહ્યા છીએ. સૌ આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે ઈચ્છે છે. દરેક ધર્મ શાંતિ અને સંવાદિતાની પ્રેરણા આપે છે. સ્વામિનારાયણ પરંપરા સાથે જોડાયેલું આ વિશાળ મંદિર વિશ્વશાંતિનો સંદેશ આપે છે. આ મંદિરની પ્રસંશા માટે મારી પાસે શબ્દ જ નથી. અહીં સંતોની વિદ્વત્તા, મહાનતા, આધ્યાત્મિક્તાનાં દર્શન થયાં, તેથી હું મારી જાતને સૌભાગ્યશાળી માનું છું. યુ.એ.ઈ.ના રાજવી પરિવારે આ મંદિર નિર્માણ પાછળ જે ઉદારતા દાખવી છે તે બદલ હું ખુદાને, ઈશ્વરને પ્રાર્થના કરું છું કે તેઓનું અને તેમના પરિવારનું સ્વાસ્થ્ય સારું રહે. એવી મારી શુભકામનાઓ...'

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીની અબુધાબી બી.એ.પી.એસ. હિન્દુ મંદિરની આ મુલાકાત ભારત અને યુ.એ.ઈ. વચ્ચેના ગાઢ સંબંધોનું વધુ એક પ્રતીક બની રહી. ◆

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - પરદેશનાં કેન્દ્રોનું પરિણામ - માર્ચ ૨૦૨૫

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પ્રતિ વર્ષ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ યોજાય છે. દેશ-વિદેશનાં કેન્દ્રોમાં લેવાતી આ પરીક્ષાઓ દ્વારા હજારો આબાલવૃદ્ધો ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તથા સંપ્રદાયની ઉપાસનાનું પાયાનું જ્ઞાન અને સંસ્કાર મેળવે છે.

૨૦૨૫ના વર્ષમાં માર્ચ માસમાં લેવાયેલી પરીક્ષા અંતર્ગત પરદેશનાં **૭૦** પરીક્ષા કેન્દ્રોમાં પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની **૭** પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૩,૦૫૦** પરીક્ષાર્થીઓ બેઠાં હતાં. તેમાંથી કુલ **૩૪.૫૬ ટકા** પરિણામ સાથે **૧,૦૫૪** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયાં હતાં.

**– પરીક્ષા વ્યવસ્થાપક**

## પરદેશના પારિતોષિક વિજેતાઓની યાદી

### સત્સંગ પ્રારંભ (કુલ ગુણ ૧૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-દેશ |
|---|---|---|---|
| ૧. | પિન્કીબહેન અલ્પેશકુમાર પટેલ | ૯૯ | ઈસ્ટ લંડન, યુ.કે. |
| ૨. | યશોધા માનાસા હરિક્રિષ્નન્ | ૯૮ | અબુધાબી, યુ.એ.ઈ. |
| ૨. | માલવિકા જયલક્ષ્મી હરિક્રિષ્નન્ | ૯૮ | અબુધાબી, યુ.એ.ઈ. |
| ૩. | કુસુમ ચંદ્રકાંત મિસ્ત્રી | ૯૭ | અબુધાબી, યુ.એ.ઈ. |
| ૪. | નેહા કુલદીપ સોની | ૯૬ | અબુધાબી, યુ.એ.ઈ. |
| ૫. | રશ્મિ પરેશ પટેલ | ૯૫ | અબુધાબી, યુ.એ.ઈ. |
| ૫. | નુપૂર દીપ પટેલ | ૯૫ | અબુધાબી, યુ.એ.ઈ. |
| ૫. | દર્શન હસમુખભાઈ પટેલ | ૯૫ | સાઉથ ઈસ્ટ લંડન, યુ.કે. |

### સત્સંગ પ્રવેશ (કુલ ગુણ ૧૫૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-દેશ |
|---|---|---|---|
| ૧. | નિધિબહેન સમીરભાઈ જોબનપુત્રા | ૧૪૦ | લીલોંગ્વે, મલાવી |
| ૨. | ચાર્મી દેવલકુમાર ઓઝા | ૧૩૭ | કોપનહેગન, ડેન્માર્ક |
| ૩. | માહી જીગર પટેલ | ૧૩૫ | મોમ્બાસા, કેન્યા |
| ૪. | હિરલ ઉત્તમભાઈ દરજી | ૧૩૧ | દાર-એ-સલામ,ટાન્ઝાનિયા |
| ૪. | કીર્તિ હર્ષદ શાહ | ૧૩૧ | મ્વાન્ઝા, ટાન્ઝાનિયા |
| ૫. | નિયતી મોહિનકુમાર પટેલ | ૧૩૦ | લેસ્ટર, યુ.કે. |

### સત્સંગ પરિચય (કુલ ગુણ ૧૫૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-દેશ |
|---|---|---|---|
| ૧. | ઉન્નતિબહેન ભરતભાઈ પ્રજાપતિ | ૧૩૦ | સોહર, મીડલ ઈસ્ટ |
| ૨. | સોનલ વિરાગ મહેતા | ૧૨૭ | હેમ્બર્ગ, જર્મની |
| ૩. | રોનક દીપકભાઈ જાની | ૧૨૪ | નૈરોબી, કેન્યા |
| ૪. | કૃપાલી જયનિલ સુથાર | ૧૨૦ | લુસાકા, ઝામ્બિયા |
| ૫. | અસ્મિતા ચંદ્રેશ સભાયા | ૧૧૮ | દાર-એ-સલામ,ટાન્ઝાનિયા |
| ૫. | ભાર્ગવી જિજ્ઞેશ દેસાઈ | ૧૧૮ | એડીનબર્ગ, સ્કોટલેન્ડ |

### સત્સંગ પ્રવીણ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-દેશ |
|---|---|---|---|
| ૧. | કિરણબહેન નરેશ વઘાસીયા | ૧૫૮ | સોહર, મીડલ ઈસ્ટ |
| ૨. | જય દિલીપભાઈ ચોવટીયા | ૧૫૬ | લંડન, યુ.કે. |
| ૩. | તૃપ્તિબહેન શૈલેષકુમાર પટેલ | ૧૫૩ | સોહર, મીડલ ઈસ્ટ |
| ૪. | સોનલબહેન ભરતભાઈ પટેલ | ૧૫૦ | કમ્પાલા, યુગાન્ડા |
| ૫. | દીપ્તિ જીતેનકુમાર પટેલ | ૧૪૫ | લંડન, યુ.કે. |

### સત્સંગ પ્રાજ્ઞ - ૧ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-દેશ |
|---|---|---|---|
| ૧. | હેતલબહેન અમીત મુલાણી | ૧૮૨ | સોહર, મીડલ ઈસ્ટ |
| ૨. | ભૂપત રમેશભાઈ કાનાણી | ૧૮૦ | કુવૈત, મીડલ ઈસ્ટ |
| ૩. | કલ્પેશ મગનભાઈ અઝોલીયા | ૧૭૮ | કુવૈત, મીડલ ઈસ્ટ |
| ૪. | મીરાં આશિષ ત્રિવેદી | ૧૬૭ | લંડન, યુ.કે. |
| ૫. | દયાબહેન ભુપતભાઈ કાનાણી | ૧૬૫ | કુવૈત, મીડલ ઈસ્ટ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૨ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-દેશ |
|---|---|---|---|
| ૧. | નમ્રતા પ્રશાંત શાહ | ૧૭૧ | દાર-એ-સલામ, ટાન્ઝાનિયા |
| ૨. | રાધા ચિંતન ચોકસી | ૧૬૪ | લીડ્સ, યુ.કે. |
| ૩. | મીતુલ રમણભાઈ સોલંકી | ૧૫૫ | રુવૈસ, યુ.એ.ઈ. |
| ૪. | ભૂમિકા અજય ડોલિયા | ૧૪૯ | અબુધાબી, યુ.એ.ઈ. |
| ૫. | સ્નેહા પરેશકુમાર પટેલ | ૧૪૩ | મસ્કત, મીડલ ઈસ્ટ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૩ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-દેશ |
|---|---|---|---|
| ૧. | પાર્થવી જીગરભાઈ ભાવસાર | ૧૮૬ | નૈરોબી, કેન્યા |
| ૨. | સરોજ નરેન્દ્ર સોલંકી | ૧૮૪ | સોહર, મીડલ ઈસ્ટ |
| ૩. | પ્રણવ મયુરકુમાર પંડ્યા | ૧૮૨ | સોહર, મીડલ ઈસ્ટ |
| ૪. | અર્ચના અશ્વિનભાઈ પટેલ | ૧૮૦ | એલ્ડોરેટ, કેન્યા |
| ૫. | ભાવિશા જયેશ પટેલ | ૧૭૧ | એલ્ડોરેટ, કેન્યા |

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - દેશનાં કેન્દ્રોનું પરિણામ - માર્ચ ૨૦૨૫

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પ્રતિવર્ષ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ યોજાય છે. દેશ-વિદેશનાં કેન્દ્રોમાં લેવાતી આ પરીક્ષાઓ દ્વારા હજારો આબાલવૃદ્ધો ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તથા સંપ્રદાયની ઉપાસનાનું પાયાનું જ્ઞાન અને સંસ્કાર મેળવે છે.

૨૦૨૫ના વર્ષમાં માર્ચ માસમાં લેવાયેલી પરીક્ષા અંતર્ગત પરદેશનાં **૨૧૯** પરીક્ષા કેન્દ્રોમાં કાર્યકરો માટેની સત્સંગ પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની **૭** પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૭,૫૬૨** પરીક્ષાર્થીઓ બેઠાં હતાં. તેમાંથી કુલ **૪૦.૪૮ ટકા** પરિણામ સાથે **૩,૦૬૧** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયાં હતાં.

**– પરીક્ષા વ્યવસ્થાપક**

## દેશના પારિતોષિક વિજેતાઓની યાદી

### સત્સંગ પ્રારંભ (કુલ ગુણ ૧૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | ખોડિદાસભાઈ મોહનભાઈ શિયાળ | ૯૮ | લાટીબજાર, ભાવનગર |
| ૨. | ઉન્નતિ ધવલકુમાર પરમાર | ૯૭ | હિંમતનગર |
| ૩. | હીરલ દેવેશ ચાવડા | ૯૬ | અટલાદરા, વડોદરા |
| ૩. | ક્રિષ્નાબહેન વિશાલચંદ્ર પટેલ | ૯૬ | કરજણ |
| ૪. | નિહાર વિજયભાઈ ગામીત | ૯૫ | નડિયાદછાત્રાલય, નડિયાદ |
| ૪. | હાર્દ વિપુલભાઈ વડોદરીયા | ૯૫ | નડિયાદછાત્રાલય, નડિયાદ |
| ૫. | મનોજકુમાર કમાભાઈ ખરાત | ૯૪ | નાનાપોંઢા |

### સત્સંગ પ્રવેશ (કુલ ગુણ ૧૫૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | અમૃતાબહેન યોગેશકુમાર પટેલ | ૧૪૩ | મણિનગર,અમદાવાદ |
| ૨. | નિકેતાબહેન આનંદભાઈ શુક્લા | ૧૪૧ | માનસનગર, ભરૂચ |
| ૩. | ચૈતન્ય નીલેશભાઈ પંચાલ | ૧૪૦ | કીમ |
| ૪. | જીનલ રાકેશભાઈ પટેલ | ૧૩૮ | અક્ષરમંદિર, ગોંડલ |
| ૫. | યામિનીબહેન ચિરાગકુમાર પટેલ | ૧૩૭ | ત્રાલસા, સીમલિયા |

### સત્સંગ પરિચય (કુલ ગુણ ૧૫૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | રસિકભાઈ રતિલાલ પટેલ | ૧૩૮ | વિરમગામ |
| ૧. | હેમાંગ રસિકભાઈ ગોહિલ | ૧૩૮ | રાજકોટછાત્રાલય,રાજકોટ |
| ૨. | કલ્યાણી વિનોદભાઈ રાવલ | ૧૩૬ | અમરેલી |
| ૩. | ભૂમિકા મહેન્દ્ર રૂપાણી | ૧૩૫ | અક્ષરવાડી, સુરત |
| ૩. | પ્રિયાંકકુમાર દિનેશભાઈ પટેલ | ૧૩૫ | નડિયાદછાત્રાલય,નડિયાદ |
| ૪. | સ્વાતિ તિલક શાહ | ૧૩૩ | ઘાટકોપર(વેસ્ટ),મુંબઈ |
| ૫. | જૈમિનકુમાર રસિકલાલ પટેલ | ૧૩૧ | કોલેજ રોડ, નડિયાદ |
| ૫. | મીતા વિપુલ દરજી | ૧૩૧ | બોરીવલી(વેસ્ટ),મુંબઈ |

### સત્સંગ પ્રવીણ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | હિરેન રસિકભાઈ પાથર | ૧૭૫ | નડિયાદછાત્રાલય,નડિયાદ |
| ૨. | જ્યોત્સનાબહેન ગિરીશભાઈ પટેલ | ૧૭૧ | સોજીત્રા |
| ૩. | દક્ષાબહેન અશોકભાઈ પટેલ | ૧૬૫ | ધંધુકા |
| ૪. | પ્રજ્ઞાબહેન પંકજભાઈ પારેખ | ૧૬૩ | અક્ષરવાડી, ભાવનગર |
| ૫. | સ્નેહલતાબહેન પિનાકીનકુમાર પટેલ | ૧૬૦ | ધરમપુર |

### સત્સંગ પ્રાજ્ઞ - ૧ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | નીશાબહેન જયેશભાઈ રૈયાણી | ૧૭૨ | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૨. | મહેશ ઈશ્વરભાઈ સુથાર | ૧૭૦ | સેક્ટર-૨૦, ગાંધીનગર |
| ૩. | જોસનાબહેન ગોરધનભાઈ ચાવડા | ૧૬૮ | દીપાંજલી, જૂનાગઢ |
| ૪. | હર્ષદ નારાયણભાઈ પ્રજાપતિ | ૧૬૫ | સેક્ટર-૨૦, ગાંધીનગર |
| ૫. | સ્મિતાબહેન પિયુષભાઈ પટેલ | ૧૬૩ | ઘાટલોડિયા, અમદાવાદ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૨ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | પારુલબહેન હૃદયકુંજભાઈ પટેલ | ૧૮૪ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૨. | હિનાબહેન પરેશભાઈ સુરાણી | ૧૭૭ | સુભાષનગર, રાજકોટ |
| ૩. | વસુધા હર્ષદ પ્રજાપતિ | ૧૭૧ | સેક્ટર-૨૦, ગાંધીનગર |
| ૪. | મનીષા વિનોદભાઈ ઠક્કર | ૧૬૮ | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૫. | અંજનાબહેન રજનીકાંતભાઈ પટેલ | ૧૫૬ | કૉલેજ રોડ, નડિયાદ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૩ (કુલ ગુણ ૨૦૦)


| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | જાગૃતિબહેન જયેશભાઈ પટેલ | ૧૮૮ | કારેલીબાગ, વડોદરા |
| ૧. | જિજ્ઞાબહેન શૈલેષભાઈ ડાંખરા | ૧૮૮ | અક્ષરવાડી, સુરત |
| ૨. | બંસીબહેન કિશોરભાઈ દાવડા | ૧૭૦ | મણિનગર,અમદાવાદ |
| ૩. | સંજયભાઈ પોપટભાઈ ધોળા | ૧૬૧ | અક્ષરવાડી, સુરત |
| ૪. | કલ્યાણીબહેન રાજેશભાઈ મોકાસદર | ૧૫૫ | દાદર, મુંબઈ |
| ૫. | હિમાલીબહેન પરેશભાઈ ઘોડાસરા | ૧૫૨ | દીપાંજલી, જૂનાગઢ |

## પૂજ્ય નિર્ગુણદાસ સ્વામી, વડોદરા, ઉં.વ. ૮૨, તા. ૧૧-૫-૨૦૨૫



છેલ્લાં ૫૦ વર્ષોથી વડોદરા ખાતે અટલાદરામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં નિષ્ઠાપૂર્વક સેવા આપતા પૂજ્ય નિર્ગુણજીવનદાસ સ્વામી અક્ષરનિવાસી થતા સંસ્થાને સદ્ગુણ સંપન્ન સંતની ખોટ પડી છે. પૂર્વાશ્રમથી જ અટલાદરા મંદિરમાં યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા પ્રમાણે દરેક પ્રકારની સેવામાં જોડાયેલા નિર્ગુણજીવનદાસ સ્વામીએ, સન ૧૯૭૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા દીક્ષા ગ્રહણ કરી હતી. દીક્ષા બાદ તેઓએ અટલાદરા મંદિરમાં અનેક અગવડની વચ્ચે રહી મંદિરની એકાઉન્ટ, બાંધકામ, ઉતારા, સરભરા જેવી તમામ સેવાઓ ખૂબ જ ખંતપૂર્વક સંભાળી હતી. ખૂબ ભીડો વેઠીને, શરીરે જ્યાં સુધી સાથ આપ્યો ત્યાં સુધી ઉત્સાહથી તેમણે દરેક પ્રકારની સેવા કરી હતી. તેઓનું જીવન ખૂબ જ સાદાઈ અને કરકસરયુક્ત હતું. હરિભક્તો સાથે પણ ખૂબ આત્મીયતા હતી. તેઓના પૂર્વાશ્રમના પિતાશ્રી પરમ ભગવદીય શ્રી ફુલાભાઈ મિસ્ત્રી, શાસ્ત્રીજી મહારાજના વખતના નિષ્ઠાવાન ભક્તરાજ હતા. આ પરિવારમાંથી સમર્પિત થયેલા અન્ય પાંચ સંતો આજે પણ સંસ્થામાં મહત્ત્વપૂર્ણ સેવાઓ આપી રહ્યા છે. તેઓ ઘણા સમયથી વડોદરા ખાતે શાસ્ત્રીજી મહારાજ હોસ્પિટલમાં બ્રેન સ્ટ્રોકની સારવાર લઈ રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ, ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી સેવાનો ઉત્તમ આદર્શ પૂરો પાડનાર પૂજ્ય નિર્ગુણજીવનદાસ સ્વામીને હૃદયથી શ્રદ્ધાંજલિ. ◆

## ભક્તરાજ શ્રી પુરુષોત્તમભાઈ શંકરભાઈ પટેલ, સુરત, ઉં.વ. ૯૬, અક્ષરવાસ તા. ૯-૪-૨૦૨૫



‘દાસકાકા’ના હુલામણા નામથી પ્રખ્યાત નિષ્ઠાવાન અને આદર્શ પીઢ હરિભક્ત શ્રી પુરુષોત્તમભાઈ પટેલ મૂળ પાડગોલના વતની હતા. બી.એ.પી.એસ. સંસ્થાની વહીવટી કમિટીના પૂર્વ ટ્રસ્ટી, સુરત મંદિરના મુખ્ય ખજાનચી અને સંનિષ્ઠ ભક્તરાજ શ્રી આશાકાકાના ભાણેજ એવા પુરુષોત્તમભાઈ ૧૭ વર્ષની વયે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદ લઈને એડન(આફ્રિકા) નોકરી માટે સ્થાયી હતા. ત્યાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના વિશેષ યોગમાં આવ્યા. ત્યારબાદ સન ૧૯૭૦માં દેશમાં પરત આવીને સુરતમાં વ્યવસાય અર્થે સ્થાયી થયા. અહીં તેમના નિવાસસ્થાને (નવચેતન સોસાયટી)માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે નિવાસ કર્યો હતો. કાર્યદક્ષ અને કર્મઠ પ્રતિભાને લીધે તેમણે જીવનના છેલ્લા શ્વાસ સુધી મંદિરના ખજાનચી તરીકે સેવા કરી હતી. પોતાના ગામમાં પ્રાથમિક શાળા અને બી.એ.પી.એસ. મંદિરના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ સત્સંગ પ્રણાલિકાઓને ચુસ્તપણે અનુસરતા રહ્યા અને પરિવારજનોને પણ સત્સંગનો જ વારસો આપ્યો. આ વખતના સ્વામીશ્રીના સુરત આગમન દરમ્યાન બી.એ.પી.એસ. પ્રમુખસ્વામી હોસ્પિટલમાં તેઓ હોસ્પિટલમાં દાખલ થયેલા. સ્વામીશ્રીના આશીર્વાદ પામીને તેઓ અક્ષરવાસી થયા છે. તેમના અક્ષરવાસથી સંસ્થાને નિષ્ઠાવાન અને પીઢ હરિભક્તની ખોટ પડી છે તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆

## ભક્તરાજ શ્રી ભાનુભાઈ પુરુષોત્તમદાસ પટેલ, પ્રેસ્ટન, ઉં.વ. ૭૮, અક્ષરવાસ તા. ૩-૫-૨૦૨૫



મૂળ ચરોતરના ગાનાના વતની અને પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળના પાયાના હરિભક્ત શ્રી પુરુષોત્તમદાસના (શ્રી હરમાનભાઈના બંધુ) સુપુત્ર શ્રી ભાનુભાઈ પૂર્વ આફ્રિકામાં મોમ્બાસા ખાતે એક સક્રિય સેવક તરીકે વર્ષો સુધી સેવા કરતા રહ્યા હતા. તેમના બંધુ શ્રી ઘનશ્યામભાઈ અને તેઓ મોમ્બાસા ખાતે યુવક મંડળના એક અદના કાર્યકર બની ગયા હતા. ત્યારબાદ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી તેઓ ઇંગ્લેન્ડ સ્થાયી થયા હતા. ઇંગ્લેન્ડમાં પ્રેસ્ટન સત્સંગમંડળના વિકાસમાં તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું. વર્ષો સુધી અહીં વિવિધ સેવાઓ આપનાર શ્રી ભાનુભાઈએ પોતાના સુપુત્રને પ્રમુખસ્વામી મહારાજનાં ચરણોમાં અર્પણ કરીને તેમનો વિશેષ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. (જેઓ હાલ મુંબઈ ખાતે સાધુ દિવ્યમુનિદાસ તરીકે સેવાઓ આપી રહ્યા છે.) આવા નિષ્ઠાવાન, નિયમ-નિશ્ચય-પક્ષ યુક્ત અને સેવાભાવી હરિભક્ત શ્રી ભાનુભાઈના અક્ષરવાસથી ઇંગ્લેન્ડમાં એક સંનિષ્ઠ ભક્તરાજની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ. ◆







સુરતમાં નિર્માણાધીન અક્ષરધામ પરિસરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા પ્રાર્થના મંદિરમાં સંપન્ન થયો મૂર્તિપ્રતિષ્ઠાવિધિ. આ અવસરે પ્રાર્થના મંદિર અને અક્ષરધામ પરિસરમાં હજારો હરિભક્તોએ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવને વધાવ્યો હતો. (તા. ૩૦-૪-૨૦૨૫, અખાત્રીજ)



Swaminarayan Prakash Gujarati, June 2025, Published on 1-6-2025. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.







ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સુરતમાં નિર્માણાધીન સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં સુંદર પ્રાર્થના મંદિર રચાયું છે. આ પ્રાર્થના મંદિરના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૭ અને ૨૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ અક્ષરધામના પરિસરમાં શ્રી સ્વામિનારાયણ મહાયાગનું આયોજન થયું, જેમાં હજારો ભક્તોએ યજ્ઞનારાયણને આહુતિ અર્પી હતી. મહાયાગના બંને દિવસે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે યજ્ઞશાળામાં પધારી યજ્ઞનારાયણને આરતી-અર્ઘ્ય અર્પ્યું હતું, સાથે સાથે સૌ યજમાનો તને-મને-ધને સુખી થાય તેવા આશીર્વાદ અર્પ્યા હતા.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas